વ્યવહાર કૌશલ્ય

વિભાગ ૨ જો

લેખસંખ્યા ૫૦ (૫૧ થી ૧૦૦

☆

લેખક : મૌક્તિક

કલિકટનિવાસી શેઠ નાગજીભાઈ પુરુષોત્તમદાસ
આર્થિક સહાયથી

છપાવી પ્રસિદ્ધ કરનાર
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

દ્વિતીયાવૃત્તિ

વીર સં. ૨૪૬૫] મૂલ્ય ૦-૩-૦ [વિક્રમ સં. ૧૯૯૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ,
શ્રી મહોદય પ્રિંટિંગ પ્રેસ, દાણાપીઠ, ભાવનગર

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

બીજી આવૃત્તિનું
નિવેદન

આ વ્યવહાર કૌશલ્યના લેખો ' **શ્રી જૈન ધર્મ પ્રકાશ** ' નાં પુ. ૫૦ના અંક ૧ લાથી પ્રગટ કરવા શરૂ કરેલા તે પુ. ૫૧ ના અંક ૧૦ સુધીમાં ૫૦ લેખો આવેલા તે ભાગ ૧ લા તરીકે પ્રગટ કરેલા છે. ત્યારપછીના ૫૦ લેખો (૫૧ થી ૧૦૦ સુધીના) આ બીજા વિભાગમાં પ્રગટ કરવામાં આવ્યા છે. તે પુ. ૫૧ ના અંક ૧૧ માંથી પુ. ૫૩ ના અંક ૫ મા સુધીમાં પ્રગટ થયેલા છે. એકંદર **લેખશતક** પૂર્ણ થયેલ છે. બંને વિભાગો ભેળા પણ બંધાવવામાં આવ્યા છે.

આ તમામ લેખો ભાઇ મોતીચંદ ગિરધરલાલના લખેલા છે. તે સંબંધી હકીકત આ સાથેના આમુખમાં તેમણે લખેલ છે. આગળ લેખો લખવાનું તેમણે શરૂ રાખેલ છે અને તે ' શ્રી જૈન ધર્મ પ્રકાશ ' માં પ્રગટ કરવાનું પણ શરૂ રાખેલ છે.

આ બીજી આવૃત્તિ છપાવવામાં શ્રી કલિકટનિવાસી શેઠશ્રી **નાગજીભાઈ પુરુષોત્તમદાસે** આર્થિક સહાય આપેલી છે. એમની અભિલાષા આવું સાહિત્ય સવિશેષ પ્રગટ કરવાનો છે.

સં. ૧૯૯૫
અશાડ શુદિ ૧૫

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રથમાવૃત્તિનો આમુખ

જેલનિવાસ દરમ્યાન છ માસના વસવાટ પછી 'ટાઇમ્સ ઑફ ઇંડિયા' છાપું મળવા લાગ્યું. તેના મુખ્ય લેખ પર દરરોજ 'આજનો વિચાર' (Thought for to-day) આવે છે. તેમાંથી એક બે ઉતારા લખી લીધા. તે પર વિનોદ તરીકે લેખ લખ્યા પછી તો લેખનકાર્ય ચાલુ થઇ ગયું. આ લેખમાળા જેલવાસ પછી પણ ચાલુ રહી છે. એમાં સનાતન સત્યો, અનુભવના ઉદ્દગારો અથવા વ્યવહારની ચાવીઓ છે, રાષ્ટ્રહિત કે ધર્મભાવનાને વિરોધ ન આવે એવા વિચારો પર વિવેચન કર્યું છે. અમુક મર્યાદામાં જ લેખ પૂરો કરવો જોઇએ એવો લેખસંયમ રાખ્યો છે. એ ધોરણે સદર દૈનિક અને સાંજ-વર્તમાન વિગેરેમાંથી ઉદ્ધૃત વિચારોનો પણ અત્ર ઉલ્લેખ છે. વ્યવહારનું વ્યવસ્થિત પોષણ અને જીવનસફળતાની ચાવીઓ એમાંથી મળે તેમ લાગે છે. દેખીતા વિરોધ લાગે તેવા સૂત્રો પણ અપનાવી શકાય છે. એમાં એના ઘણા દાખલાઓ છે. એ સામાન્ય જનતાને ઉપયોગી લેખાવલિ છે. ધર્મ કે સમાજ, રાજકારણ કે અર્થશાસ્ત્રના મતભેદને એમાં સ્થાન નથી. સાર્વત્રિક કરવાનો આદર્શ સન્મુખ રાખ્યો છે. જનતા એને એ દૃષ્ટિએ જુએ. વીશ પછીના સર્વ લેખો જેલની બહાર આવ્યા પછી લખાયેલા છે. અત્યારે પણ પ્રેરણા થાય ત્યારે સદર આદર્શ, મર્યાદા અને સંયમ ધ્યાનમાં રાખી આગળ લખવાનું કામ ચાલ્યા કરે છે.

ચોપાટી, સીફ્રેસ, મલબાર વ્યુ.
મુંબઈ. તા. ૨૮-૮-૧૯૩૭

મૌક્તિક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યવહાર કૌશલ્ય

વિભાગ ૨ જો

લેખક-મૌક્તિક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યવહાર કૌશલ્ય

(૫૧)

" જો તમે ભૂલ્યા હો તો તેને માટે શોચ કરો; જો તમારા પ્રત્યે કોઇએ ભૂલ કરી હોય તો તે ભૂલી જાઓ. "

અનેક રીતે ભૂલ થઇ જાય છે--કોઇ વાર ઇચ્છાએ અને કોઈ વાર અનિચ્છાએ, કોઇ વાર અતિ વિશ્વાસથી અને કોઇ વાર બિનઆવડતથી, કોઈ વાર બેદરકારીથી અને કોઈ વાર ચાલી જશે એવી માન્યતાથી. સ્ખલના તો આ જિંદગીમાં ડગલે ને પગલે થયા જ કરે છે. જ્યાંસુધી આપણો સ્વભાવ દૈવી ન બની જાય ત્યાંસુધી ભૂલ તો થવાની જ. અંગ્રેજીમાં કહેવત છે–To err is human. પણ ભૂલ થાય તે પછી કયું વલણ લેવું તેમાં કુશળતા દાખવવાની છે.

ઘણા માણસો ભૂલનો બચાવ કરવાની લતવાળા હોય છે, પોતે ભૂલ કરી છે એમ કબૂલ કરતાં સંકોચાય છે, કેટલાક તેવા સ્વીકારમાં માનહાનિ સમજે છે અને કોઈ ભૂલને ઓળખતા પણ નથી. સજ્જનનું કામ પોતાની ભૂલ જણાય કે તુરત ક્ષમા માગવાનું છે, દિલગીરી દર્શાવવાનું છે, ખેદ પ્રદર્શિત કરવાનું છે. ભૂલ માટે શોચ કરવામાં નાનપ નથી, એમાં ખરી વીરતા છે, ઉચ્ચતા છે, મહાનુભાવતા છે. વ્યવહારમાં કહેવત છે કે ' નમ્યો તે પ્રભુને પણ ગમ્યો. ' એનો આશય એ છે કે ભૂલનો સ્વીકાર એ સાચી ગૃહસ્થાઈ છે. જરા પણ સંકોચ વગર થયેલ દોષને માટે ક્ષમા યાચવી અને બનતી રીતે ભવિષ્યમાં તેવી ભૂલ ન કરવાનો નિશ્ચય કરવો એ ઉમદા ગુણ છે. એને જૈન પરિભાષામાં ' પ્રતિક્રમણ ' કહેવામાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવે છે. અંતરંગથી સાચો પસ્તાવો થાય તો એની પછવાડે મહાન્ સદ્‌ગુણો ચાલ્યા આવે છે. 'क्षमा वीरस्य भूषणम्' કહેવાય છે એ તદ્દન સાચી વાત છે.

આ તો આપણે પોતે કરેલી ભૂલ કે સ્ખલના માટે વાત થઇ. અન્ય કોઇએ તમારું દિલ દુભાવ્યું હોય, તમારી તરફ અપ્રીત બતાવી હોય, તમારી નિંદા કરી હોય, તમારું અપમાન કર્યું હોય, તો તે વાતને વિસરી જાઓ, જાણે બની જ નથી એવું વલણ લો અને કોઇ પણ પ્રસંગે કીન્નો લેવાની વૃત્તિ છોડી દો. તમારી કોઇ ચીજ અન્યથી લઇ શકાતી નથી અને તમે હલકા પડવાના જ નથી એમ ધારો. અને બીજા લઇ લઇને તમારું શું લઇ લેવાના છે? આ તો નાનકડી ધમાલ છે, બાકી સાચું તમારું છે તે તો તમારું જ રહેવાનું છે. કોઇનું દીધેલું રહેતું નથી અને કોઇની આપેલી પ્રતિષ્ઠા ટકતી નથી. ખૂબ આનંદમાં રહેવું, વૃત્તિને વિશાળ રાખવી અને સર્વત્ર મૈત્રી રાખવી. અન્યનાં દોષ, સતાવણી કે ઇર્ષ્યા તરફ લક્ષ્ય ન આપવું અને અપાઇ ગયું હોય તો તેને ભૂલી જવું. વિશિષ્ટ વર્તનનો પાયો 'ખમવું અને ખમાવવું' એ બે શબ્દોમાં આવી રહે છે અને અંતે આવી નરમાશ બતાવનાર જ ગુણપ્રાપ્તિમાં આગળ વધે છે. જીવનનો ખરો સાર નમ્રતા અને ક્ષમામાં જ રહેલો છે. અન્યની ક્ષમા માગવી અને વગરસંકોચે ક્ષમા આપવી એ આત્માને ઉન્નત કરનારો પ્રાથમિક ગુણ છે. એમાં કાંઇ પણ ખોવાનું નથી. એના અમલમાં સાચો નિજાનંદ છે.

" If you are wrong, regret it; but
If you are wronged, forget it." (18-3-34) Calr.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૫૨)

" બેંકની પાસબુકમાં જેમ નાણું કેટલું છે તે પર જીવનની ફતેહની ગણતરી થતી નથી, પણ જીવનને સંતોષ અને આત્મતૃપ્તિ આપનાર સ્વાર્થત્યાગ અને સારાં કામો પર તેની ગણતરી થાય છે. "

સરવૈયામાં જમે બાજુનો છેવટનો વધારો જોઈ આ જીવ હરખાઇ જાય છે અને ગયા વર્ષની બાકીના જમે કરતાં આ વર્ષની આખરે થોડા હજાર કે લાખ ઓછા થાય ત્યારે એને આઘાત થાય છે.

એની બેંકની પાસબુકમાં વધારે નાણું ફાજલ દેખાય ત્યારે એ રાજી થાય છે અને ચોપડામાં દેવી રકમો (જમે બાજુએ) વધારે દેખાય ત્યારે એ હાંફળોફાંફળો થઈ જાય છે. એ વટાવખાતાના વધારાને વધાવે છે અને ખર્ચખાતાના વધારાને નિંદે છે. એ સોનાની લગડીઓ કે રૂપાની પાટો જોઇ રાજી રાજી થઈ જાય છે અને હુકમનામાની પાકી નકલો પોતાની ઉપર લગાડાતી જોઈ રડવા બેસી જાય છે. આ સર્વ ખોટી ગણતરી છે. જમે રકમ, રોકડ પુંજી, બેંકમાં વધારો કે સોના રૂપાનો સંગ્રહ એ જિંદગીની ફતેહનો સાચો સરવાળો નથી, એ રકમની ગુરુતામાં ખાસ ગૌરવ નથી અને એ ઢગલાના મોટાપણામાં સાચી મહેલાતો નથી. નવ નંદરાજાએ સોનાની નવ ડુંગરીઓ ખડકાવી હતી, પણ એ રાજાઓ ગયા અને ડુંગરીઓ પણ શીર્ણવિશીર્ણ થઈ ગઇ. એના પર જીવનની ફતેહનો આંક બાંધવો એ ખાલી કલ્પના જ છે. એમાં વસ્તુતઃ કાંઇ મજા નથી, મોજ નથી, સાચો આનંદ નથી.

જો જીવનની ફતેહના સાચા સરવાળા કરવા હોય તો કેટલો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વાર્થત્યાગ કર્યો, કેટલા રડતાનાં આંસુ લુંછ્યાં, કેટલી મોડી રાતો વેઠી જનતાના સુખ માટે ભોગ આપ્યા, કેટલા વહેલા ઊઠી દીન-દુ:ખીને દ્વારે પહોંચી ગયા, નદીમાં પૂર આવ્યાં હોય ત્યારે જીવને જોખમે કેટલાને બચાવ્યા અને દુષ્કાળ, પ્લેગ, ભૂકંપ, જળપ્રલય વિગેરે વિકટ વખતે કેટલી સેવા બજાવી ? એના સરવાળા કરો. કેટલાં સારા કૃત્યો કર્યાં, કેટલાં સુપાત્રને દાન આપ્યાં, કેટલા વ્યાધિગ્રસ્તને ઔષધાલય-રૂગ્ણાલયમાં દાખલ કરી-કરાવી વ્યાધિ મટાડવા પ્રયત્નો કર્યા-એવા સુકૃત્યોના સરવાળો કરો. એ સાચી રોકડ પુંજી છે. એ કાર્યમાં આત્મસંતોષ છે, એના વિચારમાં નિરતિશય આનંદ છે. એના ઉચ્ચાર કે અમલમાં આંતરનો પ્રમોદ છે. તિજોરીઓ ભરવામાં મજા નથી, સંતોષ નથી, જિંદગીની સાધ્યપ્રાપ્તિ નથી. વધારે મળશે એમ વધારે લોભ થશે, હજારે લાખની અને લાખે કરોડની પિપાસા થશે. બેંકની બાકી રકમ જોઇ કોઇ હાશ કરીને બેઠું નથી અને મનોરથ ભટનો ખાડો કોઇનાથી પૂરાયો નથી. એમાં જીવતાં સંતોષ નથી અને મરી ગયા પછી કોઇ આભાર માનવાનું નથી. પોતાની પુંજી કે ઘર, હાટ, હવેલી, બગીચા જોઇ રાજી થવા જેવી કોઇ મૂર્ખતા નથી અને પરોપકાર, દાન, સેવા કે અન્ય કોઇ સુકૃત્ય કર્તવ્ય જેવો અંતરનો અન્ય કોઇ આનંદ નથી. એ આનંદ લેવામાં ઉદ્યમવંત થવું એ સજ્જનોનું કર્ત્તવ્ય છે.

" Success in life can not be calculated by bank-balance but by unselfishness and good deeds which bring satifaction and contentment to life." (12-10-33)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૫૩)

" સુખ ભાગ્યે જ ગેરહાજર હોય છે, માત્ર આપણે જ એની હાજરીને ઓળખતા નથી. "

કાંઈ વલખાં મારવામાં બાકી રાખી નહિ. વગર પરણેલાને સ્ત્રીની પ્રાપ્તિમાં સુખ લાગે છે. પરણી જોયું, પણ મુરાદ પાર પડી નહિ. ગરીબને ધનમાં સુખ લાગે છે. મહેનત કરી, ઉજાગરા વેઠી ધન મેળવી જોયું, પણ સુખ મળ્યું નહિ. રાંકને ઐશ્વર્યમાં, થોડું ભણેલાને પદવી(ડીગ્રી)ની પ્રાપ્તિમાં, ભાડે રહેનારને ઘરના ઘરમાં, નોકરને શેઠીઆના વૈભવમાં, ખેપીઆને આરામ-ખુરશીમાં ગુલામને શેઠીઆની હુકમદારીમાં અને વહુને સાસુપણા-માં સુખ લાગે છે, પરંતુ એ વસ્તુ કે સ્થિતિ મળ્યા પછી જણાય છે કે એ તો ' દૂરથી જ ડુંગર રળીઆમણા ' લાગતા હતા, પણ ત્યાં પહોચ્યા એટલે તો પથરા, ટેકરા અને શ્વાસોશ્વાસના થેપડા જ જણાય છે.

વાત એમ છે કે એ પ્રાણીને બહારની પૌદ્‌ગલિક વસ્તુની પ્રાપ્તિમાં વ્યવહારિક કીર્તિની બડાઈમાં અથવા (પોતાથી પર એવી) અન્યની સ્થિતિમાં સુખની ભ્રમણા થાય છે; પણ એ સર્વ ખોટી માન્યતા છે. એક સ્ત્રીવાળો એમ ધારે કે બે સ્ત્રીવાળાને બેવડું અને ત્રણવાળાને તેવડું સુખ હશે, પણ પૂછે કે અનુભવે તો તુરત જણાય છે કે એ વાતમાં કાંઇ પણ માલ નથી. ખરી વાત એ છે કે જ્યાં વાસ્તવિક સુખ નથી ત્યાંથી એ સુખ મેળ-વવાના ફાંફા મારે છે અને ન મળે એટલે કકળાટ કરે છે. અંતે એને લાગે છે કે આ દુનિયામાં સુખ છે જ નહિ. ઘણા ઘરડાઓને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂછીએ તો એ કહેશે કે તેઓ તો માર ખાઇ–ખાઇને રીઢા થઇ ગયા છે અને તેમને અનેક ધક્કાને અંતે જ જણાયું છે કે આ દુનિયામાં સાચું સુખ છે જ નહિ.

સત્ય હકીકત એ છે કે સુખ કદી ગેરહાજર હોતું જ નથી. તમે સર્વ સ્થિતિમાં સુખ મેળવી શકો છો. ધનવાનને મોજ હોય તે કરતાં ગરીબ વધારે સુખ માણી શકે છે અને કોઇ ન મળે એવા જંગલમાં તો અપરંપાર આનંદ અનુભવી શકાય છે. સુખ ક્યાં છે ? એની ચાવી મળે તો જંગલમાં મંગળ થાય, જેલમાં મહેલાત થાય, ગાઢ ગુફામાં પ્રકાશપુંજ થાય અને શૂળીમાં સિંહાસન અનુભવાય. એની ચાવી એક જ છે કે સુખ બહારથી શોધવા જવાનું નથી, એ તો અંદરનું છે, અંદરમાં છે, અંદર સંબંધીનું છે. It is always subjective and not objective. આટલી નાનકડી વાત સાચી રીતે સમજાઇ જાય તો ખબર પડે કે સુખ તો સદંતર આપણી પાસે જ છે, આપણા હાથમાં જ છે, આપણને સ્વાધીન જ છે, આપણને અત્યાર સુધી એને શોધતાં આવડતું નહોતું એટલે જ્યાં ત્યાં વલખાં મારતાં હતાં, બાકી એ આખી દુનિયામાં ભરેલું છે. એ અધ્યાત્મનો આનંદ છે, એ હૃદયનો પ્રમોદ છે. લેતાં આવડે તો સર્વ સંયોગોમાં મોજ છે અને રમતાં આવડે તો સર્વ રમતોમાં ગમત છે. એને લેવા જવું પડે તેમ નથી, શોધવું પડે તેમ નથી અને પ્રયાસ કરાવે તેવું પણ તે નથી.

" *Happiness is hardly absent. It is we that know not of its presence.* " (*25-1-35*)

Maeterlince

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૫૪)

" માણસ પોતે પોતાની જાતને કીડા જેવી બનાવી મૂકે તો પછી કોઈ તેને પગથી ચાંપે ત્યારે તેણે અકળાવું ન ઘટે. "

કીડા થઇને જીવવું અને પછી કોઇનો પગ પોતા પર પડે, પોતે દબાય, ચંપાય કે ઘસડાય ત્યારે એણે કોઇ પ્રકારની ફરિયાદ કરવી ન ઘટે. કીડાને ફરવાહરવાની જગ્યા જ એવી છે કે હાલતાંચાલતાં એ કચરાઇ–દબાઇ જાય. ગુલામ ફટકા જ ખાય અને હાથી રાજદરબારે જ બંધાય. સ્મશાનના લાડવામાં એલચીની સુગંધની આશા રાખવી એ અસ્થાને છે તેટલી જ શેરડીમાં કડવાશ હોવાની શંકા કરવી અસ્થાને છે. સુંદર મૂલ્યવાન પાસાદાર હીરો હોય તો તેને સોનામાં જ જડાય અને ટેટના હીરાને ગીલીટ કરેલા દેખાવના સોનામાં જ જડાય. લાકડાના દેવ હોય તેને ખાસડાની જ પૂજા ઘટે અને ગારાના દેવને કપાસીઆની જ આંખો સંભવે.

એક તો કીડા થવું અને પછી પગ તળે ચંપાતાં અકળાવું કે ઉશ્કેરાવું એ મૂર્ખતા છે, અંધતા છે, અક્કલહીનતા છે. પ્રાણી પોતાનું ગૌરવ તજી ભિખ માગે, ચોરી કરે, ગુન્હા કરે અને પછી સમાજ તેના તરફ અવગણના કે તિરસ્કાર બતાવે અથવા તેની ઉપેક્ષા કરે ત્યારે પોતે સમાજનો દોષ કાઢે, ત્યારે સમજવું કે તેને સાચી ગણતરી સૂઝી નથી, સાચાં મૂલ્ય આંકતાં આવડ્યાં નથી, અનુભવના પાઠોનું અનુશીલન તેને થયું નથી. સાચી સમજણ તો પોતાના ગૌરવની જાળવણીમાં છે, ગૃહસ્થાઇના નિયમોના પાલનમાં છે, ઉચ્ચ વર્તનશાળી જીવન જીવવાના આનં-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દમાં છે. એને બદલે ઢંગધડા વગરનું જીવન જીવવું, એશઆરામથી જાતને હલકી કરવી, વ્યસનના સેવક થવું, જિહ્વાના લોલુપી થવું, પરસ્ત્રીના દાસ થવું, મનોવિકારને વશ થવું અને છતાં પોતે કાંઇ છે એમ માનવું એ તો નરી બાલિશતા છે. આહાર કર્યો હોય તેવો જ ઓડકાર આવે અને વાવ્યું હોય તે જ લણાય એ તો ઉઘાડી વાત છે, છતાં મોડી રાતે ચકચૂર બની સારા માણસ ન જાય તેવા લતામાં ફરવું અને પોલિસમાં પકડાતાં લાલપીળા થવું એ અણઘટતી વાત છે. યાદ રાખવું કે ખોટી મજા માણવાનો હિસાબ ભરપટ્ટે આપવો જ પડશે અને તે હિસાબના ચૂકાવા કરતી વખતે અંદરથી આમળાં આવશે. આમળાં આવે ત્યારે બડબડાટ કરવો એ તો કાયરનાં કામ છે, રણભીરુના ભવાડા છે, બેશરમનાં ફટાણાં છે, કાર્ય કે વર્તનથી હલકા થયા પછી તો બે બદામની કિંમત જ થાય છે. યાદ રાખવું કે અગાઉ એક આનાની સો બદામ આવતી હતી. ક્ષણિક આનંદને વશ પડ્યા પછી એનાં પરિણામો તો આવવાનાં જ છે અને ભોગવવાનાં જ છે એમ તો જરા વિચાર કરવાથી પણ પહેલેથી જણાઇ–સમજાઇ શકાયું હોત. એ તો નીચે પડ્યા એટલે દબાવાનું જ છે અને દબાયા એટલે ઉપરાઉપરી ઘોદા જ ખાવાના છે. જેટલો જાત્યભાવથી પાત તેટલો દબાવા–ચંપાવાનો સંભવ છે. એ સમજે તે કીડા થાય જ નહિ. કીડા થયા પછીની ફરિયાદ નકામી છે, અર્થવગરની છે, પરિણામશૂન્ય છે.

"If a man makes himself a worm, he must not complain when trodden on." (12–2–35) *Kant*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૫૫)

" ડુંગરાને જમીનદોસ્ત કરવા કરતાં એના ઉપર ચડી જવું વધારે સહેલું છે. "

સપાટીના પ્રદેશ પર રહેનારને ડુંગરો આડો પડેલો જોઇ એની આડખીલી દૂર કરવાનું મન થાય છે. એના પર વિજય મેળવવાના બે રસ્તા છે. એક એને જડમૂળથી ઉખેડી નાખવો અથવા એના ઉપર ચડી બેસવું. આપણો હરીફ વચ્ચે નડતો હોય તેની હરિફાઇ કે વિરુદ્ધતા દૂર કરવાના બે રસ્તા છેઃ કાં તો એનું કાસળ કાઢવું અથવા તેના પર ચડી બેસી તેને પાછો પાડવો. ચડી બેસવાનો માર્ગ સહેલો છે, વ્યવહારુ છે અને કર્તવ્ય છે. જડમૂળથી ઉડાવી નાખવાનો માર્ગ અશકય છે, અવ્યવહારુ છે અને તેમ હોઇ ત્યાજ્ય છે-અકર્તવ્ય છે.

દુનિયાની વિચિત્રતાઓ, હર્ષ-વિષાદના પ્રસંગો, ચારે તરફનો કકળાટ અને કીકીઆરીઓ જોઇ-સાંભળી આપણે આખી દુનિયાનો રંગ કે રાહઘાટ ફેરવી શકીએ નહિ, પણ અનેક નાટકો જોઇ આપણે દુનિયાને એનાં છંદમાં માણવા દઇએ અને છતાં આપણો પોતાનો જીવનમાર્ગ એવી રીતે ગોઠવી, યોજી શકીએ કે દુનિયા એને રસ્તે ચાલી જાય અને આપણે તેમાંથી જ લાભ ઉઠાવી લઇએ. આખી દુનિયાનો રાહ-માર્ગ બદલાવાનો રસ્તો અશકય હોઈ સાધારણ રીતે અવ્યવહારુ જણાય છે, પરંતુ સખ્ત તોફાનમાં પણ આપણા વહાણના સઢ આપણે એવી રીતે ચડાવી શકીએ કે આપણું વહાણ કિનારે સુખરૂપ પહોંચી શકે. તોફાનને તો આપણે બંધ ન કરી શકીએ, પણ આપણા સઢનો આવડતથી ઉપયોગ ફત્તેહમંદ રીતે જરૂર કરી શકીએ.

P. P. Ac. Gunratansuriji M.S.   Jin Gun Aaradhak Trust

કાંટાથી ભરેલાં જંગલના એકે એક કાંટા વીણી કાઢી જંગલને સાફ કરવાનો પ્રયાસ ઉમદા ગણાય, પણ ગાંડપણાની કક્ષામાં આવે, કારણ કે લાખો અબજો કાંટા વિણાય નહિ અને જંગલ કદી કાંટા વગરનું થાય પણ નહિ; પરંતુ એ જંગલ પર વિજય મેળવવા અને તેની આરપાર જવા તમારા પગમાં તમે જોડા (ઉપાનહ) પહેરી શકો અને જંગલની મુશીબતને નકામી બનાવી શકો. આખી દુનિયા તડકાથી હેરાન થતી હોય તેના ઉપર ચાદર–ચંદરવા બાંધી શીળો ન કરી શકાય, પણ તમારા હાથમાં નાનકડી છત્રી રાખી તમે તમારી જાતને તડકાના ઉપદ્રવથી જરૂર બચાવી શકો. આમ કરવામાં સ્વાર્થ જેવું કાંઇ નથી. શકયાશકય વિચારણાના વિવેકનું એ વ્યવહારુ પરિણામ છે. એ રીતે દુનિયાના પ્રવાહને ફેરવવો મુશ્કેલ છે, પણ તમે સાક્ષીભાવે રહી, પરિસ્થિતિ સમજી તમારા પૂરતો તેમાંથી પણ સાર પ્રાપ્ત કરી શકો. ડુંગરને ઉખેડી નાખવાની વાત મૂર્ખાઇભરેલી છે, પણ એના ઉપર ચડી એના પર વિજય મેળવી શકાય તેમ છે. વિચારક દ્રષ્ટાનો વિવેક ઓછામાં ઓછી મહેનતે વધારેમાં વધારે સારાં પરિણામો નિપજાવવામાં જ રહેલો છે અને એ ચાવી જે બરાબર સમજે તે ગમે તેવા સંયોગોમાં લાભ જ પ્રાપ્ત કરે છે, એના જીવનની પ્રત્યેક પળ ધન્ય બની જાય છે અને ભયંકર જ્વાળાની વચ્ચે રહેવા છતાં એ અતિશય શીતળતા માણી શકે છે. સુજ્ઞ જનો જે કરે છે તેમાં પરિણામ પર્યંત દૃષ્ટિ પહોંચાડે છે અને તેનું પરિણામ સારું જ આવે છે.

"It is always easier to climb a mountain than to level it." (1-5-35) *Lytton*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૫૬)

" સાચું શું છે તે જાણવું અને છતાં એ ન કરવું એ હિંમતની ખરેખરી ગેરહાજરી છે. "

એકને એક ઠેકાણે નબળા મનુષ્યનું ચિત્ર આપતાં જણાવ્યું છે કે 'હું વધારે સારો માર્ગ જાણું છું અને તે સારો છે એમ સ્વીકારું છું, છતાં હું ખોટા માર્ગનું અનુસરણ કરું છું I know the better course and approve of it; but follow the worst.'

ઘણાખરા મનુષ્યો આ જ કોટિમાં આવે છે. સારું જાણવા છતાં આળસથી, મંદતાથી, બેદરકારીથી અથવા નબળાઇથી સાચો રસ્તો લેવાતો નથી. ઘણાખરા માણસોની 'પોથીમાંનાં રીંગણાં' જેવી સ્થિતિ હોય છે. વાતો બહુ ડાહી ડાહી કરે, સ્વરૂપ કહેવા બેસે તો મોટા અધ્યાત્મી કે સંન્યાસીને શરમાવે તેવું સ્વરૂપ કહે; પણ પોતાને વર્તવાનો વખત આવે એટલે એ સર્વ ભૂલી જાય.

બોલવું અને કરવું એ બેમાં ઘણો તફાવત છે. બોલવા કરતાં વધારે સારું કરે એની બલિહારી છે. બોલ બોલ કરે, ગજ ગજ ભરે પણ તસુએ વધેરે નહિ એ માત્ર વાક્ચાતુરી વાપરનારા છે. અને આપણામાંનાં ઘણાખરા આ કોટિમાં જ હોય છે એ યાદ રાખવું આ પ્રાણી અન્યને ઉપદેશ કે સલાહ આપતી વખતે પહોળો પહોળો થઇ જાય છે, પણ એકાંતમાં, અવકાશમાં અથવા સ્વાર્થસંઘટ્ટન વખતે એની સ્થિતિ જોઇ હોય તો એ જુદો જ માણસ જણાશે. એ કથીરની દશા છે. એ બળે પણ ખરું, ખરે પણ ખરું અને ભાંગે-તૂટે પણ ખરું. બાકી સાચા સહૃદય મહાનુભાવો તો સોના જેવા હોય છે. સોનું ત્રણ કાળમાં સોનું જ રહે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. એને કૂટે, ટીપે, ગરમ કરે, ભાંગે કે કાપે પણ એ સર્વદા સોનું જ રહેશે. એને ગરમ કરશે તો વળી એ વધારે દીપશે.

બહાદુર માણસ સાચું સમજે એટલે ગમે તે ભોગે તેને અનુસરે છે અને પ્રાણાંત કષ્ટ આવે તો પણ એ એકનો બે ન થાય હરિશ્ચંદ્રની સ્ત્રી વેચાય કે પોતે શ્મશાને જઇ ચંડાળનો નોકર થાય, પણ એનામાં પાણી કદી ન મરે. બાકી કેટલાક માણસોમાં સાચું કરવાની હિંમત જ હોતી નથી. એ દીવા જેવું સત્ય સમજે, છતાં એનો જીવડો ખોટાં ફાંફાં મારે છે અને એ પોતાની અશક્તિ માટે રડ્યા જ કરે છે. 'અરે ભાઇ! શું કરીએ? આપણે તે કાંઇ ચાલે છે? અમે કોના ભાઇ? અને કોના પુત્ર?' અરે! આ આખી દુનિયાના ખોટા ભાર નીચે શેના કચરાઈ મરો છો? સાચું જાણો તો એ પ્રમાણે જીવવાની હિંમત રાખો. સત્યના ડંકા જરૂર વાગવાના છે. ટૂંકા દર્શનથી કે તાત્કાળિક લાભથી રાચો નહિ. કર્મને શરમ નથી અને વિધિને ત્યાં સો મણ તેલના દીવા બળે છે, અંધારું નથી. તમારા મનની મજબૂતાઇ હશે તો બધાં સારાં વાનાં થઈ રહેશે, સર્વ અનુકૂળતા સાંપડશે અને કદાચ ભોગ આપવો પડશે તો ઘસાઇ નહિ જાઓ. કાચા-પોચાનાં નામ રહેતાં નથી અને સત્યના ડંકા વાગ્યા વગર કદી રહ્યા નથી. નામર્દ-હીચકારા થઈ મરવું તે કરતાં તરવારની અણીએ-સત્યની શૂળીએ મરવું એ સાચું જીવન છે, ખરો વૈભવ છે, આ ભવનો લ્હાવો છે. મહાન્ પુરુષો એમ વર્તી ગયા છે ને એ રાહ બતાવી ગયા છે.

" *To see what is right and not to do it is want of courage.*" (*21-2-35*) *Confucius*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૫૭)

" આપણે કયાં ઊભા છીએ તે કરતાં આપણે કઈ દિશાએ જઇએ છીએ એ જાણવું તે આ દુનિયામાં મોટામાં મોટી ચીજ છે. "

પ્રાચીન વિચારવાળો ભૂતકાળ વિચારે છે, એને પાછળનો યુગ સર્વોત્તમ ભાસે છે, એ વર્તમાનને નિંદે છે, એ પોતાની પ્રેરણા પ્રાચીનોમાંથી મેળવે છે અને એને વિચાર ગયેલા યુગના સ્મરણો કરવાના અને તેને બહલાવવાના આવે છે.

મધ્ય પ્રવાહવાળો ભૂતકાળને યાદ કરતો નથી અને ભવિષ્યની ચિંતાથી મુંઝાતો નથી. એ રોકડ ધર્મમાં માને છે અને અત્યારના સમયમાં જેટલું બને તેટલું કરી લેવામાં તૃપ્તિ માને છે.

સ્વપ્નદ્રષ્ટા–આદર્શવાદી ભવિષ્ય ઉપર નજર બાંધીને ચાલે છે. દોડતાં જવું અને ભીંત સાથે અફળાવું એમાં એ અક્કલ માનતો નથી. એ તો જ્યાંસુધી નજર પહોંચે ત્યાં સુધીની અગવડો કલ્પે છે અને તેની સામે ઝૂઝવાના માર્ગોનો દ્રષ્ટા બને છે.

આ ત્રણે પ્રકારમાં રહસ્ય છે અને કુશળ માણસ ત્રણેના રહસ્યને શોધી એમાંથી સાર ખેંચે છે. ત્રણે માર્ગોમાં અંશ અંશ વિશિષ્ટતા છે અને તેને શોધી બહલાવવામાં ભારે મજા છે, ઓર આનંદ છે, અંતરના ઉમળકા છે.

ખરી વાત એ છે કે જેને સાધ્યે પહોંચવું છે તે ખાસ નજર પોતાના અંતિમ પ્રાપ્તવ્ય–સાધ્ય ઉપર જ રાખે છે. અત્યારે તમે ગરીબ હો કે શ્રીમંત હો, સાધનસંપન્ન હો કે સામગ્રીવિરહિત હો, સશક્ત હો કે અશક્ત હો એ વાત ખાસ મહત્ત્વની નથી. આપણી વર્તમાન પરિસ્થિતિ પર બહુ વિચાર કરવાનો નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રગતિના કયા પગથીઆ પર છીએ એ આપણે ખાસ જોવાનું છે. આપણે દંભી, કલહપ્રિય સ્વાર્થી હોઇએ અને તે માર્ગે વધ્યા જતા હોઇએ તો આપણું ભવિષ્ય નિર્માલ્ય છે, પશ્ચાદ્‌ગામી છે, વિષાદથી ભરપૂર છે. આપણે સરળ, પ્રેમી, ત્યાગી હોઇએ તો આપણે પ્રગતિને પંથે છીએ, સાચા માર્ગે છીએ અને ઉજળા ભવિષ્યવાળા છીએ. અત્યારે આપણું સમાજમાં કે દેશમાં સ્થાન છે કે નહિ ? તે બહુ વિચારવા યોગ્ય વાત નથી, પણ આપણે જનસમુદાય તરફ કેવા વર્તનવાળા છીએ ? સ્વાર્થસંઘટ્ટ વખતે સ્વને જોઇએ છીએ કે પરને ? થોડા લાભ ખાતર પરને મોટું નુકસાન કરવા લલચાઇએ છીએ કે પોતાના ભોગે અન્ય પર ઉપકાર કરવા તૈયાર છીએ ? એ વાત ખાસ વિચારવાની છે. આપણે કઇ દિશાએ આગળ વધીએ છીએ એનો નિર્ણય ત્યાગ અને આદર્શની સ્પષ્ટતા અને તેના અનુસરણમાં નિર્ભર થાય છે. ત્યાગી ભલે મેલોઘેલો કે ભોળો હોય પણ એના ત્યાગમાં ભવ્યતા હોય તો એની દિશા સત્ય છે અને કરોડોના પતિ લક્ષ્મીનંદનો શ્રમજીવીના પરસેવા પર મજા કરતા હોય તેની દિશા અસત્ય છે. ત્યાગી કે લક્ષ્મીપતિની વર્તમાન સ્થિતિ વિચારવી નકામી છે પણ એના આગળ વધવાના માર્ગોની દિશા સમજવી એ મોટી વાત છે. વર્તમાનથી લેવાઇ જાય તે ઉપલક જોનાર છે, સાચે માર્ગે આગળ વધે તે આદર્શ દ્રષ્ટા છે અને ફરી ફરીને તેલીના બળદની જેમ સાંજે ઘેરનો ઘેર રહે તે નિર્માલ્ય છે.

" The greatest thing in the world is not so much where we stand as in what direction we are moving." *(15-3-34)* *Cal*

(૫૮)

"નિયંતાએ દરેક માણસને ઊંચું જોવાનું ફરમાવ્યું છે, નીચું જોવાનું નહિ; ઉપર ચડવાનું ફરમાવ્યું છે, નીચે સબડાવાનું નહિ. જે કોઈ હમેશાં નમાલી વાતો કર્યા કરે તે કદી ફાવે નહિ."

ઉન્નતગામી દૃષ્ટિ ઊંચી જ રહે, એને નીચું જોવું ગમે નહિ, એને નીચું જોવાનો વખત આવે નહિ, એને દરેક બાબતમાં પ્રગતિ જ દેખાય, એ દરેક ક્રિયામાંથી સુરસ જ શોધી કાઢે, એ દરેક વાણીમાંથી સાર–તત્ત્વરહસ્ય જ ખેંચે, એની પ્રત્યેક વિચારણામાં શાંતિ, સ્થિરતા અને આગળ ગતિ જ હોય.

સંત કે સજ્જન પરમાર્થ સાધવામાં પણ ઉન્નતિ જ સાધે, એ દુનિયાને જુએ ત્યારે નિર્વેદી દેખાય, પરંતુ તેના ગર્ભમાં તે અત્યંત આનંદના કલ્લોલો અનુભવે. એ વ્યવહાર કાર્યમાં પણ ઊંચી શૈલીની વાત જ કરે. એને રૂપાનો કંદોરો મળે તો તેને સોનાનો માની સંતોષ ધારણ કરે. એને સાટાને ઘી પાવું હોય તો મણની જગ્યાએ દોઢ મણ પાય. આવા સામાન્ય પ્રસંગમાં પણ એનું ખમીર ઓજસ્વી જ હોય. એ દુનિયાના–જીવનના પ્રશ્નોનો નિકાલ કરે ત્યારે ત્યાં પણ એની ભાવનાનાં મૂળ અનોખાં જ હોય. એની સર્વ વાતો એક એક કરતાં ચઢતી, ઉત્તરોત્તર પ્રગતિમાન અને ખાલી વાત નહિ, પણ નાની બાબતમાં પણ પ્રગતિશીલ, શિક્ષણીય અને ધપાવનાર હોય. એનામાં શ્વાનવૃત્તિ ન જ હોય. એનામાં હાથીની જેવી ભવ્યતા હોય.

ગુણપ્રાપ્તિમાં કે વિદ્યાપ્રાપ્તિમાં, સલાહ આપવામાં કે ધીરજ–દિલાસો આપવામાં, રમતગમતમાં કે ભાષણમાં એની વાત ઊંચે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચડવાની જ હોય, એને નીચી વાત, ઠંડી વાત, હતાશ કરનારી વાત ગમે જ નહિ, એને મોળી વાત પાલવે જ નહિ, એના માનસિક-વાચિક-કાયિક સર્વ કાર્યમાં ઉપર ચડવાનું જ હોય.

મરી ગયા મરી ગયા-એવી વાતો કરનારા, દુનિયાનો અંત આવ્યો છે એમ જોનારા, પોતે જાણે જ્વાળામુખીના શિખર પર બેઠેલ છે અને કોઇ પણ વખતે લાવા અને ધુમાડાના ગોટા નીકળવાના છે એમ માનનારા, વેપાર કરનારા પાયમાલ થવાના છે, માલ સંઘરનારા દીવાળું કાઢવાના છે, દેશમાં દુકાળ પડવાના છે, અનાજ, રૂ વિગેરે ચીજો મોંઘી થઇ જવાની છે અને દુનિયા કબ્રસ્તાનને ઓટલે બેઠી છે એવા કકળાટ કરનારા માણસો કદી ફાવતા નથી. વાતવાતમાં રડતી સુરતો માટે કહેવાય છે કે 'રોતો જાય એ મુવાના સમાચાર લાવે.' બાકી હિંમત રાખી આગળ ધપનારા અંતે ફાવે છે, ગણતરી વગરની ખોટી બડાશ મારવાની આમાં વાત નથી, પણ કકળાટ કરવાથી કાંઇ જિંદગીની ગૂંચવણો ઉકલતી નથી અને રડવાથી તેને દયા આવતી નથી. પાંચમની છઠ્ઠ કોઇ કરનાર નથી અને ભવિષ્યની આપત્તિની કલ્પનાથી દુ:ખી થવા જેવો ખોટો ભ્રમ નથી. આવશે ત્યારે જોયું જશે. વર્તમાન અને ભૂત પરિસ્થિતિ જ પૂરતી સુખ-દુ:ખકર છે, ત્યાં કલ્પનાથી ભવિષ્યના દુ:ખમાં વધારો કરવો એમાં કાંઇ મજા નથી. એ તો પડશે એવા દેવાશે માટે ઉન્નત થવું અને ઉન્નતિ તરફ જ નજર રાખવી. કદી પણ મોળી વાત કરવી નહિ કે પીછે હઠ ચિંતવવી નહીં.

" The creator has bidden everyman to look up, not down; to climb, not to growl. No man can be successful who is always telling about depression." (31-4-34)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૫૯)

" પ્રભાતે તળાઈમાંથી ઊઠતાં અને જ્યારે જ્યારે મન નવરું પડે ત્યારે દરરોજ અંતઃકરણપૂર્વક કહો કે—
" સર્વ પ્રાણીઓને શાંતિ થાઓ. "

' સર્વ સુખી થાઓ—**सर्वे सुखिनः संतु.** ' આ મૈત્રીભાવનાનું અતિ વિશાળ સૂત્ર છે. મન પર અંકુશ લાવવા પહેલાં એને પ્રથમ સાત્વિક બનાવવું પડે છે. સાત્વિક મન ત્યારપછી વિકલ્પજાળમાંથી મુક્ત થવાને માર્ગે ચડે છે, એ સમાધિ અને ધ્યાનારૂઢ થવા પહેલાં મનની કેટલી વિશાળ વૃત્તિ થાય છે તે ખૂબ સમજવા જેવું છે. આ દુનિયામાં સ્થાવર-જંગમ અનેક પ્રાણીઓ છે. સર્વ પ્રાણીઓ સુખને ઇચ્છે છે અને દુઃખમાંથી નાસવા પ્રયત્ન કરે છે. મહાપ્રગતિવાળા માણસો આપત્તિને માગે છે તેમાં પણ તેમનો વિશિષ્ટ સ્વાર્થ રહેલો હોય છે. તેમને બાદ કરતાં સુખી થવાની અભિલાષા સાર્વત્રિક છે એમ કહેવામાં વાંધો નથી.

નાના વર્તુલમાં રહેલા માનવીઓ દ્વેષથી, અસૂયાથી, હરિફાઈથી ઘણીવાર ક્લેશને ઇચ્છે છે, અશ્રેયને ઇચ્છે છે, પાપને ઇચ્છે છે. આ તુચ્છ વૃત્તિ છે, અન્યને કાંઈપણ ઇચ્છતી વખતે પોતાની જાતને અન્યની પરિસ્થિતિમાં મૂકવાનું શીખવું જોઈએ. અન્યને વધ-બંધન ઈચ્છતાં પોતાને તે થાય તો કેવું લાગે એનો ખ્યાલ કરતાં જ નરમાશ જરૂર આવી જશે.

વળી અહીં કેટલાં વર્ષ બેસી રહેવું છે ? અહીં કોના ઘરબાર છે ? બને તેટલી પ્રગતિ સાધવાનો આ અવસર છે. આવી માનસિક, હાર્દિક અને સ્થૂળ સગવડો જીવનપંથમાં વારંવાર મળતી નથી. તેને માટે એક નૂતન માર્ગ શોધીએ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપણા ગામમાં કોઇ દુ:ખી થાય એમ ભાવીએ. કોઈને દુ:ખી જોતાં આપણી આંતરડી કમકમે એવો અભ્યાસ પાડીએ. પછી એ વૃત્તિ આપણા તાલુકામાં, આપણા પ્રાંતમાં, આપણા દેશમાં, આખા વિશ્વમાં સર્વ સ્થાવર ત્રસ પ્રાણીઓમાં લંબાવીએ એટલે જાણે આપણે વિશ્વમય, આનંદમય, બ્રહ્મમય થઇ જતા હોઈએ એમ લાગશે. સર્વ મનુષ્યો હમેશાં સુખી થાઓ એવું અંતરથી ઇચ્છવામાં તમારા સુખનો ઘટાડો થવાનો નથી, તમારા મનની મર્યાદા માત્ર લાંબી થઇ જશે અને તમે કોઈ જાણે મહાન્ શિખર પર બેઠા છો એવું આત્મભાન થશે.

વિશાળ ને કોમળ હૃદય તો સામે કોઇને રડતું જુએ તો રડવા લાગી જાય, કોઈના દુ:ખની કે વ્યાધિની વાત સાંભળે ત્યાં આંખમાંથી શ્રાવણ-ભાદરવો ચાલે, લોહી જુએ તો રોમાંચ ખડા થાય, કોઇને વ્યાધિ જુએ તો પોતે દુ:ખી બની જાય-આ વિશાળ વૃત્તિ પાસે સામ્રાજ્ય ઝૂકે છે અને એવા મનસ્વી માણસોનાં ભજનો ગવાય છે. પરંતુ ભાવના સક્રિય હોવી જોઈએ. આવડત, શક્તિ અને પરિસ્થિતિ પ્રમાણે અમલ કરતાં ભારે આનંદ આવશે. નાનું વર્તુલ હોય તો તેથી મુંઝાવા જેવું નથી, જ્યાં હોઇએ ત્યાં રાજવૈભવ ખડો કરી શકાય છે. મનના વલણ પર જીવનના પ્રશ્નો અવલંબે છે અને વિશાળ મનવાળાના પગ તળે આખી દુનિયા છે. એ દુનિયાને હસતી, ખેલતી, લહેર કરતી જોવી-એ જોવાની ઇચ્છા રાખવી એ રાજયોગનો પહેલો પાયો અને પગથિયું છે.

" Say with all thy heart, on rising from bed each day and whenever the mind is free, " Peace to all beings. "

<u>*Philosopeia*</u>

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૬૦)

"સત્ય વિચાર કર–તારા વિચારો જગતના દુકાળને ધરવશે."
"સત્ય બોલ–તારો પ્રત્યેક શબ્દ વિકસ્વર બીજભૂત થશે."
"સત્ય જીવ–તારું જીવન મહાન્ અને ઉમદા વ્રત થશે."

બહુ ટૂંકા શબ્દોમાં મજાની વાત કરી છે. આખા જીવનના પ્રશ્નોનો નિકાલ ત્રણ બોલમાં કર્યો છે. પારસીઓ એને 'મનસ્ની, ગવસ્ની, કુનસ્ની' કહે છે.

હિંદુઓ એને ત્રણ પુરુષાર્થ કહે છે. જૈનો એને ત્રિકરણ યોગ કહે છે. સર્વ ધર્મો એનું મહાન્ સત્ય જુદા જુદા આકારમાં સ્વીકારે છે.

સર્વનું મૂળ મનના વિચારો છે. આપણને જો બરાબર વિચાર કરવાની પદ્ધતિ આવડી જાય તો એ દુનિયાના દુકાળોને તૃપ્ત કરી દે. પ્રયાસસાધ્ય સર્વ પ્રસંગો વિચારની કોટીમાં જ આવે છે, કારણ કે એનો ઉદ્‌ભવ ત્યાં છે. રીતસર વિચાર કરતાં આવડે, ધોરણસર પ્રત્યેક વિચારને એને યોગ્ય સ્થાને ગોઠવતાં આવડે અને મન પર એટલો પણ કાબૂ આવે તો જીવનનાં પ્રશ્નોનો નીકાલ થઇ જાય છે. સંસારમાં રખડવાનું કારણ મન છે, તેમ સંસારમાંથી છૂટવાનું કારણ પણ મન છે. વિચાર કેવા કરવા અને એને માર્ગ કઈ રીતે આપવો એની ચાવી હાથમાં આવી ગઇ એટલે સંસારયાત્રાનો પાર થયો સમજવો. સર્વ વિચાર લાભકર્તા નથી, તેમ સર્વ નાશ તરફ ઘસડનાર નથી, તેથી વિચાર–મનપદ્ધતિનો સત્ય માર્ગ શોધી કાઢવો એમાં જીવનયાત્રાના સાફલ્યનો કે વિપરીતતાનો આધાર રહે છે. અનુકૂળ મન દુકાળને ધરવે એટલું જ નહિ પણ એ દુકાળ આવે જ નહિ એટલું પણ કરી શકે, તેટલી તેનામાં શક્તિ છે. એને યોજનાર પર એનો આધાર છે.

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

ભાષા બોલવામાં પાંચ વાત ધ્યાનમાં રાખવી. નગ્ન સત્ય એ કોઈ વાર અસત્યથી પણ ભયંકર થઇ પડે છે. સત્ય હોવું જોઇએ, જેને અનુલક્ષીને બોલાય તેને પ્રિય લાગે તેવું તે હોવું જોઇએ, તેને હિત કરનાર હોવું જોઇએ, જરૂર પૂરતું જ-શબ્દો તોળી તોળીને બોલવું જોઇએ અને અતિશયોક્તિ કે અલ્પાંશ વગર જેવું હોય તેવું બોલવું જોઇએ. આવું સત્ય સફારાળીજ છે. એને વાવતાં એકનાં ૧૦૧ થાય છે.

જીવનક્રિયા નિયમસર હોય, ગમે તે ભોગે સાધ્યને ધોરણે જ હોય તો એ જીવન ખરેખર એક વ્રત થઈ પડે છે. અનેક પુરુષો સાધ્ય જીવનને વળગી રહે છે, એને અનુસરે છે એને ભાવનાને સ્થાને મૂકે છે, એને ઉન્નત સ્થાન આપે છે, એના પર વારી જાય છે અને એનાં ગુણગાન અનેક યુગો સુધી કરે છે. સાચું જીવન જીવનારાને આના બદલાની ઇચ્છા હોતી નથી. એ પોતાનો મત ચલાવવા ઇચ્છતા નથી, એ સોંઘી લોકપ્રિયતામાં માનતા નથી; પણ એમ થવું એ સાચા આદર્શજીવનનું અનિવાર્ય પરિણામ છે.

બાકી મનમાં વિચાર કાંઇક ચાલે, મુખે બોલાય બીજું અને વર્તન વખતે વિચાર કે વાણી સાથે સંબંધ જ ન રહે–એવું તેખડું જીવન માત્ર ' ખેપ ' રૂપ છે, અજાગલસ્તનરૂપ છે, 'નિરર્થક છે, સ્વપરને હાનિકારક છે. મન–વચન–કાયાની એકવાક્યતા કરવી, એને આદર્શ બનાવવા અને એમાં અસ્થિરતા કે અસ્પષ્ટતા રહેવા ન દેવી એ જીવનસિદ્ધિનું પરમ તત્ત્વ છે, અત્યંત પ્રાણ-પ્રેરક છે અને સાધ્યને માર્ગે શીઘ્ર ગમન કરાવનાર છે.

" *Think truly, and thy thoughts shall the world's famine feed; speak truly, and each word of thine shall be fruitful seed; live truly, and thy life shall be a great and noble creed.* "

P. P. Ac. Gunratansuriji M.S.   Jin Gun Aaradhak Trust

(૬૧)

"જીવનમાં ફતેહની માફક ધંધામાં ફતેહ જ્ઞાન પર આધાર રાખે છે, જેમ તમને ધંધાનું વધારે વધારે જ્ઞાન હોય તેમ તમારા હરીફો ઓછા થાય છે."

એવા કેટલાએ વેપાર કરનારા જોવામાં આવે છે કે જેઓ પોતાના ધંધાની બારીક વિગતોમાં ઉતરવા ઇચ્છતા નથી. ધંધો કરવા છતાં ધંધાના બારીક જ્ઞાન વગર ચલાવતા હોય છે. પ્રીચરનો વેપાર કરનારને ઘણી વાર પૂછ્યું કે આજ આઠ પ્રીચર તેજી આવ્યા કે કાલે ત્રણ મંદી આવ્યા–એટલે શું આવ્યું ? તમે સમજી શકો એવી ભાષામાં સમજાવનાર ધંધાદારી ભાગ્યે જ મળશે. ઘણા તો લિવરપુરના પ્રીચર અને ન્યુયોર્કના પ્રીચરનો તફાવત પણ નહિ જાણનારા હોય છે. શેરબજારમાં પંદર વર્ષથી દલાલી કરનારને એક વાર પૂછ્યું કે આલકોક એશડાઉનમાં કેટલા સ્પિંડલ અને કેટલી લુમો છે તો તે આંખમાં આશ્ચર્ય દેખાડશે, પણ એ કહી નહિ શકે કે આલકોક કંપની તો સ્ટીમર અને મશીનરીને સાફ કરનારી કંપની છે.

કાપડના વેપારીને મરીનો અને આલપાકના વાણાતાણાનો તફાવત પૂછીએ તો તદ્દન અજ્ઞાનતા જણાશે અને નેનસુખ કે જગન્નાથી વચ્ચેનો તફાવત સમજાવી શકશે નહિ. બીઆંનો વેપારી લાખો ટન ખોળ વિલાયત શા માટે જાય છે અને ત્યાં તેનું શું થાય છે તે જાણવાની તસ્દી લેતો નથી–આ રીતિ કુશળ વેપારીની નથી. કુશળ વ્યાપારી તો પોતાના ધંધાની ઝીણામાં ઝીણી વિગતો જાણવાને માટે સદા ઉદ્યુક્ત રહે છે. અત્યારે સર્વ ધંધાઓમાં હરીફાઇ ઘણી વધી ગઇ છે અને સંસ્કૃતિના વધારા સાથે હજુ પણ વધવાનો ઘણો વધારે સંભવ છે.

P. P. Ac. Gunratansuriji M.S.   Jin Gun Aaradhak Trust

ત્યારે એમાં તો જે પોતાના ધંધાનું અનેક દૃષ્ટિએ જ્ઞાન મેળવે તે જ ફાવે. માલની ઉત્પત્તિ કયાં કયાં થાય છે અને તે લાવતાં ખર્ચ શું લાગે છે? તે માલ અન્ય સ્થાનકેથી આવે તો તેમાં પોસાણ કેટલું થાય? વિગેરે જાણવું જોઇએ. અન્ય પ્રકારના વ્યાપારની અસરો પોતાના વ્યાપાર ઉપર કેટલી થાય છે તે પણ જાણવું જોઇએ. અત્યારે જે વ્યાપારી ઔદ્યોગિક અર્થશાસ્ત્ર વિગતવાર સમજતો હોય તેને ફાવવાના ઘણા પ્રસંગો છે. ઓછે ભાવે ખરીદવું અને મોંઘે ભાવે-નફો કરીને વેચવું એટલે સામાન્ય જ્ઞાનથી ચાલે તેમ નથી. અત્યારે તો ચીન, જાપાન, જર્મની, અમેરિકામાં પોતાના ધંધાને અસર કરનારા કયા કયા આંદોલનો ચાલી રહ્યાં છે તે પણ જાણવાની જરૂર છે.

જેમ જીવનમાં જ્ઞાનની જરૂર છે તેમ જ ધંધામાં પૂરતી વાકેફ-ગારીની જરૂર છે. મિલનો માલેક હોય તેને પ્રેસકોપી કાઢતાં પણ આવડવી જોઇએ અને અમેરિકાની ઋતુઓના રિપોર્ટો વાંચવા જોઇએ. જેમ જ્ઞાન વધારે વિશાળ તેમ હરીફ ધંધાદારી-ઓને પહોંચી વળવાની વધારે શકયતા પ્રાપ્ત થાય છે. ઘરાકોને ઓળખવા જોઇએ. એનો ખાનગી ઇતિહાસ જાણવો જોઇએ. વસ્તુના પ્રકારો, ઋતુની અસરો અને નવા માલો આવી પહોંચ-વાની વકીને પહેલેથી જોઇ જાણી લેવી જોઇએ. '**ફરે તે ચરે**' એ વાત એના વૈજ્ઞાનિક અર્થમાં બરાબર સમજવી જોઇએ, નહિ તો કઇ ઘડીએ કઇ દિશાએથી ફટકો પડશે તે કાંઇ કહી શકાય નહિ. આળસ તજી ઊંડા ઉતરવાની આ યુગમાં તો ખાસ જરૂર છે.

" Success in business as in life depends upon knowledge. The more you know of business the fewer your competitors. " (*17-1-35*)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૬૨)

" જે કરવું જોઈએ તે કરતા નથી, જે ન કરવું જોઇએ તે કરીએ છીએ અને નસીબજોગે બધાં સારાં વાનાં થઇ રહેશે એ વિચાર પર નભે જઈએ છીએ. "

દુનિયાનો મોટો ભાગ આશાવાદી હોય છે. ભવિષ્યમાં સર્વ ઠીક થઇ રહેશે એ માન્યતા પર જ તે નભે જાય છે. એવી માન્યતાને લઇને તે અનેક કામો કરવાની પોતાની ફરજ હોય તેને પણ વિસારી મૂકે છે. છોકરાઓને શિક્ષણ આપવાની ફરજ હોય છતાં તે આપતા નથી અને તેમ છતાં તેઓ ધન, કીર્તિ કે વિખ્યાતિમાં આગળ પડતાં થઈ જશે એમ માન્યા કરે છે. જરૂરી સાક્ષી લાવવા જોઈએ એમ જાણ્યા છતાં તે વગર પણ પોતાનો કેસ જીતી જશે એમ માને છે. આકરો–ગૂંચવણવાળો–ન્યુમોનીઆ જેવો વિષમ જ્વર થયો હોય ત્યારે નિષ્ણાત વૈદ્ય કે ડાક્તરની સલાહ અનિવાર્ય છે તે જાણવા છતાં તેને બોલાવતા નથી અને છતાં દર્દીને સારું થઈ જશે એવી આશા રાખે છે.

સખ્ત શરદીમાં ફરવાથી શ્લેષ્મ થાય છે એમ જાણવા છતાં જરૂરી સંભાળ રાખ્યા વગર રખડે છે અને છતાં પોતાને શ્લેષ્મ નહિ થાય એમ માને છે, ફોજદારી ગુનો કરવાથી જેલજાત્રા કરવી પડે છે એમ જાણવા છતાં ગુનો કરે છે અને છતાં પોતાના સંબંધમાં કાયદા પલટાઈ જશે કે પોલિસ આંધળી થઇ જશે કે માજીસ્ટ્રેટ અનુકૂળ થઈ જશે એમ ધારી લઇ આશાના લાડુ ખાધા કરે છે. આવી આશા પર જીવન લટકે છે અને ખોટી આશા પર અલ્પ અનુભવી માણસ ગોટાળે ચડે છે.

એ હમેશાં એમ જ માનતો ફરે છે કે બીજાને ગમે તેમ

થયું, પણ મારા પોતાના સંબંધમાં તો ગોટો ચાલ્યો જશે. એનામાં ધૃષ્ટતા એટલી બધી આવી જાય છે કે દુનિયાનો ક્રમ પણ પોતાના સંબંધમાં ફરી જશે એમ માની તે ચોખ્ખા ભયંકર સાહસમાં ઝુકાવે છે અને નશીબ પોતાને યારી આપશે એવી આશા રાખે છે. કોઈ વાર સાહસમાં અને કોઈ વાર ધૃષ્ટતામાં એ અટવાયા કરે છે. આશાથી કોઈ વાર એ લાભ પ્રાપ્ત પણ કરી જાય છે પરંતુ અનેક વાર ખત્તા ખાય છે, છતાં આશા એ અમર ચીજ છે અને એના અમરત્વમાં ભાઈશ્રીને પૂર્ણ શ્રદ્ધા હોય છે.

કેટલીક વાર આશાવાદ નફ્ટાઈનું રૂપ લે છે. એની ઉદ્દામતા એટલી વધી જાય છે કે વિવેકચક્ષુ તદ્દન બંધ થઈ જાય છે. કોઈ પણ માણસ ન કરે તેવા કામ કરવામાં પડી જનારા આ કક્ષામાં આવે છે. બાકી કરવાનું કરે અને ન કરવાના કામને નવ ગાઉથી નમસ્કાર કરે તેને આશા પર મદાર કદી બાંધવો જ પડતો નથી. ખોટા પાયા પર ચણેલા ઘરને ટકવાની આશા રાખવી અને પડે ત્યારે વિમાસણ કરવું એ કુશળ માણસનું કામ નથી. પાયાનું ડહાપણ એ સાચું ડહાપણ છે, બાકી કાર્તિક મહિને કણબી ડાહ્યો થાય એમાં અક્કલ નથી, દીર્ઘદર્શિત્વ નથી, વિશાળ વિચારશીલતા નથી. સારાં વાનાં થઈ રહેશે એમ કેમ ધારી લેવું ? શા માટે ધારવું ? વળી આપણું ધાર્યું કેટલું થયું છે તે તો વિચારો અને કર્તવ્યપાલન પછી ગમે તે થાય ત્યાં વિમાસણ નથી એ બરાબર માનો.

" We do not what we ought and do what we ought not to do and lean upon the thought that chance will bring us through. " (*31-10-33*) *Mathew Arnold*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૬૩)

" સાચું બોલવાનો એક લાભ એ છે કે તમે શું બોલ્યા હતા તે યાદ કરવું પડતું નથી. "

સાદી–સીધી વાત માણસને ઘણી વાર ગમતી નથી અને જ્યારે આડાઅવળા રસ્તાઓમાંથી પસાર થવાનું હોય ત્યારે જ મોજ આવે છે. પછી એમાં અટવાય, અથડાય, ભૂલો પડે, ભૂખે મરે ત્યારે એને સીધા રસ્તાની સરળતા ગમે છે, પછી પોતે વાંકો રસ્તો લેવામાં કેટલી ભૂલ ખાધી એનો ખ્યાલ એને મોડો મોડો આવે છે.

સાચું બોલવામાં ગોઠવણ કરવી પડતી નથી, આડાતેડા જવાબ આપવા પડતા નથી, આખી નવી કલ્પના–સૃષ્ટિ ઉત્પન્ન કરવી પડતી નથી અને પકડાઇ જવાનો ભય રાખવો પડતો નથી. જેવું જોયું કે જાણ્યું તેવું બોલનાર જરા પણ કૃત્રિમ જીવન જીવતો નથી. એને કૌભાંડ રચવા પડતાં નથી, અછતી વસ્તુનો નિભાવ કરી લેવો પડતો નથી અને કોઇ જાતનો દંભ કે ગોટાળાને અવકાશ આપવો પડતો નથી. વળી પાંચ પંદર દિવસ ગયા પછી એ જ બાબતનો પ્રશ્ન થાય ત્યારે, પોતે અગાઉ શું બોલ્યો હતો તે યાદ કરવું પડતું નથી. એને સંભારવું શા માટે પડે ? એને તો ભૂતકાળમાં જોયું જાણ્યું હતું તે જ કહેલું હતું અને ફરી વાર તે જ કહેવાનું છે. એની ભાષામાં સરળતા હોય છે, એના દેખાવમાં સ્વાભાવિકતા હોય છે, એના મુખ પર નિર્દોષતા સ્પષ્ટ તરી આવે છે, એ ત્રણે કામમાં એક–અદ્વિતીય–અવિભાજ્ય હોય છે અને રહે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એની સાથે જૂઠું બોલનારનો વિચાર કરીએ તો એ નિરંતર પકડાઈ જવાના ભયમાં રહે છે. એને જરા કુશળતાથી બે ચાર ઊલટપાલટ સવાલો કરવામાં આવે ત્યાં એના મુખ પર ગભરાટની છાયા તરી આવે છે. એ વાત ગોઠવવા બહુ પ્રયત્નો કરે છે, પણ એકાદ જવાબમાં પકડાઈ જાય છે અથવા પકડાઇ જવાના ભયમાં રહે છે. એક અસત્યનો બચાવ કરવાં જતાં એને સંખ્યાબંધ અસત્યો ઉપજાવવા પડે છે અને છતાં ઉઘાડા પડી જવાની એને લાંબો વખત ચિંતા રહે છે. પૈસા પચાવી પાડનાર, જૂઠી સાક્ષી આપનાર, ખોટા દસ્તાવેજો બનાવનાર, વિશ્વાસઘાત કરનાર કે ચોરી અથવા ઠગાઇ કરનાર કેટલી માનસિક વ્યથામાંથી પસાર થાય છે એના આખા માનસનું ચિત્ર રજૂ કર્યું હોય તો ત્રાસ આવે એટલા દિવ્યોમાંથી તેને પસાર થતો બતાવી શકાય, એના આંતરનું ચિત્ર અતિ કાળાશથી ભરેલું જ નીકળે. આવું જૂઠાણું કદી થોડો વખત લાભ આપે પરંતુ અંતે હાનિ વધારે જરૂર થાય જ છે. વ્યવહારમાં કહેવત છે કે ' અલ્લાની લાકડીનો અવાજ નથી પણ તે વાગ્યા વગર રહેતી નથી. ' વાગે છે ત્યારે કયા ગુન્હાની આ સજા થઇ તે સમજાતું નથી, પણ વાગે છે જરૂર. ત્યારે આવી વિચિત્ર પરંપરાવાળી ઘૂંચવનારી સ્થિતિને બદલે સાદી-સીધી અને સરળ રીતિ શા માટે ન લેવી ? સાચું બોલવું એ ત્રણ કાળમાં લાભદાયી છે અને મનની સર્વ ગૂંચવણથી મુક્તિ આપનાર છે. અસત્ય બોલનારને શિક્ષા તો થાય જ છે, પણ તે કયા ગુનાની શિક્ષા થઈ તે ન જાણવાથી તેની કડી મેળવી શકતો નથી.

" One of the advantages of telling the truth is that you don't have to remember what you said. "
(17-1-34)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૬૪)

" સત્ય કદાચ એકાદ લડાઈમાં હારી પણ જાય, પરંતુ મહા-વિગ્રહમાં એની કદી હાર થતી નથી. "

એકાદ વખત સત્ય બોલવા જતાં કદાચ નુકશાન પણ થાય, કોઇ આવી પડતો લાભ ગુમાવવો પણ પડે, કોઈ વાર આપણા નજીકના સ્નેહીની ખફગી પણ વહોરવી પડે, કોઇ વાર વધારે પડતા ડાહ્યા માણસો તરફથી ' અવ્યવહારુ ' નો ઇલકાબ પણ મળે; પરંતુ એ સર્વ થોડા વખત માટે જ રહે છે, અંતે સત્યના ડંકા જરૂર વાગવાના છે એ વાત નિર્વિવાદ છે. એવા નિયમવાળા માણસો જોયા છે કે જેઓ ગમે તેટલા ઊલટા સંયોગો આવે તો પણ અસત્ય ન જ બોલે. આપણા યુગમાં આપણે સત્યના પ્રયોગ કરનાર મહાત્માને જોયા જાણ્યા છે. હરિશ્ચંદ્ર રાજા સત્યવાદીના દૃષ્ટાંતમાં અગ્રસ્થાન ભોગવે છે. એણે અનેક વિપત્તિઓ સહન કરી એથી જરા પણ ઘસાઈ ગયા હોય એમ લાગતું નથી. એનું પ્રેરક ચિત્ર આપણને ખૂબ આહ્‌લાદ આપે છે. એનું કારણ શું ? એ જો વિચારીએ તો આપણને જણાશે કે એ મહાવિગ્રહમાં અંતે હાર્યા નથી. કેટલાક નાના નાના પ્રસંગોમાં એણે સત્ય ખાતર દુ:ખો સહ્યાં; પણ જીવનના મોટા વિગ્રહમાં તો જીતી જ ગયા ગણાય. આખરે વિચારતાં જણાશે કે જીવન એ એક વિગ્રહ જ છે. એનો આખો સરવાળો તો મરણ વખતે જ થાય અને એ વિગ્રહમાં તો સત્યના જ ડંકા વાગે. સાચું બોલનાર કોઇ વખત સહજ ટીકાને પાત્ર પણ થઇ જાય છે, પણ આખરે તો લોકોને સાચા બોલનારા જ ગમે છે. સત્ય બોલવામાં જો પૈસાની હાનિનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મોટા ઉપાશ્રયનો જ્ઞાનભંડાર
સુરત.

ભય લાગતો હોય તો વિચારવું કે પૈસા કોઇની સાથે ગયા નથી અને જવાના નથી. જો માનહાનિનો ભય લાગતો હોય તો વિચારવું કે આપણે તે કોણ માત્ર છીએ ? કીર્તિનાશનો ભય લાગતો હોય તો વિચારવું કે સત્ય જ્યારે આખરે બહાર પડશે ત્યારે વધારે ઉઘાડા પડવા સાથે વિશેષ આબરૂ જશે અને અંતે તો પોતાનાં કરેલાં પોતાને જ ભોગવવાનાં છે. વિચાર કરો, કાળ જશે અને કહાણી રહી જશે. તમે જૂઠું બોલનારા છો એવી વાત તમારી સંતતિને માલૂમ પડે તો તેના ચારિત્ર પર શી અસર થાય ? અંતે યાદ રાખવું જરૂરી છે કે અહીં કે આગળ ઘંટા તો સત્યના જ વાગવાના છે. અનેક અનુભવને પરિણામે સંતો લખી ગયા છે કે ' सत्यमेव जयते '–સત્ય જ જીતે છે. એમાં જે ભાર મૂકાયો છે તે અનુભવસિદ્ધ છે, ત્રિકાલાબાધિત મહાસત્ય છે અને વગર અગવડે જીવનપ્રવાહનો સાચો પંથ છે. એક ભળતું વાક્ય બોલવામાં ધર્મરાજા યુધિષ્ઠિરની આબરૂ ગઇ અને વસુરાજા મહા અધોગતિ પામ્યો. જીવનની જ્યોત સત્ય પર નિર્ભય સ્થિર છે. એ માર્ગે છેવટ કોઇ હાર્યો નથી, હઠ્યો નથી, મુંઝાયો નથી. એને અનુસરનારી જીવનયાત્રા સફળ છે, એના સ્મરણમાં આંતર આનંદ છે, એના પ્રવાહમાં સુગંધ છે, એના વ્યવહારમાં અનેરી મોજ છે. વ્યવહારકુશળ માણસ સત્ય પર આધાર રાખી, જીવનનો મહાન્ વિગ્રહ જીતી આખી બાજી સફળ રીતે સંકેલે છે. સત્યથી પરાજય પામવાની સંભાવના કરવી તે જ અસ્થાને છે. તેને પરિણામે પરાજય હોઇ શકતો જ નથી.

" Truth may sometimes lose a battle, but it has never lost a war. " (1–2–34) S. V.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૬૫)

" પોતાનાં ' ખરાબ નસીબ ' કહીને નાહિંમત થઇ જવું એ માણસની અત્યંત ભયંકર અને મૂર્ખાઇભરેલી ટેવ છે. "

ઘણા માણસો કામનો આરંભ કરતાં પહેલાં ગણગણી ઊઠે છે કે ' ભાઇ ! આપણા નસીબમાં એવો લાભ છે જ નહિ. ' કોઇ દૈવને દોષ આપીને, કોઇ વિધાતાના લેખને આગળ કરીને અને કોઇ નસીબને નામે પોતાની શક્તિનું માપ કરી બેસે છે. એવા માણસોને નવા કામનો ઉત્સાહ થતો નથી અથવા ઘણાખરા તો નવો આદર જ કરતા નથી. માથે હાથ મૂકી બેસી રહેવું, કપાળ પર હાથ મૂકી રડવું અથવા બે ભ્રમરની વચ્ચે આંગળી મૂકી કકળાટ કરવો એ તેમનો જીવનમંત્ર હોય છે. એને વાત વાતમાં કકળાટ સૂઝે છે, એને કાળમાં કાળી મર્યાદા દેખાય છે અને પોતાપૂરતી દુનિયા કડવી ઝેર ભાસે છે. એના વિચાર, વર્તન કે વચનમાં નિરુત્સાહ, આફત અને ઊલટપુલટ ભાવ દેખાય છે. એ આખી દુનિયા જાણે ખોટે માર્ગે જતી હોય અથવા પોતાપૂરતી જાણે દુશ્મનાવટ કરી રહી હોય, જાણે દુનિયાનાં તત્ત્વો પોતાને માટે રીસાઇ ગયાં હોય એવું જ એને લાગ્યા કરે છે. એનાં કાર્યો પણ પછી એવાં જ વિપરીત ક્રમ લે છે અને ' રડતો જાય તે મુવાના સમાચાર લાવે ' એવી એની દશા થાય છે. આ આખું માનસ જ ભૂલભરેલું છે. આખી પરિસ્થિતિ જ વિપરીત છે અને આખી વિચારપ્રણાલિકા જ મૂર્ખાઇભરેલી છે. વ્યવહારકુશળ માણસની એ દશા ન હોય.

પ્રથમ તો એક વાત એ છે કે પોતાના નસીબમાં શું છે ? કેવું છે ? તે પ્રથમથી જાણી લેવાનું જ્ઞાન આ કાળમાં અશક્ય છે.

P. P. Ac. Gunratnasuriji M.S.   Jin Gun Aaradhak Trust

બીજું એવું જ્ઞાન કોઇ આપે તો તેમાં કલ્પના અથવા ખોટી ગણતરીને મોટું સ્થાન હોય છે. સર્વથી અગત્યની વાત તો એ છે કે એક બે વાર કે પાંચ પચીશ વાર પાસા અવળા પડે એટલે હમેશાં તેમ જ થયા કરશે એમ માની લેવાનું કાંઇ કારણ નથી. હમેશાં યાદ રાખવું કે રાત પછી દિવસ આવે છે જ. સદા કાળ રાત ને રાત રહેતી નથી, રહેવાની નથી, કદી રહી નથી. દુનિયામાં જે નાનાં મોટાં સાહસો થયાં છે તે કપાળ કૂટવાથી થયાં નથી, થાય જ નહિ. દુનિયામાં ચડતી–પડતીનાં ચક્રો તો સર્વને જરૂર આવે છે, પણ તે સદાકાળ બેસી રહેતાં નથી. આપણું ચક્ર કયારે ઊર્ધ્વગતિ કરશે તે આપણે જાણતા નથી. પ્રમાણિકપણે આગળ ધપવાથી, સાધ્યને માર્ગે ચપળતાવડે ચાલવાથી અને પડતાં તરતજ ઊઠી જવાની ટેવ પાડવાથી અશકય પણ શકય બને છે અને અંતે સાધ્ય જરૂર સાંપડે છે. નસીબને ઠપકો આપવો એ હીનસત્ત્વનું કામ છે, મંદનું કામ છે, આળસુને શોભે તેવું કામ છે. પુરુષાર્થ પાસે નસીબ રાંક છે, વગર કિંમતનું છે અને અર્થવગરનું છે. હિંમતથી આગળ ધપનારને સદા આનંદ જ છે અને પ્રયત્ન કરવાથી જે અંતર આનંદ થાય છે તેનું મૂલ અમૂલ્ય છે. સમજુ માણસ નસીબને કદી ગણકારે નહિ, આદરેલ કામ છોડી દે નહિ અને આત્મબળ પર વિશ્વાસ રાખી આગળ ધપે, એવા કુશળ મનુષ્ય ' નસીબ ' પર સામ્રાજ્ય મેળવે છે અને આવડત હોય તો નસીબને ફેરવી પણ શકે છે. આત્મશક્તિ પાસે નસીબ રાંક છે અને પુરુષાતનવાળો મનુષ્ય એ જ ખરો મનુષ્ય છે.

" The most fated and most stupid thing a man can do is to be discouraged by what he calls bad luck."
(*21-3-34*) Calr

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૬૬)

"જ્યાં ઇચ્છા છે ત્યાં માર્ગ છે, જ્યાં ઈચ્છા નથી ત્યાં ડુંગરા છે."

આ દુનિયામાં અશકય વસ્તુ કોઇ નથી, પરંતુ કોઇ પણ કામ કરવા માટે દૃઢ ઇચ્છા જોઇએ અને શંકા વગરનું માનસ જોઇએ. જ્યાં ઇચ્છા ન હોય ત્યાં અનેક જાતના ગોટા વાળવા પડે છે; બાકી જ્યાં અંતરમાં ખરેખરી ઇચ્છા થઇ ત્યાં માર્ગ મળી જ રહે છે. બારણું ખખડાવો એટલે ઉઘડશે. બાકી બેસી રહેનાર કે સૂઇ રહેનારને કાંઇ મળતું નથી. ઉદ્યોગી માણસ ઇષ્ટ વસ્તુ જરૂર પ્રાપ્ત કરે છે. વળી દૃઢ ઇચ્છાથી પ્રાપ્ત કરેલ વસ્તુનો આનંદ પણ અનેરો હોય છે. વાત એ છે કે કોઇપણ વસ્તુ મેળવવા માટે દૃઢ ઈચ્છા જોઇએ અને તે વસ્તુ જરૂર મેળવવી છે એવી શંકા વગરની ભાવના હોય ત્યાં વસ્તુ મેળવવાના સાધનો જરૂર મળી આવે છે. 'संशयात्मा विनश्यति' એ યોગનું જાણીતું સૂત્ર છે. ઊંડાણમાં પણ શંકા ન હોવી જોઇએ. વગરશંકાએ અને દૃઢ ઇચ્છાએ જે આગળ ધપે છે તે વિધિના લેખને પણ અમુક યુક્તિએ ફેરવી નાખે છે. ઘણાખરાને અંદર ઊંડાણમાં પોતાની શક્તિ, આવડત કે પ્રારબ્ધ માટે શંકા હોય છે, એ નાસીપાસીની ખાઇમાં સબડ્યા કરે છે અને પછી નાસીપાસ થઇને માનસિક દુ:ખવડે હેરાન થયા કરે છે. જ્યાં દૃઢ ઇચ્છાશક્તિની ગેરહાજરી હોય છે ત્યાં અનેક અડચણો આડી આવે છે. એવે વખતે એ વચ્ચે આવનારને ઠપકો આપે છે અથવા પોતાને લાભ ન થતાં તેની જવાબદારી સાધનસામગ્રી-ને માથે અથવા કોઈ અન્ય મનુષ્યને માથે નાખે છે. એની અંદર પોતાની ઈચ્છાશક્તિની નિર્બળતાને તે સાધારણ રીતે જોઈ પીછાની શકતો નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જો મોટી બાબતને સાધ્યમાં રાખી પ્રયાસ કરવામાં આવે તો કાર્યસિદ્ધિ થતાં અસાધારણ સંતોષ થાય છે અને કદાચ ફત્તેહ ન થાય તો વીરપુરુષને યોગ્ય વર્તન કર્યું એવો સંતોષ તો થયા વગર રહેતો જ નથી; અને ફતેહ ન થાય એમ ધારવું એ પણ નબળાઇ જ છે. આખા જીવન ઉપર નજર નાખતાં જણાઇ આવશે કે દૃઢ ભાવના અને પ્રબળ પુરુષાર્થ આગળ કોઇ ચીજ ન મળે તેમ નથી, કોઇ સાધ્ય અગમ્ય નથી, કોઇ વસ્તુ અપ્રાપ્ય નથી. જે આત્મા પવન, સમુદ્ર કે આકાશને વશ કરી શકે છે, જે અનંત કાળના વિશાળ પટ પર નાચ કરી શકે છે તેને કોઇ વસ્તુ કે પરિણામ ન મળી શકે, પોતે ન મેળવી શકે એ વાત ન માનવા યોગ્ય છે. તેટલા માટે ભાવના દૃઢ રાખવી, ઇચ્છા સ્પષ્ટ રાખવી, પોતાની શક્તિ પર વિશ્વાસ રાખવો અને આત્મવીર્યની અનંતતા સમજી લેવી. મનમાં કદી ખોટા તરંગો ઉત્પન્ન થવા દેવા નહિ અને કલ્પનાના બાઉને તાબે થઇ જવું નહિ. માનસિક ચિત્રો ખડાં કરવાં નહિ અને અવ્યવસ્થિત માનસિક પ્રવૃત્તિને ઉત્તેજન આપવું નહિ. જ્યાં મનમાંથી આહટ્ટદોહટ્ટ ગયાં ત્યાં વિજયવરમાળા પોતાની જ છે એમ સમજી લેવું. દૃઢ ભાવનાથી નાટક કરનાર પણ મોક્ષે ગયા છે. માર્ગ કરવો કે ડુંગર ખડો કરવો એ પોતાના અંતરના વલણ પર જ અવલંબન કરે છે અને દૃઢ ઇચ્છાશક્તિ પાસે કુદરત અને સંયોગો પણ અનુકૂળ થઇ જાય છે. માગો અને મળશે, ઊઠો અને સામેથી આવશે, દોડો અને ભેટશે. તમારું શ્રેય તમારા જ હાથમાં છે.

Where there's a will there's a way
Where there's no will there's a hill. (*24–4–33*)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૬૭)

" જેઓ પોતાની પ્રશંસા કરે છે તે દીપી નીકળતા નથી, જેઓ પોતાનો બચાવ કરે છે તે ખાત્રી કરાવી શકતા નથી, જેઓ પોતાનું વ્યક્તિત્વ બતાવવા મથે છે તે ટકી શકતા નથી."

આ ત્રણે સૂત્રો ભવ્ય છે, મહાન્ છે, ખાસ યાદ રાખવા લાયક છે. એમાં જીવનના અનુભવોનાં પરિણામો સંગ્રહ્યાં છે અને ખૂબ વિચારમાં નાખી દે તેવા સત્ય હોઈ દેખીતી રીતે ગૂંચવણવાળાં લાગે છે, છતાં સાર્વજનિક સત્ય તરીકે સમજાય તેવાં છે. ચીનમાં લેઓટ્ઝે (Lootsze) નામનો તત્ત્વવેત્તા થઇ ગયો. તેનો સમય ઇ. સ પૂર્વે ૫૦૦ નો છે. એણે જે ધાર્મિક ફરમાનો બતાવ્યાં છે તેને ' ટેઓઇઝ '(Taoism)ના નામથી ઓળખવામાં આવે છે. ટેઓ (Tao) શબ્દનો અર્થ ચાઇનીઝ ભાષામાં ' માર્ગ ' રસ્તો (way) થાય છે. અંદર સાચું હીર હોય તેને ખોટો દેખાવ કરવો પડતો નથી અને ખોટા ધાંધલ કરે તે આખરે દીપી નીકળતા નથી. અંદર શું તત્ત્વ છે એ આખરે જણાયા વગર રહેતું નથી અને દંભ આખરે ઉઘાડો પડ્યા વગર રહેતો નથી. તમે થોડા વખત સુધી થોડા માણસોને છેતરી શકો, પણ આખો વખત સર્વ માણસોને છેતરી શકશો નહિ. વળી ખોટાં ધાંધલ ને બાહ્ય દેખાવો કોને માટે કરવાં ? અંતે ટકી ટકીને અહીં કેટલો વખત રહેવાના છો ? સત્ય વાત એ છે કે ચાર દિવસનું ચાંદરણું અને પછી તો ઘોર અંધારી રાત છે. અંદર સાચું મૂલ્યવાન વિત્ત હશે તો દીપવાની ઇચ્છા કે તે માટે પ્રયત્ન કરવો પડતો જ નથી અને ખોટી રીતે અંદર સત્ત્વ ન હોય છતાં દેખાવ કરનાર આખરે દીપી નીકળતા જ નથી. આ વાત સમજવાની બહુ જરૂર છે. હીરો પોતાના મુખથી પોતાની કિંમત કરી બતાવતો નથી અને પાસ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાડેલા ઝબકારા મારતા કાચની કિંમત અંતે થયા વગર રહેતી નથી. પોતાનો બચાવ કરવો પડે અથવા પોતાનાં કામો વાજબી હતાં એવી દલીલ કરવી પડે તેવા માણસો સામાનાં દિલ પર કદી સત્યપણાની છાપ પાડી શકતા નથી. બચાવ કોને કરવો પડે ? દલીલ કયારે કરવી પડે ? અંદર કાંઈ ગોટાળો હોય તો જ. બાકી સત્ય તો ત્રણ કાળમાં સત્ય જ છે; એને કદી દલીલ કે ચર્ચા કરવી પડતી નથી. કોઈ એમ માને કે પોતાનો બચાવ કરવાથી કે મોટું ભાષણ આપવાથી સામો માણસ તેનો મત ફેરવશે તો તે ખાંડ ખાય છે. માનસવિદ્યા જાણનાર એવી દલીલથી કદી લેવાઈ જતા નથી અને એવી રીતે બચાવ કરવો એ શક્તિની અલ્પતા સૂચવે છે અને જાણે હું આ દુનિયામાં કાંઇક છું એવી રીતે છાતી કાઢીને ચાલનારા અથવા પોતાની વધારે પડતી કિંમત અંકાવવાનો પ્રયત્ન કરનારા અંતે ટકી શકતા નથી. તમારું અમુક સ્થાન જીવનમાં જરૂર છે જ, પણ 'હું આવો અને હું તેવો '-એવી ડંફાસ મારવાથી જીવન-સમુદ્ર તરી શકાતો નથી. જીવનમાં ફતેહ મેળવવાની ચાવી એક જ છે: તમારું કામ તમે સારી રીતે કરી છૂટો. એ કામ તમને બતાવી આપશે. બાકી 'હું પહોળો અને શેરી સાંકડી' એ રીતે આ દુનિયામાં ટકી શકાતું નથી અને એવી રીતે વર્તનારને દુનિયા જીરવી શકતી નથી.

પચીસસેં વર્ષો પહેલાં નોંધાયલાં આ અનુભવી વાકયો તે કાળે સત્ય હતાં, આજે પણ સત્ય છે અને ભવિષ્યમાં સાચાં જ રહેશે.

" Those who show themselves off do not shine;
Those who justify themselves are not convincing;
Those who assert themselves do not endure. "
(1-2-36) The Taoist Classic, 500 B.C.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૬૮)

" આપણી મહત્તા કદી પણ નહિ પડવામાં નથી, પણ પડીએ તે દરેક વખત ઊઠી જવામાં છે. "

પડવાની વાત ઘણી સામાન્ય છે, ચાલતાં ઠેસ આવે ને પડી જવાય, પગપાયરી પર કેળાની છાલ પર પગ પડે ને લપસી જવાય, અંધારામાં ખાડો કે ઢેકું આવે ને પડી જવાય, પગથીઉં ચૂકી જઈએ ને પગ ભાંગી બેસાય. પડી જવું એ નવાઈની વાત નથી, પણ પડતાં જ ઊભા થઈ જવાય તેમાં મહત્તા છે. પડ્યા અને દબાઈ ગયા કે રડી ઊઠ્યા તો તો પછી ઝોળીએ જ નાખવા પડે અથવા એમ્બ્યુલન્સ કાર બોલાવવી પડે. લપસણા રસ્તા પર ઘોડા ઘણીવાર સરકી પડે છે. જો કોચમેન હોશિયાર હોય તો લગામ ખેંચી પકડે છે અને ઘોડો ઊભો થઈ જાય છે. જો આવડત ન હોય તો ઘોડો પડી ગયા પછી ઊઠી શકતો નથી અને છેવટે તેના બન્ને બાજુના પુલ કાપી નાખવા પડે છે. ઘોડાને અને ગાડીમાં બેસનારને ભારે તકલીફ થાય છે અને ઘોડાને ઘણી વાર પગે કે પેટે નાની મોટી ઇજા પણ થાય છે. ચાલાક માણસ પડતાં વેત જ ઊભો થઇ જાય છે અને ઊભો થઇ ચાલવા માંડે તો પડી ગયાની વાત પણ વીસરી જાય છે; નહિ તો પછી ખાટલો સેવવો પડે છે, શેક કરવા પડે છે અને અનેક ઉપચારો કરવા પડે છે.

આ તો સામાન્ય પડવાની વાત થઈ. તે પર ઉલ્લેખ કરવાની ભાગ્યે જ જરૂર હોય. કુશળ માણસના પડવાની વાત આલંકારિક છે. જીવનમાં છાયા–તડકા જરૂર આવે છે. પડતી–ચડતીના ચક્ર-રમાં ઉપર–નીચે પ્રત્યેક પ્રાણીને જરૂર જવું પડે છે. આસામીના સામી (સ્વામી–ભિક્ષુક) થઇ જવાય છે અને હજારોનો માલેક આવતી કાલે ધૂળમાં રગદોળાય છે, મહાવિગ્રહ પછી અનેકને

P. P. Ac. Gunratansuriji M.S.　　　　　　Jin Gun Aaradhak Trust

લક્ષાધિપતિ થતાં જોયા, તેમને ગાંડા થઇ જતાં પણ જોયા અને બૂરા હાલે મરતાં પણ જોયા. પ્રમાણિકપણે સાચી દાનતથી વર્તતા પણ પૈસા ખોઇ બેસાય તો દબાઇ જવાની જરૂર નથી. સાચી નિષ્ઠા હોય, નેક દાનત હોય તો કામ નભે જાય છે; પણ ઘરમાં હજારો કે લાખો રાખી લેણદારને રડાવનારના ભીખનાં હાલ્લાં કદી શીકે ચડતાં જ નથી. કદાચ થોડો વખત એ દૂધ-ચોખા ને સાકર ખાય, પરંતુ અંતે એને ભરપટ્ટે હિસાબ આપવા પડે છે અને કાં તો દુર્બુદ્ધિથી ખોવાનો વેપાર કરવાનો વિચાર થાય છે અથવા ગાંડપણ આવે છે. સાચી દાનતવાળો પડે તો પણ ઊભો થઇ જાય છે અને ઊભા થઈ જવું એ પોતાના હાથની જ વાત છે. એવી જ રીતે કોઇ ધંધામાં, લેખનમાં, કસરતમાં પડવાથી ડરી જવાનું નથી, પણ પડતાં જ ઊભા થઈ જવાની કુશળતા પ્રાપ્ત કરી લેવામાં મહત્તા છે. સત્યનો આશ્રય, લીધેલ લાભ વ્યાજ સાથે વાળી આપવાની તીવ્ર ભાવના અને પરિસ્થિતિથી દબાઇ ન જતાં ઊંચે આવવાની આવડત હોય તો પડ્યા તેથી ગભરાવાની જરાપણ જરૂર નથી. અનેક પડેલાઓને પાછા ઉપર આવતા જોયા છે, પણ અપ્રમાણિક માણસો પડ્યા પછી વધારે કચરાય છે, દબાય છે, ધૂળમાં રગદોળાય છે. પાક દાનત અને સત્ય ચરિત્રના ડંકા જરૂર વાગે છે અને દૈવના ઘરમાં સો મણ તેલના દીવા બળે છે એનો સાક્ષાત્કાર થાય છે. આપણી બાબતમાં ગોટો ચાલ્યો જશે એમ માનનાર આત્મવંચના કરે છે. એને બહુ મોડું ડહાપણ આવે છે, પણ પછી તે નકામું નીવડે છે. પડતી વખતે જ સાચી નીતિ હોય તો તે આખરે નિઃસંશય સ્વસ્થાન પ્રાપ્ત કરે છે.

"Our greatest glory is not in never falling, but in rising everytime in fall." (16-9-33) Goldsmith

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૬૯)

" તમે જીત મેળવવામાં પાછા પડ્યા હો તો તે મેળવવાનો હજુ સમય છે. "

કોઇ પણ વસ્તુ મેળવવા પ્રયત્ન કર્યો અને તે ન મળે તો તેથી હિંમત હારી જવાનું કારણ નથી. ફરી વાર પ્રયત્ન કરશો તો જરૂર તે વસ્તુ મળશે. બારણા ઠોકો એટલે જરૂર ઉઘડશે. એક વાર, બે વાર, ત્રણ વાર, અનેક વાર. જો કાર્યની તાલાવેલી ચોક્કસ હોય અને તે પ્રાપ્ત કરવાની ભાવના શંકા વગરની હોય તો તે ફતેહ અંતે તમારી જ છે. એક પ્રચલિત ઉક્તિ છે કે ' કામનો આદર ન જ કરવો એ પહેલું બુદ્ધિનું લક્ષણ છે અને આદરેલ કામને પાર પહોંચાડવું એ બુદ્ધિનું બીજું લક્ષણ છે. ' આદર્યા પછી અડધે રસ્તે કામને રખડાવવું એ તો નામર્દનું કામ છે, નબળાઇનું કર્તવ્ય છે. એક એવા જ જાણીતા સૂક્તમાં કહ્યું છે કે ' સામાન્ય માણસો અડચણ-વિઘ્ન આવી પડશે એવી કલ્પનાથી કામનો આદર જ કરતા નથી, મધ્યમ માણસો આદરે છે તો ખરા, પણ વિઘ્ન આવે એટલે અટકી જાય છે અને કામને મૂકી દે છે; પણ ઉત્તમ માણસો તો ગમે તેટલા વિઘ્નો આવે છતાં તેની સામે થઇને પણ આદરેલ કામને છોડતા નથી. ' તમે કોઇ પણ કામની શરૂઆત કરવા બંધાયલ નથી, શરૂઆત કરવા પહેલાં તેના લાભાલાભની તુલના કરો, ગણતરી કરો, સરવાળા બાદબાકી મૂકો; પણ એક વાર આદર્યું એટલે તો પછી જીવ સટોસટની વાત થાય. પછી જો મૂકી દેવામાં આવે તો ગદ્ધાપણું પણ જાય અને બ્રહ્મચારીપણું પણ જાય, માટે પરિપૂર્ણ વિચાર કરીને કામ માથે લેવું અને લીધું એટલે પછી તો એને પાર પાડ્યે જ છૂટકો. અને એક વાર ફાવ્યા નહિ તો આમ ગભરાઇને શું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બેસો છો ? એ તો ઘોડે ચડે તે પડે પણ ખરો, પણ એક વાર પડ્યા એટલે આખી જિંદગીમાં બીજી વાર ઘોડે બેસવું જ નહિ એવો કાંઇ નિર્ણય કરી બેસાય ? ઘણીખરી વખત તો આપણે હિંમત હારીને બેસીએ એની બીજી જ પળે વિજય મળવાનો હોય છે અને એવા અનેક દાખલાઓ પણ જોયા છે; માટે જરા પણ ગભરાવાનું નથી. અને ગભરાઈ ગયે વળે પણ શું ? તમારો પુરુષાર્થ તો પ્રયત્ન કરવામાં છે. એક વાર પાછા પડ્યા એમાં કાંઇ જિંદગી પૂરી થઇ જવાની હતી ? અને જિંદગીમાં તો હજુ તમારે ઘણું કરવાનું છે. આમ હારીને બેસી જશો તો પછી મોટાં કામો કેમ કરશો ? નિરંતર યાદ રાખો કે પડેલા ઊભા થઇ શકે છે, માંદા પડેલા સાજા થઇ શકે છે અને હારેલા જીતી શકે છે. હાર્યા એટલે ખલાસ થઇ ગયું એમ કદી સમજવાનું નથી. એમ સમજનારના વિજયડંકા કદી વાગતા નથી. ફરી ફરી પ્રયત્ન કરતાં અંતે વિજયવરમાળા જરૂર તમારા ગળામાં આવવાની છે. રાજા અને કરોળીઆની વાત તો તમે વાંચી છે. કરોળીઆ જેવું પ્રાણી પાછા પડતાં ગભરાયું નહિ અને અંતે ઇચ્છિત સ્થાનકે પહોંચ્યું તો તમે તો બુદ્ધિકળાસંપન્ન, સુંદર દેહધારી અને સાધનસામગ્રી એકઠી કરવાની રીત સમજનારા છો, એને નાસીપાસ થવું કેમ પાલવે ? અને આદરેલ કામ છોડી દેવું કેમ યોગ્ય લાગે ? માટે આદરેલ કામ અધવચ મુકાય નહિ. મુખ બહાર નીકળેલ પાછું ગળાય નહિ અને કરવા માંડેલા કામ છોડાય નહિ. હવે એને તો ઠેકાણે પાડે જ છૂટકો. તમને એમ કરવા માટે સમય છે, તક છે, જરૂરીઆત છે; માટે સત્વર તૈયાર થઈ જાઓ.

"*If you have lost a victory, there is time to win.*"
(*27-6-33*)

(૭૦)

"તકરારોના છેવટને અંગે સમસ્ત દુનિયાનાં ન્યાયશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને અર્થશાસ્ત્રનો સરવાળો કરીએ તે કરતાં એક મીઠા હાસ્યે તકરારોનો નિવેડો વધારે સારી રીતે આણ્યો છે અને કફોડી સ્થિતિઓમાંથી બચાવી લીધા છે."

બહુ સુંદર હકીકત છે. પાડોશી સાથે ભાગલા કરવાનો વાંધો પડ્યો હોય કે છાપામાં નાલેશી કરનારો લેખ પ્રગટ થયો હોય, રસ્તે ચાલતાં કોઇએ અને કોઇએ ઉપરથી પાણી નાખ્યું હોય કે તોફાની છોકરાને કોઇએ લાત મારી હોય–આના પ્રતિધ્વનિ તરીકે માણસ કાં તો વકીલને ત્યાં નોટિસ લખાવવા દોડે અથવા સલાહ મળે તે પ્રમાણે દિવાની કે ફોજદારી કરે. પછી એ જીતે કે હારે પણ કચવાટ તો રહી જ જવાનો અને સામા આસામી સાથે જીવનભરનું વેર બંધાય તે જુદું. કોરટમાં જાય તો ત્યાં તો વિદ્વત્તા ભરેલી કે સાચાને પણ ચક્કરમાં નાખી દે તેવી દલીલો થાય અને સફેત હોય તેને પણ કાળું બતાવવાના પ્રયત્ન થાય.

કોઈની સાથે વાંધો પડે કે તકરાર થાય ત્યારે કાં તો ન્યાયની દલીલો ચાલે અથવા ખર્ચના સરવાળા થાય અને લાભાલાભની બાદબાકી થાય. ધર્મ કે ક્રિયાના ઝગડા થાય ત્યાં શાસ્ત્રાર્થ કરવાના આહ્વાનો થાય કે તત્ત્વજ્ઞાનની ચર્ચાઓ થાય, દેશના પ્રશ્નો આવે ત્યાં અર્થશાસ્ત્રના આંકડાઓ ઉપર ઝૂક પડે અને આવક–જાવકના આંકડા પર વિવાદો ચાલે. એક વાત ચોક્કસ છે કે મનુષ્યભાવ જે પ્રકારનો વર્તે છે તે જોતાં વાટાઘાટથી કે ન્યાયની દલીલોથી, તત્ત્વજ્ઞાનના આધારોથી કે અર્થશાસ્ત્રના આંકડાઓથી તકરારનો–કજિયાનો નિકાલ આવે એ આશા રાખવી ફોકટ છે. કદાચ લવાદીથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તકરારનો છેડો આવે તો પણ પક્ષકારોના દિલમાં કચવાટ તો જરૂર રહે છે. જીતનારને જીત ઓછી પડે છે અને હારનાર ન્યાયાધીશ કે લવાદને પક્ષપાતી ગણે છે અને કોઇ વાર લાંચીઆ પણ કહી નાખે છે. એવે વખતે એક મીઠું હાસ્ય વાતનું ઝેર કાપી નાખે છે. જેને સહજ ઈજા થઈ હોય તે મનની વિશાળતા વાપરી વાતને ગંભીર ન બનાવતાં રાળીટાળી નાખે અથવા ઈજા કરનાર પોતાનો માન–મરતબો છોડી દઈ સામાની પાસે જઈ પ્રેમથી હસીને સામાને પોતાનો કરી લે તો વાત પતી જાય છે અને ખરચ, કંટાળો કે કચવાટ રહેતાં નથી.

ઘણીખરી તકરારો ખ્યાલી અને અભિમાનમૂલક હોય છે. એનો નિકાલ સહજ છે. માત્ર માણસને હસતા આવડવું જોઇએ. વખતસરના એક હાસ્યથી મોટાં વૈરો શમી જાય છે અને સામો માણસ પોતાનો થાય છે. ચર્ચાનો અંત આવતો નથી, દલીલની સામે દલીલો જરૂર હોઇ શકે છે, પણ વાતને નરમ કરનાર હાસ્ય સામે કોઇ જવાબ નથી અને એ જેને આવડે તેને અર્ધું રાજ્ય પ્રાપ્ત થઇ જાય છે. વાતને હસી કાઢવાની ટેવથી માનભંગ થઇ જવાય છે એ ખ્યાલ ખોટો છે. મમતે ચઢી ગયા પછી વખત અને ધનની જે બરબાદી થાય છે તેનો સરવાળો કરવામાં આવે તો માન કે અભિમાન તો મનને મનાવવાના ધાંધલ છે. વખતસરનું હસવું એ જીવનની મોજ છે અને કુશળતાનો સુંદર આદર્શ છે. મક્કમ અને અડગ બેસવામાં વિશાળતા નથી. વિશાળતા અને સજ્જનતા વાતને હસી કાઢવામાં–નરમ પાડવામાં છે. સફળ જીવનની આ એક સફળ ચાવી છે.

" Laughter has settled more disputes and saved more awkward situations than all life's logic, philosophy and economics put together. " (*17–10–33*)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૭૧)

" એક ચીજ કરી નાખો, એના સંબંધમાં વાતો ન કરો. "

આવું વાક્ય યાદ કરવા યોગ્ય છે. પ્રોપર્ટી માર્કેટ નામના પાક્ષિકમાં તે નીચે પ્રમાણે છે:—Just do a thing and don't talk about it. This is the great secret of success in all enterprises. Talk means discussion, discussion means irritation, irritation means opposition, and opposition means hindrance always, whether you are right or wrong.

ભાવાર્થ :—એક ચીજ કરી નાખો, એના સંબંધી વાતો ન કરો. વાત થાય એટલે ચર્ચા, ચર્ચા એટલે ગરમાગરમી, ગરમાગરમી એટલે વિરુદ્ધતા અને વિરુદ્ધતા એટલે તમે સાચા હો કે ખોટા હો તે વાત બાજુ પર રાખી તમારા કામમાં અડચણ (પ્રત્યવાય).

આ તદ્દન સાચી વાત છે. જેને કામ કરવું છે તેને વાત કરવી ન પાલવે. વાતે ચઢ્યા એટલે કામના ગુણ–દોષ પર ચર્ચા જરૂર થાય. સર્વ માણસો પોતાની અક્કલ માટે માન ધરાવનારા હોય છે, એટલે સાચા ખોટા મુદ્દાને વળગી પડે. ચર્ચા થતા ગરમાગરમી અનિવાર્ય છે અને સામાની સ્ટીમ ચઢી એટલે એ સામે ચઢી જાય અને પછી તો પોતાની વાત સાચી હોય કે ખોટી હોય તેનો વિવેક ન કરતાં એ કામમાં ખલેલ કરવા તત્પર થઇ જાય. આ સર્વ આપણા દરરોજના અનુભવનો વિષય છે. સામાન્ય ચર્ચા કેટલીક વાર તો એવું ઉગ્ર રૂપ લઈ બેસે છે કે એમાંથી અંગત તકરાર પણ થઇ જાય છે અને કોઇ કોઈ વાર તો આજન્મ વૈર બંધાય છે.

જેને ખરેખરું કામ કરવું છે તે કદી વાતો કરવામાં રોકાય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખરા ? એનું ધ્રુવધ્યાન તો કામ ઉપર જ હોય. એને તો કામ, કામ ને કામ જ સૂઝે, વાતો કરવી અને ચર્ચા કરવી એ તો નવરા માણસનું કામ છે અને આ જિંદગી પૂરી મળી હોય તો પણ એટલી ઓછી છે કે વાતો કરવાનો અત્યારે વખત નથી અને વાતો કરવામાં વળે પણ શું ? જેની સાથે વાતો કરીએ તે પોતાની આંગળી ચલાવવાના નથી કે મદદ કરવાના નથી, ઊલટા બની શકે તો નાસ્રીપાસ કરશે કે કલ્પિત ભયો ખડા કરી દેશે. મોતીશા શેઠે કુંતાસરનો ખાડો પુરાવ્યો ત્યારે વાતો કરી હોત તો દેવવિમાન જેવું ભવ્ય જિનાલય શત્રુંજય પર કદી કરી શકયા હોત નહિ અને જેને વાત કરી હોત તે એને ઠંડા બનાવી દેત. એ તો માનતા હતા કે ' શું કરું ? મુંબઇ દૂર રહ્યું, નહિ તો મારી એક વખાર ઉઘાડું તો સાકરથી આ ખાડો પૂરી દઉં ! ' આવા દૃઢ વિચારવાળા હોય તે વાતો ન જ કરે. એ તો કામ આદરી દે અને તેનો પાર પામવા તન-મન-ધન ખરચી નાખે. વાતો કરનારા કામ કરતા નથી અને જેને કામ પાર પાડવું છે તે વાતો કરવામાં વખત કાઢતા નથી. મનસુબા કરવામાં અને સાટાને કેટલા શેર ઘી પાવું તેની ચર્ચા કરવામાં તો ઘીનાં આખાં ને આખાં આંધણ બળી જાય, પણ ઘણીવાર વાત પૂરી થતી નથી. પરિણામ આવ્યા પછી તો સર્વ ધન્યવાદ દેવા આવે છે, પણ તે જ માણસોને પહેલાં પૂછ્યું હોય તો તો વિઘ્નપરંપરાની મોટી ફિલમ ખડી કરી દે એવો જનસ્વભાવ છે. વ્યવહારકુશળ માણસો કામને જ જુએ છે, કામને જ ઝંખે છે અને કામમાં જ તરબોળ રહે છે. વાતોમાં વખત કાઢવો એ નિર્માલ્ય, પોચા અથવા દેખાડો કરનારાઓનું કામ છે.

" *Just do a thing and don't talk about it.* " P. M.
(*18-2-35*)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૭૨)

" મૂર્ખ સાથે કામ પાડવું એ લુચ્ચાની સાથે કામ પાડવા જેટલું જ ભયંકર છે અને વધારામાં મૂર્ખ લુચ્ચા કરતાં વધારે હઠાગ્રહી હોય છે. "

મૂર્ખાઓની સાથે કામ પાડવામાં ભારે અગવડો પડે છે. મૂર્ખ ને ગાંડામાં બહુ થોડો તફાવત હોય છે. એવા સાથે કામ પાડવામાં ડગલે ને પગલે ગૂંચવાડા ઊભા થાય છે. એ વાત પૂરી સમજે નહિ છતાં એનામાં સમજણનું અભિમાન પાર વગરનું હોય છે. અક્કલની વહેંચણી આસો વદિ અમાસની અંધારી રાત્રીએ થયેલી, એટલે મૂર્ખાઓ તો દુનિયાની અરધાથી વધારે અક્કલ પોતામાં છે એ ધોરણે જ આગળ ધપે છે. જ્યાં માણસ સમજે નહિ અને પોતાનો કક્કો ખરો કરવા તૈયાર રહે ત્યાં અગવડ અને ગોટાળા થયા વગર રહેતાં નથી. એવાની સાથે કામ પાડતાં શાંત માણસ પણ થાકી જાય છે. અભિમાની શેઠીઓ મૂર્ખ હોય ત્યારે નોકર–ચાકર સાથે એવાં ચેડાં કાઢે છે કે એના પર એક નાટક લખાય. એ તો પૈસાના તોરમાં દુનિયાને તુચ્છ માને અને આકાશમાં ઊડયા જ કરે.

ઘરની બૈરી મૂર્ખ હોય ત્યારે સમજુ પતિને ભારે અગવડ થાય છે. પતિ પોતાની અક્કલથી દુનિયાને આંજી દે તેવો હોય પણ ઘેર આવે ત્યારે એને બિલાડી જેવા બની જવું પડે છે, એને બિચારાને મોં બાંધીને માર પડે છે અને વધારામાં એ પોતાનું દુઃખ લજ્જાથી કોઇ પાસે કહી પણ શકતો નથી. સમજુ તેમ જ કુશળ સ્ત્રીને મૂર્ખ પતિ મળે ત્યારે પણ એવી જ દશા થાય છે અને પછી **દીવાળી** ને **લઘુચંદ**ના ફારસ ભજવાય છે. તેવી જ રીતે મૂર્ખ મિત્ર મળે ત્યારે પણ અગવડનો પાર રહેતો નથી. સમજુ પિતાને મૂર્ખ પુત્ર હોય ત્યારે પિતાની સ્થિતિ, મૂર્ખ ભાઇના વિચક્ષણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બંધુની સ્થિતિ, અક્કલ વગરના પછાત રહેલા સંબંધીઓની સ્થિતિ અને વિદ્વાન પ્રગતિશીલ જ્ઞાતિજનની સ્થિતિ વિચારીએ ત્યારે સંસ્કૃત કવિની પેઠે બોલી જવાય કે ' જંગલમાં જંગલી પ્રાણીઓ સાથે વસવું સારું, પરંતુ ઈંદ્રભુવનમાં પણ મૂર્ખ સાથે સંબંધ નહિ સારો. ' દુર્ભાગ્યે મૂર્ખાઓ વળી પોતાના મત માટે ખૂબ આગ્રહી હોય છે. એને પોતાની સમજણ માટે ખૂબ અભિમાન હોય છે અને તેને ગમે તેટલું સમજાવીએ તે નિરર્થક થાય છે.

સંસ્કૃતમાં એક ઉક્તિ છે કે ' અભણ માણસની આરાધના કરવી સહેલી છે અને વિશેષ જાણકાર વિદ્વાનની આરાધના કરવી તે તો તેથી પણ વધારે સહેલી છે; પરંતુ મૂર્ખને તો બ્રહ્મા પણ રીઝવી શકતા નથી. ' ઘણી વખત ઓછી સમજણ અને વધારે અભિમાન રાખનારની સાથે ચર્ચા કરતાં પણ કંટાળો આવે છે. એની પાસે દલીલ કામ કરતી નથી. એ પોતે ધોકાપંથી હોય છે અને તેની સાથે તો તેના જેવો જ લમણાઝીક કરનાર હોય તે ફાવે છે.

ઘણીખરી વખત મૂર્ખ માણસની ઓછી અક્કલ માટે દયા ખાવા જેવું હોય છે. એને સમજાવવા પ્રયત્ન કરવો નકામો છે, કારણ કે એના મનનું બંધારણ જ એવા પ્રકારનું હોય છે. ઘણા માણસો મૂર્ખ તરફ હસે છે તે યોગ્ય નથી. બનતા સુધી મૂર્ખના સંબંધમાં ન આવવું સારું અને આવવું પડે તો અંતરથી દયા ખાવાની જરૂર છે. બાકી મૂર્ખ સાથે પાના પડ્યા હોય તો તો માથા સાથે જડેલા કાન કપાય પણ નહિ અને સહેવાય પણ નહિ તેવી દયાજનક સ્થિતિ થાય છે. તે ખમી ખાવી એમાં જ કુશળતા છે.

"A fool is always as dangerous to deal with as a knave and always more incorrigible." *(14-2-34)* Colton

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૭૩)

"આશાવાદી દરેક મુસીબતમાં તક જુએ છે; નિરાશાવાદી દરેક તકમાં મુસીબત જુએ છે."

ખરી રીતે જોઇએ તો 'દષ્ટિ તેવી સૃષ્ટિ' એ વાત તદ્દન સાચી છે. દુનિયાનું જરા બારીકાઇથી અવલોકન કરતાં જણાય છે કે મનુષ્યોના બે પ્રકાર હોય છે: એક નિરાશાવાદી અને બીજો આશાવાદી. નિરાશાવાદી મનુષ્યો દરેક બાબતમાં મુસીબત, દુ:ખ, તોફાન અને અગવડોનો જ ખ્યાલ કરે છે. કોઈ બાબતનો એ આરંભ કરશે તો એને એમાં ગૂંચવણો જ દેખાયા કરશે. એને સર્વ બાબતમાં આગળથી કકળાટ કરવાની ટેવ હોય છે. વેપાર શરૂ કરતાં એને બજાર મંદો થઈ જવો બેસશે, લગ્ન સમારંભ શરૂ કરતાં એને નાતજાતની ખાલી તકરારો મૂંઝવશે, મુસાફરીએ નીકળતાં એને ખાવાપીવાની અગવડોની કલ્પના મૂંઝવશે, એને કયાં ઉતરવું, કયાં જમવું અને કેમ કરવું ? એના ખ્યાલો હેરાનહેરાન કરી મૂકશે. એકંદર કોઇ કામ કરતાં એને કલ્પનામાં મૂંઝવણ અને અગવડ જ દેખાશે. એ દુનિયાને ખલાસ થતી જ જોશે અને 'અમે નહોતા કહેતા ? તમે આજકાલના જવાનીઆઓ અમારું માનો નહિ.' એ ભાષાપ્રયોગ એની ખાસ વિશિષ્ટતા હોય છે. પરિણામ સારું આવે તો પ્રથમથી ભાખેલું ખરાબ ભવિષ્ય એ સગવડની રીતે ભૂલી જશે, પણ પહેલેથી દરેક વાતમાં એ ભય અને મુશ્કેલીનાં જ સ્વપ્નો સેવશે. એને દુનિયામાં ઉપાધિ, તોફાન, નાસભાગ અને તકલીફોનો જ ખ્યાલ આવશે. એકંદર આવા કકળાટમાં આનંદ માનનારા અને ભયંકર આગાહી કરવામાં ગૌરવ માનનારાઓની સંખ્યા ઘણી વધારે મોટી હોય છે. તેમનો આનંદ કોઇ પણ બાબત પર ઠંડાઇ નાખવામાં જ હોય છે.

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

હવે મનુષ્યનો બીજો પ્રકાર જોઈએ. એને આનંદ અને લહેર જ હોય છે. રાત્રિમાં પણ એ વિજળીના ચમકારા જ જુએ છે અને મોતને બિછાને પડ્યો હોય ત્યાં પણ એ સ્વર્ગના સ્વપ્નો સેવે છે. એને ખાત્રી હોય છે કે કોઇપણ સંયોગોમાં સદાકાળ રાત્રિઓ ચાલતી જ નથી. એ માને છે કે કાલે (થોડા વખતમાં) રાત પૂરી થઇ જશે અને મજાનું જળહળતું પ્રભાત ઊગશે. એને મન સદા સત્યુગ વર્તે છે અને કોઇપણ મુસીબતમાં એ રસ્તો નીકળી આવશે એમ ચોક્કસ માને છે. એના ઘરને આગ લાગે તો એ સામે ઊભો ઊભો અકળાઈ જતો નથી અને છોકરાનું માથું દુઃખવા આવે તો રડવા બેસી જતો નથી. એની આશા અમર હોય છે અને એનું માનસિક બંધારણ ખરાબમાં ખરાબ સંયોગોમાં પણ સફેદ રેખાને જોઈ શકે છે.

આ બન્ને ચિત્રો સાવ સાચાં છે. આશાવાદીનું ચિત્ર ગમશે, પણ વસ્તુતઃ એ વર્ગમાં બહુ થોડા–અતિ અલ્પ મનુષ્યો હોય છે. કકળાટ કરવો એ જાણે માણસનો ધર્મ થઈ ગયો છે. દેશમાંથી દોરી–લોટા સાથે આવનાર વેપારીની પાસે દસ લાખ થાય તો પણ તે કહેશે કે અગાઉનો વખત અને વેપાર સારા હતા, અત્યારે કાંઇ કસ નથી. આપત્તિ આવ્યા પછી કકળાટ કરવો એ તો જાણે છે જ, પરંતુ પહેલેથી એની કલ્પના કરી નકામા અરધા થઇ જવું એમાં શું ડહાપણ હશે તે સમજવું મુશ્કેલ છે. વ્યવહારકુશળ માણસને માટે આ બે પ્રકારમાંથી કયો આદરણીય ગણાય તે તેણે પોતાને માટે શોધી કાઢવું.

" An optimist sees an opportunity in every difficulty; a pessimist sees a difficulty in every opportunity. " (*17-11-33*)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૭૪)

" કોઇ મનુષ્યને તરછોડો નહિ, કોઈ ચીજને નકામી ગણો નહિ; કોઇ એવો માણસ નથી કે જેનો સારો વખત કોઈવાર ન જ આવે, કોઇ એવી ચીજ નથી કે જેને માટે એનું પોતાનું સ્થાન ન હોય."

જરા ઊંચા સ્થાન પર ગયા પછી કેટલાકનું મગજ ખસી જાય છે, એ પોતાની નીચેના માણસોને તરછોડવામાં ગૌરવ માને છે. ઘણી વખત નાના માણસનું કામ પડવાનું જ નથી એમ ગણી લેવામાં આવે છે. મોટા સિંહાસન ઉપરથી હુકમ કરતાં તેનો અમલ કરનારની કેવી કેવી દશાઓ થતી હશે તેનો ખ્યાલ રહેતો નથી. જુવાની, પૈસા, પ્રભુતા (શેઠાઈ) અને અવિવેકીપણું એ પ્રત્યેક મહાઅનર્થ કરનારાં છે. એ દરેક મગજને એટલું ભમાવી મૂકે છે કે માણસ તેના નશામાં હોય ત્યારે તદ્દન પરાધીન બની જાય છે. પછી એ કોઇને ગાળ આપે, કોઇને હડધુત કરે, કોઇને દાદ ન આપે અને કોઇને નીચ ગણે એવું ઘણી વાર બને છે. એણે યાદ રાખવું ઘટે કે દરેક માણસને સ્થાન હોય છે, દરેકની ઉપયુક્તતા હોય છે અને આવડે તો દરેકમાંથી લાભ મેળવી શકાય તેમ હોય છે. ' સો દહાડા સાસુના તો એક દહાડો વહુનો. ' એ કહેવતમાં ઘણી ઊંડી વાત છે. એ એક દહાડો વહુનો આવે ત્યારે સાસુની હાથ જીભ કઢાવી નાખે, માટે દરેક મનુષ્યને ઉપયોગી ગણી તેની સાથે કામ લીધું હોય તો કદી પશ્ચાત્તાપ કરવાનો વખત આવે નહિ અને કદાચ તેના હાથ નીચે જવાનું ન થાય તો પણ શું ? સાદી માણસાઇ પણ એટલું તો અવશ્ય માગે છે કે માણસની સાથે માણસની રીતે વર્તવામાં જ માણસાઇ છે અને આઘાત જેવો પ્રત્યાઘાત ઘણે ભાગે તો થાય જ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માણસની પેઠે ચીજોનું પણ એમ સમજવું. યાદ રાખવું કે ચપટી ધૂળની પણ કિંમત છે. જ્યારે અવસર આવે ત્યારે ચીંથરું પણ સોના જેવું થઇ પડે છે. આપણે કામ ન હોય તો વસ્તુને કાંઇ પંપાળ્યા કરવાની જરૂર નથી, પણ એને પગે હડસેલવી કે ગુસ્સે થઇ ફેંકી દેવી એમાં આપણી હલકાઇ તરી આવે છે. કયે વખતે કઇ ચીજનું કામ પડશે તે જાણવાનું વિશિષ્ટ જ્ઞાન આપણને નથી અને વસ્તુ ઉપર ગુસ્સો કરવો એ તો માત્ર આપણી અંતરવૃત્તિનું પ્રતિબિંબ છે. દરેક માણસનું સ્થાન છે તેમ જ દરેક વસ્તુની અવસરે કિંમત છે જ. અમુક વખતે મવાળા (બાલ) પણ કામમાં આવે છે.

ખરી રીતે તો એ જ વિચારવાનું છે કે માણસનો કે ચીજનો તિરસ્કાર કરનાર તું કોણ ? તારું એવું કયું સ્થાન છે અથવા તને એવો કયો હક્ક પ્રાપ્ત થયો છે કે જેને લઇને તું ઊંચોનીચો થઇ જાય છે ? ધ્યાનમાં રાખવું કે સોનામાં જડવાના હીરાને લોઢામાં જડવામાં આવે તો તે રડતો નથી કે વાંધો ઉઠાવતો નથી, એમાં તો એના યોજનારની જ કિંમત થાય છે. જીવનની અદ્ભુત કળા યોગ્ય સ્થળે યોગ્ય માણસને અને યોગ્ય વસ્તુને ગોઠવવામાં જ છે. એને યોજનાર દુર્લભ છે. આ છેલ્લી વાત જેવી સાદી ભાસે છે તેવી સીધી નથી. ઘણા મનુષ્યોનો જિંદગી સાથે એકતાર થતો જ નથી, એટલે પછી વિસંવાદી સુરો નીકળ્યા જ કરે છે. એને દુનિયા સમજણ વગરની લાગે છે. કુશળ મનુષ્ય લાયક માણસને અને યોગ્ય વસ્તુને યથાસ્થાને યોજે છે.

" Despise not any man, and do not spur anything; for there is no man that has not his hour, nor is there anything that has not its place. "

(23-4-36) *Rabbi Ben Azal*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૭૫)

" તકરાર કે ચર્ચા કરતાં નમ્રતા વધારે સારી છે. જ્યાં તમે ખાત્રી કરાવી નહિ શકો ત્યાં પણ ઘણી વાર સમજાવી શકશો. "

સભ્યતાથી કામ લેવામાં ભારે મજા છે. ટેબલ પર હાથ ઠોકી વાતો કરવી, ધમપછાડ કરીને સામાને દબડાવવા પ્રયત્ન કરવો એ જેમ નકામું છે તેમ જ કેટલીક વખત દલીલબાજી કરવામાં પણ વાત વણસી જાય છે. એમ તો ન જ કહી શકાય કે ન્યાયની કોટીએ વાત કરવી નકામી જ છે, પણ ઘણી વાર આ દુનિયામાં એવું બનતું જોવામાં આવે છે કે જ્યાં દલીલ ટકે નહિ ત્યાં નરમાશથી અને શાંતિથી સામાને ગળે વાત ઉતારવામાં આવે તો તે વધારે અસરકારક નીવડે છે અને તે ઇષ્ટ પરિણામ પણ નીપજાવી શકે છે. અથવા વધારે સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો દલીલ કરતાં સમજાવટ વધારે કાર્યકર નીવડે છે.

મનુષ્યના માનસના અભ્યાસને માનસી વિદ્યા (Psychology) કહેવામાં આવે છે. મનના વિચારનું જે યંત્ર ચાલે છે તેનું પૃથક્કરણ કરતાં એમ જણાય છે કે તર્કની રીતે વાત કરવામાં આવે તે કરતાં ધીરજથી ગળે ઉતારવામાં આવે તે વાત વધારે જામે છે. એનો હેતુ એ છે કે તર્ક મગજને અનુસરે છે, જ્યારે સમજાવટ હૃદયને ઉદ્દેશે છે. હૃદયમાં લાગણીને સ્થાન છે અને લાગણી અથવા ઇચ્છાશક્તિ બહુધા મગજ પર પણ પોતાનો અમલ જમાવી શકે છે. ચોખ્ખી દલીલો ઘણી વાર અસર કરતી નથી, પણ એ જ વાત લાગણીને ઉદ્દેશીને કહેવામાં આવે તો કામ પાર પડી જાય છે.

બાળકને નીતિ માર્ગ સમજાવવો હોય તો તેમાં કાંઇ તર્કનાં ઘૂંચળાં રજૂ કરી શકાતાં નથી. તેવી જ રીતે તકરારની પતાવટમાં કોર્ટ કે વકીલની દલીલને માર્ગે જવાથી લડતમાં ખાનાખરાબી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને વખત તથા પૈસાના ભોગનું ચિત્ર રજૂ કરવાથી અથવા પતાવટ કરવાથી સંબંધ રહી શકશે એમ કહીને કામ લેવાથી ઓછે ખરચે અને અલ્પ મહેનતે કાર્ય સુસાધ્ય બને છે. જીવનના કોઈ પણ ભાગમાં સીધી ન્યાયની કોટિ કરતાં હૃદયસ્પર્શી સાચી સમજાવટને વધારે સ્થાન છે. ઘરમાં સ્ત્રી પુરુષ કે બાપ દીકરા પણ સામસામી દલીલ કરવા બેસી જાય તો ઘર શાંતિનું સ્થાન મટીને સમરાંગણ (લડાઇનું મેદાન) બની જાય. દુનિયા રાખપત અને રખાપત ઉપર ચાલે છે અને વચલો માર્ગ કાઢવાની જેનામાં આવડત હોય અને થોડો ઘણો ઘસારો ખાવા જે તૈયાર હોય તે અંતે ફાવે છે. રાજદ્વારી બાબતમાં બહુધા તોડ (વચલા માર્ગો) કાઢવાના હોય છે અને દેશ પરદેશના સંબંધમાં પણ શુદ્ધ ન્યાય માર્ગ કરતાં સમજાવટના મધ્યમ રસ્તા કાઢનાર હોય તે જ ખરો મુત્સદ્દી ગણાય છે. જે નકલી શુદ્ધ દલીલો કે હક્કો પર મક્કમ રહે છે તેને મોડી મોડી સમજણ પડે છે કે તેનો નિર્ણય સત્ય હોવા છતાં વ્યવહારુ નહોતો. ' વ્યવહારુ ' શબ્દ જ સમજાવટના વચલા માર્ગનો સ્વીકાર માગી લે છે. **' નમો વેરીને વશ કરે '** એમાં **નમો** એ સમજાવટનો વચલો માર્ગ છે. મિજાસ કરનાર, અભિમાની કે દંભી કદી ફાવ્યા નથી અને વ્યવહારકુશળ માણસોની ફતેહ આ તોડ કાઢવા પર અને વચલા માર્ગ શોધી કાઢવા પર જ અવલંબે છે. આપણો મુદ્દો ચૂકયા વગર બને તેટલો વહેવારુ થવાનું શીખવાની ખાસ જરૂર છે. દુનિયા હક્ક અને અક્કડતા પર ચાલતી નથી; ચાલી શકે જ નહિ.

" Politeness is better than logic. You can often pursuade when you cannot convince. " (*20-1-34*)
H. W. Shaw

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૭૬)

" એને કઈ બાબતો આનંદી બનાવે છે ? કઇ દિલગીર બનાવે છે ? અને કઈ એને ગાંડો બનાવે છે ? એ જો તમે જાણો તો તે માણસ કેવી ચાલ-ચલગતનો છે તે કહી શકો. "

' સોનું જોઇએ કસી અને માણસ જોઈએ વસી. ' એક માણસને સાથે વસીએ એટલે એના ગુણગણનું પાકું ભાન થાય છે. આપણામાં કહેવત છે કે માણસની પરીક્ષા **પંથે અને પાડોશે** થાય છે. એનું કારણ એ છે કે મુસાફરીમાં સાથે હોઇએ ત્યારે નાની નાની નજીવી બાબતોમાં સ્વાર્થસંઘટ્ટન થાય છે ત્યારે ભાઇસાહેબ એના પૂરતા સાચા લેબાશમાં દેખાઈ આવે છે અને પાડોશમાં રહીએ ત્યારે તો ભાઇશ્રી બરાબર ઓળખાય છે. માણસ જગતની પાસે તો કપડાં પહેરી ઇશ્કીટાટ થઇને બહાર આવે છે, પણ એને એના સાચા આકારમાં જોવો હોય તો પ્રથમથી ગોઠવણ કર્યા વગર એને ઓચીંતા મળવું. તે વખતે કેટલીક નહિ જાણેલી કે નહીં બહાર આવેલી એની ખાસિયતો જાણવામાં આવશે. માણસ પોતાનાં છોકરાંઓ કે સ્ત્રી પાસે પણ દંભ (નો દેખાવ) કરે છે, એટલે એને સાચો ઓળખવો હોય તો એના સ્વાર્થસંઘટ્ટ વખતે એ કયાં ઊભો રહે છે તે તપાસવું. માત્ર બહારના દેખાવથી આ દુનિયામાં છેતરાઇ જવા જેવું નથી. અતિ નિષ્ઠુર મહા અસત્ય બોલનાર દંભીઓ પણ અહિંસા અને સત્યના ઓઠા નીચે પોલ ચલાવે રાખે છે. જેઓ દુકાન પર પાટિયાં લગાવે છે તે તો ' એક જ ભાવ ' ના હોય છે, પણ એવાં પાટિયાં કુશળ માણસને ભાગ્યે જ છેતરે છે.

આથી ઊલટું કેટલાક બહારથી સાદા-ભોળા દેખાતા માણસો અતિ ઉચ્ચ વર્તનવાળાં હોય છે, સચ્ચારિત્રશીલ હોય છે, અનુકરણ કરવા યોગ્ય હોય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક માણસને ધનની વાતોમાં આનંદ મળતો હોય તો તેને **સંસારી** સમજવો, એને વિષયની વાતોમાં રસ પડતો હોય તો તેને **ઇશ્કી** સમજવો, એને ખાવાપીવામાં મજા આવતી હોય તો તેને **લહેરી** સમજવો, એને ભાષણ કરવામાં મજા આવતી હોય તો **ખ્યાતીચ્છુ** (પ્રસિદ્ધિઇચ્છુ) સમજવો, કોઇને રડતાં જોઇ એની આંખમાં આંસુ આવી જતા હોય તો **પોચા** હ્રદય-વાળો સમજવો, એ અન્યનો ઉત્કર્ષ જોઇ ચીડાતો હોય તો **ઇર્ષાળુ** સમજવો, કોઇને ભૂખ્યો જોતાં એ દુ:ખી થતો હોય તો એને **પરોપકારી** સમજવો, દેશના આર્થિક પ્રશ્નોમાં વિશાળ નજરે જોતો હોય તો તેને **રાષ્ટ્રવાદી** સમજવો, એ સ્ત્રીઓ પાછળ ગાંડો થઇ જતો હોય, તેમને પીરસવા કે અન્ય સગવડ કરી આપવા દોડાદોડ કરતો હોય તો એને **વિષયી** સમજવો, સંસારની દૃષ્ટિએ એ તટસ્થ હોય તો તેને **યોગી** સમજવો અને પૈસા પાછળ ગાંડો થઇ જતો હોય તો તેને **લોભી** સમજવો.

આવી રીતે એક વ્યક્તિનાં આનંદ, શોક અને ગાંડપણને ઓળખતાં એનું આખું ચરિત્ર-વર્તન અને તેનો આખો વ્યવહાર માર્ગ સમજાઇ જશે. એમાં બાહ્ય દેખાવ ઉપરથી રાચી જવું નહિ, ઊંડા ઊતરી એનો અભ્યાસ કરવો અને જરા વિશેષ પરિચય થવાથી અને બારીક અવલોકનથી કોઇ પણ વ્યક્તિ એના નગ્ન આકારમાં બરાબર જણાશે. જેના વિશેષ પરિચયે ધાર્યા કરતાં વધારે સારો નીકળે તેને **માણસ** સમજવો અને કામ પાડતાં કે ઊંડા ઉતરતાં કથીર નીવડે તેને **પશુ** સમજવો.

" You can tell a man's character if youk now what makes him glad, and what makes him sad and what makes him mad. " (*14-6-39*) S. V.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૭૭)

" મારી સાથે ઘરડો થા, સર્વથી સરસ ભાગ હજુ બાકી છે. "

જીવન કેવી રીતે સારામાં સારું ગાળવું અને આગળ વધતાં તેનો વધારેમાં વધારે સ્વાદ કેવી રીતે મેળવવો તે એક કળા છે. એ કળા જેને બેસી જાય તેને જીવનમાં ઉત્તરોત્તર વધારે ને વધારે આનંદ મળતો જાય છે અને દિવસાનુદિવસ એ જીવનની મોજ વધારે ને વધારે ભોગવતો જાય છે. બાળપણ અને યુવાનીમાં કામ વધારે કરવું પડે છે અને બદલો ઓછો મળે છે. જેમ જેમ ઉમર વધતી જાય છે તેમ તેમ ઓછા પ્રયત્ને વધારે ઉપયોગી અને મહત્વનાં પરિણામ નીપજાવવાની કળા આવડતી જાય છે. એ ઉપરાંત મનુષ્યના મનોવિકારો જાણવાની કળા વધતી ઉમ્મરે વધારે સાંપડતી જાય છે. સામા મનુષ્યના સ્વાર્થો, દંભો અને હૃદયનાં ભાવો તેમજ દારિદ્ર, વિશાળતા અને પરોપકારવૃત્તિને ઓળખવાની સાધનસામગ્રી પણ વયમાં આગળ વધતાં વધારે વધારે સાંપડતી જાય છે. અનુભવની નિશાળમાં માણસ પરિપકવ થતો જાય છે અને તેને પરિણામે નાની બાળતો લઘુવયમાં અનેક પ્રકારના કચવાટ નીપજાવતી હોય છે તેને સમજવાની અને તેનું પૃથક્કરણ કરવાની ચાવીઓ વય વધતાં સાંપડતી જાય છે. વળી વય વધતી જાય તેમ આજ્ઞા ઉઠાવવાની સ્થિતિને બદલે આજ્ઞા કરવાની કોટિમાં પ્રાણી આવતો જાય છે. આ સર્વ કારણોને લઇને જીવનનો મધુરો રસ વયમાં આગળ વધતાં જવાય છે તેમ વધારે ને વધારે મળતો જાય છે; પણ તે લેવાની ચાવી સાંપડવી જોઇએ.

'સાઠી બુદ્ધિ નાઠી' એ મંદતાનું વચન છે. દુનિયામાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મોટામાં મોટી શોધખોળોનો મોટો ભાગ સાઠ વર્ષથી આગળ વધેલાઓએ કરેલ છે અને મહાન્ મુત્સદ્દીઓ અને ન્યાયાધીશો મોટે ભાગે ઉત્તર વયમાં જ નામના મેળવી શકયા છે. વિજ્ઞાન-શાસ્ત્રીઓ, સેનાધિપતિઓ અને સાહિત્યકારો ખરેખરા ઉત્તર વયમાં જ સવિશેષપણે ઝળકયા છે. એક સાદો દાખલો આપું.

મારી સાથે જેલમાં ગોપાળદાસ દરબાર હતા. તેમને ચા પીવાનો ભારે શોખ. જેલમાં B કલાસમાં ચાનું પાણી તો જોઇએ તેટલું મળતું, પણ સાકર (ખાંડ) તો માત્ર દોઢ આઉંસ જ મળે, જે ભાગ્યે જ બે ટંકે એક એક કપ માટે પૂરતી ગણાય. દરબારને તો દરેક ટંકે એક કળશો ભરીને લગભગ પાંચ કપ જેટલી ચા જોઇએ. તેમણે એક યુક્તિ કરી. મોટા ટંબ્લરમાં સવા શેર ચાનું પાણી લઇ તેમાં સાકર નાખે, પણ સાકરને હલાવે નહિ. છેવટે જ્યારે અરધા પોણા કપ જેટલી ચા રહે ત્યારે હલાવે અને છેવટે ખૂબ મીઠાશથી ચા પીવે અને આનંદ માણે.

જિંદગી આવા પ્રકારની છે. એમાં જેમ જેમ આગળ વધાય તેમ તેમ વધારે મીઠાશ આવે અને છેવટે ખૂબ મીઠાશ આવે. રસ લેતાં આવડે અને ધીરજ રાખી એને વલોવી નાખવામાં ન આવે તો ખરી મીઠાશ તો હજુ હવે આવવાની છે એ વાત સર્વ વયને માટે બરાબર સાચી છે. કુશળ માણસને એ મોજ પોતાને સ્વાધીન છે, હસ્તામલક જેવી છે, વધારે ને વધારે આનંદ આપનાર છે. જીવન તો રમત છે, એ રમત જેને રમતાં આવડે તેને સર્વ સંયોગોમાં મોજ અને આનંદ જ છે.

" Grow old along with me ! The best is yet to come "
(20-11-34) *Robert Browning*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૭૮)

" આળસ ઘણું ધીમું ચાલે છે તેથી ગરીબાઈ તેને તરત આંબી લે છે. "

એદીપણું, સુસ્તી અથવા આળસ એ શરીરમાં રહેલો ભયંકર દુશ્મન છે અને ઉદ્યમ સરખો કોઇ બંધુ નથી. આ જાણીતું વચન મહાન્ સત્ય શીખવે છે. જ્યારે એક કાર્ય પૂરું ન થાય ત્યાં બીજાં બે હાજર જ હોય છે, ત્યારે કોઇ વાર આરામ લેવાની ઇચ્છા થઈ આવે એ તો એકંદરે વાજબી ગણાય; પણ તદ્દન નકામા બેસી રહેવું, કોઇ પ્રકારનો ઉદ્યમ કરવો નહિ અને ગામ ગપાટા હાંકયા કરવા એમાં કાંઇ જીવન જેવું નથી, સાર જેવું નથી, હિતકારક નથી. આપણા શરીરનું બંધારણ જ એવા પ્રકારનું છે કે એને બેસારુ બનાવી દેવામાં આવે તો એમાં કોઈ જાતનો આનંદ આવે જ નહિ. શરીરમાં શક્તિ તો છે જ, પછી તેનો સારો ઉપયોગ ન કરવામાં આવે તો એ શક્તિ ખોટે રસ્તે વેડફાઇ જાય છે અને ન ઇચ્છવા યોગ્ય આકારમાં એ પોતાનો દેખાવ આપે છે. ગૃહસ્થ માણસનાં ભવ્ય ભુવનોમાં જ્યાં રસોયા, નોકર, ચાકર હોય ત્યાં તેના બૈરાઓમાં કલેશ—કંકાસ પ્રમાણમાં વધારે હોય છે તેનું મૂળ કારણ શોધવામાં આવે તો આ અંદરની શક્તિને પૂરતો પ્રસાર નહિ આપવામાં જ મળી આવશે અને ગામડાઓમાં નાની મોટી ખટપટો અને મેણાંટોણાં વધારે પડતાં જોવામાં આવે છે તેનું કારણ અંદરની શક્તિને પૂરું પડે તેટલું કામ નહિ આપવામાં જડી આવશે. ત્યારે એમ તો જણાય છે કે શરીરશક્તિને પૂરતો અવકાશ આપવાની જરૂર હોઈ તે ધોરણે જ આ શરીરનું બંધારણ નિર્માણ કરવામાં આવ્યું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બીજી વાત એ છે કે આળસુ થઈને બેસી રહેવાથી કોઇ મોંમાં ખાવાનું મૂકવાનું નથી અને છેવટે ચાવવા કે ગળે ઉતારવા પૂરતો પ્રયાસ કર્યા વગર તો ચાલે તેમ જ નથી. આળસુ—એદી જિંદગીમાં કોઇ જાતનો સાર નથી અને મોટા રાજાના ખજાના કે કુબેર ભંડારીના ભંડાર પણ ખાતાં ખાતાં તો ખૂટી જાય છે. શક્તિનો સદુપયોગ કયો કહેવાય એ વળી જુદો સવાલ છે. અત્ર તો એક જ વાત છે કે કોઇ પણ મનુષ્યને આળસુ થઈને પડ્યા પડ્યા ખાવાનો કે નિરુદ્યમી બની અન્ય પાસે યાચના કરવાનો અધિકાર નથી. જો ભીખ અને ભૂખ ભેગા થવું હોય તો જ નકામા પડ્યા રહેવાની ઈચ્છા કરવી. આળસ એટલું બધું ધીમું ચાલે છે કે ગરીબાઈ એને ઝટ પકડી પાડે છે, ઉદ્યોગીની દોડા-દોડને ગરીબાઈ પહોંચી શકતી નથી; માટે આળસુ–એદીની જિંદગી જીવવાનો કદી વિચાર કરવો નહિ અને ગમે તેટલી સાધન-સંપત્તિ હોય તો પણ નકામા બેસી રહેવું નહિ. સાધનવાળાને સેવાના ક્ષેત્રોનો પાર નથી અને કામ કરનારને પરોપકારનો પંથ તુરત જ સાંપડી શકે છે. સાચા જીવનની મોજ માણવી હોય તો સતત ઉદ્યમી રહેવું. વેપારી વેપારમાં વધે, ત્યાગી સંયમયોગમાં પ્રવૃત્ત રહે, ધ્યાની ધ્યાનમાં તરબોળ થઈ જાય અને કોઇ પણ વેપાર, ધંધા કે નોકરીવાળો ફુરસદનો વખત કાઢવા માટે કોઇ જાતનો વ્યવસ્થિત શોખ (hobby) ખીલવે, પણ દારિદ્રયને નોતરનાર, શક્તિનો હ્રાસ કરનાર અને વિચારશક્તિને ઘસારો આપનાર આળસને તો અવકાશ ન જ આપે. કુશળ માણસનો ખરો મિત્ર ઉદ્યોગ છે અને આળસ દુશ્મન છે.

" Idleness travels slowly and poverty soon overtakes her. " *(22–1–35)* *Hunter. E. N.*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૭૯)

સામે પડવા કે ચર્ચા કરવા સારુ વાંચન ન કર;
તેમ જ માની લેવા કે કબૂલ કરી લેવા માટે વાંચન ન કર;
તેમ જ વાતો કરવા કે ભાષણ કરવા વાસ્તે વાંચન ન કર;
પણ વિચાર કરવા અને તોલ કરવા માટે વાંચન કર.

જેમ વાંચવા ઉપર કંટાળો આવે એ સ્થિતિ પસંદ કરવા લાયક નથી તેમ જ હેતુ કે ઉદ્દેશ વગર આખો વખત માત્ર વાંચવા ખાતર વાંચ વાંચ કરવું એનો પણ કાંઈ અર્થ નથી. ઘણા માણસો ઉદ્દીપક વાંચન વાંચવામાં જ રસ લે છે, કેટલાકને ગુપ્તચર–(ડિટેક્ટિવ)ની વાતો વાંચવામાં જ રસ પડે છે, કેટલાક વાંચવાને બદલે પાના ઉથલાવી જવામાં જ આનંદ માને છે અને કેટલાક ગમે તે વિષયની ચોપડી હોય, પણ પોતાની પાસે કોઈ પણ રીતે સાંપડી એટલે એને પ્રથમથી છેવટ સુધી વાંચવી જ એવા મતવાળા હોય છે, કેટલાક વાતો કરવા માટે જ વાંચે છે. આજે છાપામાં શા સમાચાર આવ્યા તે અગાઉથી વાંચી લઈ પોતાના મિત્રો સાથે તેની વાત કરવા સારુ જ વાંચે છે. કેટલાક ગામગપાટા હાંકવા માટે જ વાંચન કરે છે, કેટલાક સમાચાર મેળવવા માટે જ વાંચે છે, કેટલાક ટીકા કરવા માટે જ વાંચે છે, અમુક લેખકની શૈલી આવી અને અમુકની ભાષામાં આડંબર આટલો, અમુકના લખવામાં ઓજસ વધારે અને અમુકના લખાણમાં વિચારની સ્વચ્છતા નહિ–આવી આવી ચર્ચાઓ ઉપસ્થિત કરવા માટે જ કેટલાક વાંચે છે; કેટલાક પોતાને બીજી રીતે વખત જતો ન હોય માટે કાંઈ કામ કરવું જોઈએ અથવા જેમ તેમ કરી વખત ગાળવો જોઈએ એવા વિચારથી જે મળે તે વાંચે છે અને કેટલાક પોતે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દરરોજ કેટલાં પાનાં વાંચે છે તેની બડાશ હાંકવા ખાતર જ કાંઇ કાંઇ વાંચે છે. આવા ઉદ્દેશ કે હેતુ વગરના વાંચનનો કાંઇ અર્થ નથી, એનું કાંઇ પરિણામ નથી અને એનું સાચું ફળ કશું આવતું નથી.

ખરી વાત એ છે કે જે કાંઇ વાંચવું તે પોતાના વિકાસ માટે વાંચવું, વિકાસમાં મદદ કરે તેવું વાંચવું, વર્તન પર સારી અસર થાય તેવું વાંચવું. જે વાંચનથી સમભાવનું વિચારક્ષેત્ર વધે, મર્યાદા વિસ્તૃત થાય અને જે ચારિત્રના બંધારણમાં મદદ કરે એ વાંચન લાભ કરનાર છે, વાંચીને બીજી ક્ષણે ભૂલી જવાય તેવું વાંચન નકામું છે, ચારિત્ર પર અસર ન કરે તે વાંચન નકામું છે અને આત્મવિકાસ ન કરે તે વાંચન ઉપલકિયું છે. વાંચીને વિચાર થાય, વિચારીને વર્તન થાય અને વર્તનદ્વારા આંતરપ્રગતિ થાય તે ખરું વાંચન છે. આ ત્રીજા પ્રકારનાં પુસ્તકોનું વાંચન વાંચનના નામને યોગ્ય છે. વાંચવા કરતાં વધારે વિચાર કરવાની જરૂર છે. પાંચ મિનિટ વાંચો તો અરધો કલાક તે પર વિચાર કરો. એવી રીતે વિચારને અને તુલનાશક્તિને પ્રેરે, પ્રેરીને એમાં નવો જ પ્રકાશ નાખે અને પ્રકાશ નાખીને હૃદયને સાચા માર્ગ પર લઇ આવે એનું નામ ખરું વાંચન છે. કુશળ માણસો પૃષ્ઠોની સંખ્યામાં કે પુસ્તક વાંચનની સંખ્યા ગણતરીમાં જીવનનું સાફલ્ય માને નહિ, એ તો વાંચનને અને હૃદયને એકાકાર કરે અને અન્યની બુદ્ધિશક્તિનો પ્રકાશ સ્વમાં ઊતરે એમાં જ મોજ માણે. એ જ ખરું વાંચન છે, બાકી સર્વ કાળવિક્ષેપ છે.

"Read not to contradict and confute, nor to believe or take for granted, nor to find talk and discourse, but to weigh and consider." (10–2–36) Bacon

P. P. Ac. Gunratansuriji M.S.   Jin Gun Aaradhak Trust

(૮૦)

" જે લોકોને કાંઇ કરવાનું હોતું નથી, તેના જેટલો જીવનરસ ઓછો લેનાર અથવા પોતાની જાતને જ ભારરૂપ અન્ય કોઇ જ નહિ હોય. ખરેખરો જીવનરસ તો ઉદ્યોગી જ માણી શકે છે."

આજે તો કેમે કરતાં વખત જતો નથી એવું બોલનારા માણસો દેશમાં મોટી સંખ્યામાં મળી આવે છે. વેપારી હોય અને એક બે ઘરાક મળી આવ્યા તો તો જાણે ઠીક, પણ આખું મંડાણ જ એવું માંડયું હોય કે એમાં કાંઇ સાર જેવું જ ન હોય, અને પછી બેઠા બેઠા બગાસાં ખાવાં પડે એમાં જીવન જેવું કાંઈ નથી. આ જીવન ખરેખરી મહામૂલ્યવાળી ચીજ છે. એમાં એટલાં કામ કરવાનાં છે કે રાત્રે સૂતી વખતે પણ વિચાર થવો જોઈએ કે આ કામ રહી ગયું અને તે કામ રહી ગયું. એને બદલે આજ તો સાંજ જ પડતી નથી, આવો વિચાર જેને આવે તેને જીવન જેવું કાંઈ હોતું નથી, એમાં રસ નથી, એમાં મજા નથી, એમાં આનંદ નથી. સવારથી ઊઠે ત્યાંથી જ એટલો સંકીર્ણ કાર્યક્રમ આખા દિવસનો હોય કે એને ખાવાપીવાની પણ ફુરસદ ન મળે અને વાતચિતમાં બોલી જવાય કે 'હાલ તો ખાવાની પણ ફુરસદ નથી.' એવા કાર્યકુશળ માણસો જ જીવનરસને માણી શકે છે. આવો અમૂલ્ય મનુષ્ય દેહ કાંઇ જેને તેને અને જ્યારે ત્યારે મળી જતો નથી. એને સમજીને વટાવ્યો હોય તો એ અહીં દિવ્ય આંતરસુખનો અનુભવ કરાવે તેવો છે. એનાં મૂલ્ય અનોખાં છે, એ કાંઇ ફેંકી દેવા જેવી ચીજ નથી. એનું ખરું મૂલ્ય વસુલ કરવું હોય તો એની પ્રત્યેક ક્ષણનો ઉપયોગ કરવો ઘટે અને એની પ્રત્યેક પળના સરવૈયાં કાઢવાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘટે. એને બદલે બેઠાં બેઠાં બગાસાં ખાવાં અને ઘરના હાટે ને હાટના ઘરે જવું એવા જીવનનો કાંઇ હેતુ નથી. કામધંધા વગરનું જીવન સ્વયં બોજારૂપ હોઈ એવું જીવન જીવનાર પોતાનાં મન અને શરીરને તદ્દન નકામાં બનાવી મૂકે છે અને પછી તો શરીર વ્યાધિનું ઘર બની જાય છે. મન અસ્તવ્યસ્ત કે અવ્યવસ્થિત વિચારોનો ઇજારો લઇ અનેક નકામાં ધાંધલો નીપજાવે છે. નકામી પારકી પંચાત કરનારા, આખા ગામની કુથલી કરનારા, અવ્યવસ્થિત જ્ઞાતિઓની આગેવાની કરનારા, બાપદાદાના પૈસા પર તાગડધિન્ના કરનારા અને આખી દુનિયાની સમજણ પોતામાં હોવાનો દાવો રાખનારા ઘણા માણસો જોવામાં આવે છે. એવાનાં અંતરને પૂછીએ તો એને કોઇ જાતનો આનંદ ન જ હોય, માટે ઉદ્દેશ, ધોરણ અને હેતુ વગરના જીવનને જીવન ન માનવું. પોતાની લાયકાત, આવડત અને પરિસ્થિતિને અનુરૂપ ઉદ્યમ કરવો અને સર્વ કાર્ય કરતાં દરેક પળનો હિસાબ આપવો પડશે એ ખાસ ધ્યાનમાં રાખવું. ઘણું ઘણું તો સો વર્ષનું આઉખું, એમાં શરૂઆતમાં પચીશ જેટલાં તો માંડ માંડવામાં ચાલ્યાં જાય, છેલ્લાં પચીશ વૃદ્ધાવસ્થામાં જાય, ત્યારે વચલા બાકીના ટૂંકા સમયમાં ‘ નવરા ’ કેમ બેસાય ? તમને કેટલાં વર્ષ થયાં ? વિચારશો તો ઘણાં લાગશે, છતાં હજુ સમય છે માટે પ્રત્યેક પળનો સારો ઉપયોગ કરો. જીવનનો રસ કામના કરવૈયાને જ મળે છે; તેથી આ મનુષ્ય જિંદગીની અમૂલ્ય એવી એક પળ પણ વ્યર્થ ગુમાવવી કેમ પાલવે ?

" None so little enjoy life and are such burden to themselves as those who have nothing to do. The active only have the true relish of life." (5–2–36) E. N.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૮૧)

" જે સારામાં સારું તાકી શકતો હોય તે કોઇ વાર નિશાન ચૂકે પણ ખરો, પરંતુ જે તાકે જ નહિ તે તો કદી વીંધે જ નહિ. "

આપણા શિક્ષણનું લાક્ષણિક વર્ણન આપતાં એક વિદ્વાને ટીકા કરી હતી કે આપણા દેશમાં છોકરો ઘોડે બેસવાનું શીખવા માંડશે તો એની મા એને કહેશે કે ' ભાઇ ! જાળવજે, જોજે, રખેને પડી ન જતો. ' એક અંગ્રેજ કે જાપાની ઘોડેસ્વારી શીખવાની શરૂઆત કરતાં જરા ડરતો હશે તો એની મા કહેશે કે ' ચઢ ! ગભરા નહિ, તને સ્વારી કરતા બરાબર આવડી જશે. ' આ નાની ટીકામાં ઘણું રહસ્ય છે. એ તો બાળઉછેરના તફાવતની વાત થઈ, પણ ખરી વાત તો એ છે કે ' ઘોડે ચડે તે પડે. ' પણ જે સ્વારી કરવાનો સંકલ્પ પણ ન કરે એને તો સ્વારી શીખવાનો કે પડવાનો સવાલ જ કયાં રહે છે ? પરીક્ષામાં બેસે તે કોઈ વાર કદાચ નાપાસ પણ થઇ જાય, પણ જેને ભણવું જ નથી અને પરીક્ષાનું નામ પણ લેવું નથી તેને પાસ નપાસનો સવાલ જ કયાંથી હોય ?

આ નાની વાતમાં આખી જીવનપદ્ધતિનું રહસ્ય છે. કોઈ પણ બાબત કરવામાં જરાતરા જોખમ તો જરૂર ખેડવું પડે. ઘસારા વગર ચળકાટ નથી. જોખમ ખેડ્યા વગર હાથ જોડીને કે પગ પસારીને બેસી રહે તેને તો કાંઇ ધરાળ–ઉલાળ થતો નથી, પણ એવા જીવનને જીવન ન કહેવાય. જો વ્યાપારના–ધંધાના કોઇપણ ક્ષેત્રમાં નામના મેળવવી હોય, અથવા વિજ્ઞાનમાં વધવું હોય કે વક્તા તરીકે નામ કાઢવું હોય તો પ્રથમ શરૂઆત તો કરવી જ જોઇએ. કદાચ શરૂ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આતમાં ગોટાળો પણ થાય, ગૂંચવણ પણ થાય અને કદાચ એકાદ વખત નાસીપાસી પણ મળે; પણ એ તો યાદ રાખવાનું કે દરેક માણસ શરૂઆત તો એ રીતે જ કરે. કોઈ શીખી-ભણીને અવતરતું નથી અને પૂરી આવડતવાળાની નજરે કોઇ કામ શરૂ કરી પણ શકાતું નથી.

એક વાત એ છે કે કાર્ય આરંભ કરતી વખતે પોતાના બળાબળનો વિચાર કરવો. શિયાળનાં બચ્ચાં કદાચ સિંહનાં બચ્ચાં સાથે ઉછર્યાં હોય તો પણ તે હાથીનો શિકાર કરી શકતાં નથી, પણ એવી અશક્ય વાતને બાજુ પર રાખીએ તો મધ્યમ વાતને અંગે જરા જોખમ તો ખેડવું જ પડે. એમ કરવામાં કોઈ વાર પાછા પડવું પડે તો મુંઝાવું નહિ અને આદરેલ કાર્યને મૂકી દેવું નહિ. એ તો વાત એવી છે કે સારામાં સારા કુશળ કારીગર પણ કોઈ વાર છક્કડ ખાઈ જાય છે. 'ફરી વાર પ્રયત્ન કરો' એ જ આપણો સિદ્ધ મુદ્રાલેખ હોવો જોઇએ. દુનિયાની મહાન્ શોધો કાંઈ પહેલા પ્રયોગને દિવસે જ થઈ નથી. અનેક વાર નિષ્ફળ પ્રયોગ થયા પછી આખરે વિજય મળે છે, મોટામાં મોટા ચમત્કાર કરનારા કોઇ વાર હાર ખાઇ જાય છે, પણ તેથી ગ્રહણ કરેલ વાતને મૂકી દેતા નથી. એ તો '**कार्यं साधयामि वा देहं पातयामि**' એવા મુદ્રાલેખવાળા મજબૂત માણસો જ આગળ ધપે છે. ખંત અને ચીવટથી અશક્ય પણ શક્ય થાય છે અને મુશ્કેલીમાંથી પણ પણ તક સાંપડે છે-માર્ગ જડે છે.

"He that shoots best may sometimes miss the mark; but he that shoots not at all can never hit it."

(*15-2-36*) *Fshltham.*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૮૨)

" જેઓ એમ માને છે કે તેઓ બધું જુએ છે, તેના જેવાં કોઈ અંધ નથી."

જિંદગી એ ખરેખરી શાળા છે. દિન ઊગ્યે આપણે નવી નવી ચીજ શીખીએ છીએ. જે દિવસે નવું શીખવાની વૃત્તિ કે જિજ્ઞાસા ન થઇ તે દિવસ આપણો નકામો ગયો છે એમ સમજવું. શીખવાનાં દ્વાર મુખ્યતાએ આંખ અને કાન બે જ છે. આંખે જોઇને શીખાય, કાને સાંભળીને શીખાય. બાકીની ત્રણે ઇંદ્રિયો–સ્પર્શ, રસ અને ઘ્રાણદ્વારા બે ટકા શીખાય, ત્યારે કાનદ્વારા ૧૫ ટકા અને બાકીના ૮૩ ટકા આંખ દ્વારા જ શીખાય છે. જોવું અને જાણવું એ લગભગ પર્યાયવાચી શબ્દો છે, અથવા બહુ બારીકાઇથી જોઇએ તો જોવાદ્વારા જાણવું એ સાચી વાત છે, પણ વસ્તુત: જોવામાં અને જાણવામાં બહુ તફાવત નથી. ' જોવા '-નો બીજો અર્થ અગમચેતીથી વિચારી લેવું, દીર્ઘદૃષ્ટિથી નજર પહોંચાડી માનસિક નજર આગળ ખડું કરી દેવું એમ પણ થાય છે.

જે મનુષ્ય એમ માને છે–કલ્પે છે કે પોતે સર્વ જાણે છે–જુએ છે તેના જેવો કોઇ પાગલ નથી. વસ્તુત: એ છતી આંખે અંધ છે. આપણે જાણી જાણીને કેટલું જાણી શકીએ ? આપણી નાનકડી દુનિયાને પણ પૂરી જાણતાં નથી અને ખરેખરી રીતે જોઇએ તો આપણાં શરીરનાં અવયવોનું કે તેમાં થતાં ફેરફારનું જ્ઞાન પ્રાપ્ત કરવાની રીતિને પણ આપણે પૂરી સમજતાં નથી, તો પછી આપણે સર્વ જોઇ–જાણી શકીએ છીએ એવી મનોવૃત્તિ રાખવી એ પણ નરી ધૃષ્ટતા જ છે. આપણી નજર જ એટલી મર્યાદિત છે કે આપણે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપણી પાસેની વસ્તુને પણ પૂરી જોઈ–જાણી શકતા નથી, તો પછી સર્વ જાણવાનો દાવો કરવો એ તો બિનજવાબદારને જ પાલવે.

જરા માંદા પડયા હોઇએ, પેટમાં દુ:ખાવો થતો હોય અને ડૉકટર કે વૈદ્યને ત્યાં જઈએ ત્યારે ખબર પડે કે આપણે આપણી અંદરની વાત પણ ઘણી ઓછી જાણીએ છીએ. ભાઈઓમાં તકરાર થાય ત્યારે સ્વાર્થ એ કઈ ચીજ છે અને અંદરના મનોવિકારનો આપણને કેટલો અભ્યાસ છે તેનો ખ્યાલ આવે. રાજદ્વારી વાતાવરણમાં ખળભળાટ થાય, તેજી થવા ધારેલો બજાર મંદ થાય, પોતાનો ધારેલો ઘરાક હરીફ વેપારીને ત્યાં ચાલ્યો જાય ત્યારે આપણા જ્ઞાનની–આપણી દીર્ઘનજરની મર્યાદા આપણને માલૂમ પડે છે. અને અક્કલનો ઇજારો તે કોઇનો રહ્યો છે ? આપણા જેટલી બીજાની નજર ન પહોંચે એ ધોરણ પર દુનિયા ચાલે છે એ સાચી વાત છે, તેટલી જ સાચી વાત એ છે કે જરા દુનિયાના ચાલુ ધોરણ ઉપર જઈ આપણી જાતને, આપણા જ્ઞાનને, આપણા અંતરને અવલોકીએ તો આપણને જણાઈ આવે છે કે આપણે પણ અન્ય જેવા સામાન્ય પ્રાણી છીએ; માટે નવું જોવા–જાણવાની વૃત્તિ સદૈવ જાગૃત રાખવી અને નાનામાં નાના પ્રાણી પાસેથી પણ અક્કલ મેળવી શકાય છે એમ સમજવું. ચીનાઓમાં કહેવત છે કે 'દુનિયામાં ખરા ડાહ્યા માણસો તો બે જ છે : એકને મરી ગયાને તો વર્ષો થઇ ગયાં છે અને બીજો હજુ જન્મ્યો નથી.' આમાં મુદ્દાની વાત છે. ખરો ઊંડો ઊતરીશ તો તને લાગશે કે તું અતિ અલ્પજ્ઞ છે, માટે ભૂલેચૂકે હું બધું જાણું છું એમ કહેનારા મૂર્ખની હારમાં ગણાવા જેવી ઘેલછા કરતો નહિ.

"None is so blind as those who imagine they see it all.

(*16–1–36*) *S. V.*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૮૩)

" જિંદગીની અણલખાયલી ઊંડી અક્ષરમાં ઘણી એવી ચીજો હોય છે જેને શીખવવામાં આવતી નથી, પણ શીખવાની હોય છે. "

વસ્તુતઃ નિશાળમાં જે ચીજોને ભણાવવામાં નથી આવતી તેને ' આઠમી ચોપડીના પાઠ ' કહેવામાં આવે છે. દુનિયા એક નિશાળ છે અને એની બજારમાં અનેક પાઠો દરેક માણસને શીખવા પડે છે. તે એવા હોય છે કે જે સાત ચોપડીના ચાલુ અભ્યાસમાં શીખવવામાં આવતા નથી. અનુભવની આખી નિશાળ જ જુદી છે. એમાં નિષ્ણાત થવાનું સદ્ભાગ્ય જેને પ્રાપ્ત થાય તે પાકો ' વ્યવહારકુશળ ' જણાય છે. ખરી રીતે જોઇએ તો તે જ અંદરનો વિષય છે અને કુશળ માણસો તે વાતવાતમાં જાણી જાય છે. કહેવાનો આશય થોડે ઘણે અંશે નીચેની વાતથી સ્પષ્ટ થશેઃ—

મારી બાળવયમાં અમારે ઘેર દરજી કપડાં શીવવા આવતો એ વખતે બૈરાઓ મલકટ્ટી કાપડાં પહેરતાં. મારા દેશમાં પચાસ વર્ષ પહેલાં બૈરાઓમાં એવા કપડાંની ફેશન હતી. પેલો દરજી એના ' કટ 'માં બહુ પ્રવીણ હતો. હું એને ઘણી વાર પૂછતો કે–' આત્મારામ ! તને આવાં સરસ કપડાં હાથશીવણથી આવડે છે ત્યારે તારા છોકરાને તે કેમ શીખવતો નથી ? ' એ જવાબમાં કહેતો કે ' સોય અને દોરો તો એકના એક જ છે, પણ આવડવું એ તો ' કોઠાવિદ્યા ' છે. એ તો અંદરથી જેને ઘાટ બેસી જાય તેને આવડી જાય. એ કાંઇ શીખવ્યું આવડે નહિ. દરેક માણસ ટેભા લઇ શકે, પણ એનો ઘાટ બેસાડવો એ તો અંદરની આવડતની વાત છે. '

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાદી ભાષામાં કહેલી આ વાતમાં ઘણું જાણવાનું છે. જિંદગીની આંટીઘુંટીમાંથી આરપાર પસાર થવાની આવડત–એ કોઠાવિદ્યા છે. દરેક વખતે કાંઈ ચોપડીનાં પાનાં ઉથલાવી પ્રત્યેક વાતનો નિકાલ લવાતો નથી કે ત્રિરાશિ પંચરાશિનાં પ્રમાણો મેળવ્યે એનો તાળો મળતો નથી. બોલવામાં ચતુરાઈ, કામ લેવામાં ધીરજ, યોગ્યને યોગ્ય કામ સોંપવાની આવડત, શાંતિથી કામ લેવાની ચાલાકી, ગમે તેવા ધમધમતાને કાબૂમાં લેવાની ચતુરાઈ–એ અન્યની શીખવી આવડતી નથી. દુનિયાની શાળામાં અનુભવ લેતાં અને પ્રત્યેક પ્રસંગનો પાઠ હૃદયમાં ઉતારતાં એ કળા સાંપડે છે. બીજાની ચાલે ચાલવા જઈએ તો જરૂર માર ખાઈ બેસીએ. ઊંડી સમજણ અનુભવ વધતાં પ્રાપ્ત થતી જાય છે. કામને પાર પાડવાની શક્તિ અને અન્યને જરા પણ દબાવ્યા, દબડાવ્યા કે ફોસલાવ્યા વગર સીધી સરળ રીતે પોતાનું કામ કાઢી લેવાની કળા સમજણથી આવે છે અને અનુભવે તેમાં દરેક પ્રસંગે વધારો થતો જાય છે. મનને પારખવાની વિદ્યા જેને સાંપડે છે તે સફળ કાર્યસાધક બને છે અને વ્યવહારમાં 'ડાહ્યો' કહેવાય છે. એ પાઠ શીખવ્યા આવડતા નથી, પણ બારીક અવલોકન, ગ્રહણશક્તિ, પૃથક્કરણશક્તિ અને મનુષ્યસ્વભાવના અભ્યાસને પરિણામે સુસાધ્ય બને છે. વાંચન એમાં સહાય કરે છે, પણ ખરેખરી વાત તો અંદરની શક્તિ પર જ નિર્ભર રહે છે. કુશળ મનુષ્યો અવલોકનદ્વારા અનુભવ કરીને આ કોઠાવિદ્યાને કેળવે છે.

" In the deep unwritten wisdom of life there are many things to be learned that cannot be taught. "

(*12-5-35*) *Anthony Hope*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૮૪)

" અયોગ્ય રીતે ધન ખોઈ બેસવું એ ગુન્હો છે, અયોગ્ય રીતે ધન પ્રાપ્ત કરવું એ વધારે મોટો ગુન્હો છે અને અયોગ્ય રીતે ધનને ખરચવું એ સર્વથી ખરાબ ગુન્હો છે."

ધનની લાલસાને કાંઠો નથી. હજાર હોય તો લાખ મેળવવા અને એક કરોડ હોય તો છપ્પન કરોડ કરવાની લાલસા થાય છે. ધનનું આખું શાસ્ત્ર જ વિચિત્ર છે. એમાં સાધ્ય કે હેતુની વાતનું પણ ઠેકાણું નથી. અત્ર ધનની બાબતોમાં એક બેનો વિચાર કરીએ.

પ્રથમ ધારી લઈએ કે આપણી પાસે ધન છે. એ હોય તો એને ઉડાડી દેવાતું નથી કે ફેંકી દેવાતું નથી, પણ સટ્ટો કરીને તેને ખોઇ બેસવું, જુગાર રમીને અન્યને આપી દેવું, લંપટપણામાં તેને વેડફી નાખવું એ ખરેખર ગુન્હો છે. એમાં પોતાની જાતને અન્યાય થાય છે, પોતાના પર આધાર રાખનારને અન્યાય થાય છે, પોતાની આબરૂ પર ધ્યાન રાખીને ખાતે માંડનારને અન્યાય થાય છે અને ખોટો દાખલો બેસાડવાથી કુટુંબ, સમાજ, જ્ઞાતિ, કે ગામને પણ અન્યાય થાય છે. ફોજદારી કાયદો એને 'ગુન્હો' કહે કે ન કહે, પણ એ નીતિને નજરે ખરેખર ગુન્હો છે, તિરસ્કારને પાત્ર છે અને સર્વ પ્રકારે હીણપત લાવનાર છે.

ગમે તેમ કરીને પૈસા મેળવવા એ વળી એથી પણ મોટો ગુન્હો છે. જૂઠું બોલી, ખોટાં તોલ-માપાં કરી, સાચા-ખોટા ભાવો બતાવી, એક જ ભાવના પાટિયાં મારી અથવા લોકોને લડાવી, ફોસલાવી, ધમકાવી, દબડાવી ધન મેળવવું એ વધારે ખરાબ છે. સાદું જીવન, ઉત્તમ ચારિત્ર, વિશિષ્ટ વિચારધારા અને સર્વ પ્રકારની શ્રેષ્ઠ પરિસ્થિતિમાં જે અંતરનો આનંદ અને જે મોજ છે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ ભાંગતોડ કે સાચાં ખોટાં કરવામાં નથી અને કેટલી રકમ મૂકી જાય તો છોકરાં આભાર માને એનો તો હજુ કોઈ જગ્યાએ મુકરર આંકડો નક્કી થયો નથી. ધન મેળવવામાં આત્માની અધોગતિ થાય તેવા માર્ગો લેવા એ આ દુનિયાની નજરે મૂર્ખતા છે અને પરલોકની નજરે ઉડાઉપણું છે.

હવે જો પૈસા આવી મળ્યા હોય તો પછી એને એશઆરામમાં, મુજરા કરાવવામાં, ઇશ્કબાજી કરવામાં, મદિરાપાન કરવામાં, દુર્વ્યસનો સેવવામાં કે એવા અર્થ કે પરિણામ વગરનાં કાર્યોમાં **ખરચી** નાખવા એ સર્વથી વધારે મોટો ગુન્હો છે. પૈસા ખોઈ નાખવા એ પરાધીન બાબત છે, જ્યારે ખરચી નાખવા એ સ્વાધીન બાબત છે. પૈસા મળ્યા હોય તો પોતાની જાતને ભૂલી જઈ, પોતાના આરામને તિલાંજલી આપી પરોપકાર કરવામાં તેનો વ્યય થાય તે જુદી વાત છે, પણ સમાજ, રાષ્ટ્ર કે વિશ્વની ઉન્નતિમાં તેનો વ્યય ન કરતાં ગમે તે રીતે તેને ઉડાવવામાં આવે તો તે પેટભરાપણું, સ્વાર્થાંધતા અને માનસિક ગાંડપણ જ ગણાય. એકંદરે ધનનું આખું વિજ્ઞાન સમજવા યોગ્ય છે; એના ચક્કરમાં એક વાર પડ્યા પછી–નવાણુના ધક્કે એક વાર ચઢી ગયા પછી વિવેક રહેવો મુશ્કેલ છે. જે રાખી શકે તે ખરો **કુશળ** કહેવાય. સમજુની કસોટી ધનના આય, રક્ષણ ને વ્યયમાં છે અને મનુષ્યની કસોટી આ ચક્રાવામાંથી આરપાર બહાર નીકળી જવામાં છે. એ કસોટીમાંથી જે પસાર થાય તે જીવનયાત્રા સફળ કરે છે અને તે વ્યવહારકુશળ કહેવાય છે.

" To lose money ill is indeed often a crime; but to get it ill is a worse one, and to spend it ill worst of all."

(10-6-36) *Ruskin*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૮૫)

" આનંદી વિચારો દુનિયામાં સર્વથી વધારે આનંદદાયક ચીજ છે અને જેટલા બને તેટલા તે મેળવવા એ જીવનની મહાન્ કળા છે. "

જીવનને બરાબર જીવવું એ ભારે કળા છે. અનેક અગવડો, આપત્તિઓ કે વૈભવો હોય તેને જીવનકળા સાથે સંબંધ નથી. કળાથી જીવનાર આપત્તિ અને અગવડોમાંથી આનંદ માણી શકે છે અને ગમે તેવો વૈભવ હોય, પણ જીવનકળા હાંસલ ન થઇ હોય તો તેને ભાગે તો કકળાટ જ રહે છે.

એવી જીવનકળા પ્રાપ્ત કરવાની એક સુંદર ચાવી આનંદમય વિચારો કરવાની છે. શા માટે કકળાટ કરવો ? વાત એમ છે કે આપણી સગવડો તરફ ધ્યાન આપી આનંદમાં મગ્ન રહીએ તો અત્રે લીલાલહેર છે અને ગમે તેટલો વૈભવ હોય, પણ ગયા વર્ષ કરતાં આ વર્ષે એક લાખ રૂપિયા ઓછા પેદા કર્યા એટલે આખી દુનિયા રસાતળ જવા બેઠી છે અને આજકાલ હવે વેપારધંધામાં કાંઇ કસ રહ્યા નથી—એવા એવા વિચાર કરીએ તો છતે પૈસે અહીં તુચ્છ જીવન જીવાય છે. જાણીતી વાત છે કે—**આનંદીને સદા લહેર જ હોય છે.** અને કકળાટ શાનો કરવો ? કોનો કરવો ? શા માટે કરવો ? જેને જીવનકળા પ્રાપ્ત થઈ હોય તે કેવા વિચારો કરે તે આપણે જોઇએ.

એના મનમાં નિશ્ચય હોય કે આપણે નહોતા તે દિ' પણ દુનિયા ચાલતી હતી અને નહિ હોઇએ તે દિ' પણ બરાબર ચાલવાની છે. આપણા વગર એક ઘડી પણ પડયું રહેવાનું નથી, અને દુનિયાનું ચાલતું ચક્ર એક મિનિટ પણ અટકવાનું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વળી તારે શી કમીના છે ? તારે ઘરે સ્ત્રી, પુત્ર, મિત્ર, સગા-સંબંધી તો છે. તેને બે ટંક પેટપૂરતું ખાવાનું જરૂર મળે છે. તારે વધારે શું જોઈએ ? મનોરથ ભટ્ટની ખાડ તો કદી પૂરાવાની નથી. તું મળે તેટલી તકનો સદુપયોગ કર. જે સંયોગોમાં મૂકાયલો હો તેનો પાઠ ખૂબ રસથી ભજવ, કર્ત્તવ્યપાલન કર, પરોપકારમાં આનંદ માણ, નાની મોટી સેવા કરવામાં સફળતા માન અને નોતરું અથવા છેલ્લું તેડું આવે ત્યારે ગાન કરતો આનંદથી ઊર્ધ્વ પ્રયાણ કર. શા માટે જરાએ ખસિયાણા પડવું પડે ? ધન કે ધાન્યના ઢગલા તો અહીં પડ્યા રહેવાના છે. સેવા કર, આનંદ માણ, ઉચ્ચ વિચાર કર અને મળે તેમાં મોજ માણ. સમજ કે ' ખવરાવ્યું તે ખાધું અને ખાધું તે ખોયું. ' આવો અવસર ફરી ફરીને મળવાનો નથી; માટે મળેલ અવસરને અપનાવ. ખૂબ મોજ માણ. આનંદી વિચાર કરનારને આનંદ જ છે અને આનંદને વિચારણા સાથે સંબંધ છે. સર્વથી વધારે ત્યાગ કરનાર અને પરિગ્રહને ઉપાધિ ગણનાર સર્વોપરી આનંદ માણે છે, એ તો આંખ ઉઘાડી રાખીને ચાલનાર જોઇ શકે છે, માટે દુનિયા ગમે તેમ કહે, તું તારા મનોનંદનમાં ખૂબ રાચ્યોમાચ્યો રહે. આ કળા જો તને હસ્તગત થઈ જાય તો જીવનનો એક જબરો કિસ્સો તેં ઉકેલી લીધો છે એમ જાણજે. કુશળ મનુષ્ય નિજાનંદમાં મસ્ત રહે છે અને એનો આનંદ નિર્દોષ અને પરને ઉદ્દેશીને હોઇ સર્વદા વંદનીય જ છે.

" The pleasantest things in the world are pleasant thoughts and the great art in life is to have as many of them as possible." (*23-4-36*) *Bovee*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૮૬)

" દિવસની શરૂઆતમાં કરવા યોગ્ય સારામાં સારી પ્રાર્થના એ છે કે આપણે એ(દિવસ)ની એક પણ ક્ષણ ખોઈએ નહિ. "

સરવાળો કર્યો હોય તો જ ખબર પડે કે આખા દિવસમાં આપણે કેટલો વખત બરબાદ કરીએ છીએ. વખતની બરબાદી બે પ્રકારની હોય છે : એક તો આળસ કે ઊંઘમાં કાંઇ ન કરીએ તે અને બીજી ન કરવાનું કરીએ તે.

ઘણા માણસોને વ્યવસ્થાનો ખ્યાલ જ હોતો નથી. વાતો કરવામાં અથવા રાહ જોવામાં અથવા બેસી રહેવામાં એ કલાકો કાઢી નાખે છે. ઘડીની એકે એક પળ ઉપયોગી છે, કીમતી છે અને ઉપયોગમાં લઇ શકાય તેવી છે તેનો તેને ખ્યાલ જ હોતો નથી. એ તો ખાવામાં, નહાવામાં કે કપડા પહેરવામાં જોઇએ તે કરતાં વધારે વખત લઇ લેશે અને સાંજે તપાસશે તો આખા દિવસમાંથી અમુક કલાકો પણ એ સરવૈયામાં જમે બાજુ આવી શકશે નહિ. એને વખતનું ભાન જ નથી હોતું, એને સમયનું મૂલ્ય જ નથી હોતું અને આળસ, સુસ્તી કે ગપ્પામાં વખત જેવી અમૂલ્ય ચીજ ગુમાવી બેસે છે. ' ગયેલો વખત પાછો આવતો નથી ' અને ' મા જાણે દીકરો મોટો થયો, પણ આઉખામાંથી ઓછો થયો ' એ સૂત્રોનું એને જરા પણ ભાન હોતું નથી, નહિ તો એક મિનિટ નકામી કેમ ગાળી શકાય ? જે વસ્તુ અમૂલ્ય છે તેને વેડફી નાખનાર સમજુ ન જ ગણાય.

એના બીજા વિભાગમાં નકામા કામો કરનાર આવે છે. આખા ગામની ફુઇબા થઈ બેઠેલાને પારકી પંચાતમાંથી પોતાનું કામકાજ કરવાની ફુરસદ જ મળતી નથી. અથવા કેટલાક અર્થવગરની પ્રવૃત્તિમાં વખત કાઢે છે. ન કરવા જેવા ધંધા કરવામાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘણો વખત બરબાદ કરે છે. ઉત્તેજક વાંચનમાં મોટો વખત ગાળી નાખે છે. એમણે ધ્યાનમાં રાખવું ઘટે કે વખત તો સાચું ધન છે. એને ઉડાડી નાખનાર તો ખરેખરો ગમાર જ ગણાય. કેટલાક કામધંધા વગરના હોવા છતાં ફુરસદ વગરના હોય છે. અને જાણે એમના ઉપર જ દુનિયા ટકતી હોય એ ઢબે નકામો વખત ગાળે છે અને છતાં પોતાની જાતને **ઉદ્યોગી** માને છે. આ બન્ને પ્રકારના માણસો સમયની કિંમત જાણતા નથી.

મારા ગામમાં એક માણસ બાંગ પોકારતો હતો : 'ભૂલ મત જાના–વિસર મત જાના–ઘડી ઘડીકા, પલ પલકા લેખા લિયા જાયગા.' આ ટૂંકી વાતમાં મહાન્ સત્ય સમાયેલું છે.

જો સમય–વખતનો બરાબર લાભ લેવો હોય તો નિયમિત-પણાની ખાસ જરૂર છે. અમુક વખતે જ અમુક કામ કરવાની વ્યવસ્થા કરવી જોઇએ અને એકાદ અરધો કલાક પણ નકામો જાય તો જાણે પોતાને ખરું નુકસાન થયું છે એવી લાગણી થવી જોઇએ. આ જિંદગી ફેંકી દેવા જેવી નથી, આવી અનુકૂળતાવાળો સમય વારંવાર આવતો નથી. અત્યારે એની પ્રત્યેક ક્ષણનો સદુ-પયોગ કરવાની તીવ્ર ઇચ્છા અને દ્રઢ નિર્ણય કરી નાખવો જોઈએ. આખા દિવસની એક ક્ષણ પણ નકામી ન જાય એવી તીવ્ર ઇચ્છા રાખવી એ જ પ્રાર્થના છે. એ નિર્ણયને આખા દિવસની પ્રત્યેક ક્ષણે ચીવટથી વળગી રહેવા જેવું છે. હાલ તો આરામ મેળવવાનું મુલતવી રાખી પ્રશસ્ત પ્રવૃત્તિમાં પ્રત્યેક પળ ગાળવાનો નિશ્ચય કુશળ માણસ કરે. એનો અમલ જીવનને કુશળ–સફળ બનાવે છે.

" The best prayer at the beginning of a day is that we may not lose its moments." (11–6–36) *Ruskin*

P. P. Ac. Gunratansuriji M.S.	Jin Gun Aaradhak Trust

(૮૭)

" જે પોતાના મુખ અને જીભને પોતાને વશ રાખે છે તે પોતાના આત્માને મુશ્કેલીઓમાંથી બચાવી લે છે. "

સવારે ઊઠ્યા ત્યારથી તે રાત સુધી જે હાથમાં આવે તે ખાવું અને આખો વખત ચક્કીને ચલાવ્યે જ રાખવી તે અનેક રીતે નુકસાન કરે છે. શું ખાવું ? અને કેમ ખાવું ? એ બે અતિ મહત્ત્વના સવાલો છે. દરેકને માટે એનો એક સરખો જવાબ તો હોઇ ન શકે પણ કેટલાક સામાન્ય નિયમ તો સર્વને લાગુ પડી શકે તેવા છે. નિયમિત વખતે જ ખાવું, અમુક ટંક જ ખાવું, સાદું પણ પૌષ્ટિક ખાવું, ભૂખ લાગી હોય તેથી બાર આના ખાવું, અપચો થયો હોય ત્યારે ન ખાવું અને અવારનવાર ઉપવાસ કરવા તથા ઉત્તેજક પદાર્થ ન ખાવા, મરચાં મસાલા બહુ જ અલ્પ લેવાં--વિગેરે સાર્વજનિક નિયમો છે. આ નિયમો જે પાળે તે અનેક મુસીબતોથી દૂર રહે છે. જિહ્વાને વશ કરનાર જગતને કબજે કરી શકે છે.

' **જેની ડાઢ ડળકી, તેનો દિવસ ઊઠયો.** ' આ સર્વમાન્ય સૂત્ર છે અને તે ખાવાની સર્વ બાબત ઉપર શિસ્ત રાખવાનું સૂચવે છે. જેટલી અગત્ય ખાવાને અંગે છે તેટલી અગત્ય પીવાને અંગે છે. પીવામાં પણ કેફી કે માદક પદાર્થનો ઉપયોગ ન કરનાર અનેક આફતોમાંથી બચી જાય છે. દારૂ પીનારનું અસ્વસ્થ જીવન, આત્મા પર કાબૂનો અભાવ અને શિથિલ વિચારણાપદ્ધતિ જગજાણીતાં છે. જેને પોતાના મુખને વશ કરતાં આવડે, જે પથ્યના નિયમો જાણે અને પાળી શકે તે બહુ પ્રકારના લાભ મેળવે છે અને તેનાથી આપત્તિઓ દૂર રહે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જીભનો ઉપયોગ બે પ્રકારનો છેઃ સ્વાદ લેવાનો અને બોલવાનો. એના સ્વાદની બાબત મુખ પરના કાબૂમાં આવી જાય છે. જીભનો સ્વાદ એક ક્ષણનો છે. જીભ ઉપર રસ મૂકયો, પેટમાં ઊતર્યો અને ખેલ ખલાસ થાય છે! એમાં આટલી બધી આળપંપાળ શી કરવી? સાદા ખોરાકને ચાવીને લાળ સાથે મેળવવા જેટલી ફુરસદ હોય તો તેમાંથી પણ સ્વાદ લઇ શકાય છે. વળી સ્વાદ માટે અધીરાઇ કેમ પાલવે? કેટલાક માણસો તો સ્વાદ ખાતર તેલમરચાંનો ખંગ વાળતા જોવામાં આવે છે. આ જુવાનીના અત્યાચારો જ્યારે આધેડ વયે કે ઘડપણમાં નડે છે ત્યારે અક્કલ આવે છે, પણ તે બહુ મોડી મોડી આવે છે.

બોલવા ઉપર કાબૂ રાખવાથી તો આખી જીવનયાત્રાની સફળતા થાય છે. '**બહુ બોલે તે બાંઠો**' જાણીતી વાત છે. કારણ વગરનું બોલવું, જેમ તેમ બોલવું, જ્યારે ત્યારે બોલ બોલ કર્યા કરવું, વિચારો કર્યા કરવા અને વિચાર કર્યા વગર કે પરિણામ તોળ્યા વગર બોલવું એ તો અણસમજુનું કામ છે. બોલવા પર અંકુશ રાખવાની ખાસ જરૂર છે. એમાં જેટલી માઝા મૂકાય છે તેટલું મુસીબતોને આમંત્રણ જ થાય છે. બોલેલું પાછું ફેરવી શકાતું નથી. હોઠથી બહાર નીકળ્યું તે મર્યાદામાંથી પસાર થઇ ગયું. ખાધેલ વસ્તુ અપચો કરે તો રેચ પણ લેવાય છે, પણ બોલેલું પાછું ગળાતું નથી. કુશળ માણસ પોતાનાં મુખ પર અને જીભ પર સમજણ અને વિવેકપૂર્વક અંકુશ મૂકે છે. એમાં એને પોતાને જ લાભ છે.

" *Who so keepeth his mouth and his tongue keepeth his soul from trouble.* " (*11–1–36*)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૮૮)

(૧)અભ્યાસ કેવી રીતે કરવો ? (૨)અભ્યાસ પર પ્રેમ રાખવો (૩)અને અભ્યાસ એકલો પૂરતો નથી એ બાબતનો સાક્ષાત્કાર કરવો: કેળવણીનાં એ ત્રણ પૌષ્ટિક તત્ત્વો છે.

વૈદકીય છેલ્લી શોધખોળમાં ‘ વીટામીન ’ની શોધ ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. દરેક ચીજમાં અમુક અમુક પ્રકારનાં પૌષ્ટિક અથવા પોષક તત્ત્વો હોય છે. તેનું પ્રમાણ અને તેની જાતિ તથા તેની અસરના જ્ઞાનથી માણસને જુદી જુદી તબિયતને અંગે શો ખોરાક આપવો તેનો નિર્ણય કરવામાં ઘણી સરળતા થતી જાય છે. જે તત્ત્વ શરીરમાં ખૂટતું હોય તેને પૂરવાથી ઓછે પ્રયાસે જરૂરી પુષ્ટિ મેળવી શકાય છે અને વસ્તુનું મહત્ત્વ સમજાય છે. એક પ્રકારની પ્રકૃતિવાળાને જે તત્ત્વ ખાસ જરૂરી હોય તે બીજાને નુકસાન કરનાર પણ નીવડે છે. એ સર્વનું જ્ઞાન આ ‘ વીટામીન ’ની શોધને આભારી છે.

૧. અભ્યાસને અંગે પણ એના ત્રણ વીટામીનની શોધ થઇ છે. પ્રથમ તો અભ્યાસ કેવી રીતે કરવો ? એ ખાસ અગત્યની બાબત છે. ગોખણપટ્ટી અને સમજણ, યાદશક્તિ અને વિવેચનશક્તિ, ગ્રહણશક્તિ અને ધારણશક્તિ, પૃથક્કરણશક્તિ અને સમન્વયશક્તિ, એ વ્યક્તિગત કેટલી છે તે સમજી-વિચારી કેવો અભ્યાસ કરવો ? એનો નિર્ણય કરવાની જરૂર છે.

૨. બીજી તેટલી જ મહત્ત્વની બાબત અભ્યાસ પર પ્રેમ રાખવાની છે. પરીક્ષા પસાર કરવા કે અમે એટલું ભણ્યા છીએ એમ બતાવવા અભ્યાસ કરવો એ નિરર્થક છે. અભ્યાસ પર એવો પ્રેમ જોઇએ કે એના વગર ચેન જ પડે નહિ. એક દિવસ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નવું જાણ્યા-વાંચ્યા વગરનો જાય તો જાણે તે દિવસ નકામો ગયો એવો અંદરથી આઘાત લાગે અને કોઇ મહાન્ સત્ય કે કલ્પના કે પ્રતિભાનો અજબ ચમત્કાર જાણવામાં આવે ત્યારે અંદરથી ઊર્મિનું સંચલન થવું જોઇએ.

૩. ત્રીજી બાબત એ છે કે અભ્યાસ સ્વયં પૂરતો નથી એવી મનમાં ખાતરી થવી જોઇએ. અભ્યાસનું કાર્ય વર્તન પર સારી અસર કરવાનું છે. ભણ્યા પ્રમાણે જીવી જાણતા આવડવું જોઈએ, વાંચન પ્રમાણે વર્તન થવું ઘટે; નહિ તો '**પોથીમાંનાં રીંગણાં**' થાય તો તો આ ભવ ને પર ભવ બન્ને બગડી જાય.

આ સર્વ વાત અભ્યાસને અંગે જરૂરી છે. કીર્તિ કે ખ્યાતિ માટે અભ્યાસ નથી. પરિપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે અભ્યાસ સાધન છે. જીવનયાત્રા સફળ કરવામાં એ મહત્ત્વનો ભાગ ભજવે છે અને આખા જીવનમાર્ગને એ અજવાળે છે. ભણવાની રીત, ભણવા પર પ્રેમ અને ભણવું એ વિશિષ્ટ સાધ્યપ્રાપ્તિનું પરમ સાધન છે, એમ સમજી જે અભ્યાસ કરે તે અભ્યાસના પોષક તત્ત્વને પામી જાય છે. એવો માણસ પ્રમાણમાં ઓછું ભણ્યો હોય તો પણ એની સફળતા છે. '**ભણ્યા પણ ગણ્યા નહિ**' એવા કણબી તો કુટુંબને બોળી દે. ભણવું એ મહાન્ ચીજ છે, ભવ્ય છે; એને ઓળખી, સમજી જે એને પાલવે પડે તે અનંત આંતરસુખ ભોગવે અને સર્વ રીતે પુષ્ટ થઈ સ્વપર આનંદમાં વધારો કરે.

" There are three vitamins in education: how to study, the love of study and realisation that study by itself is not enough. " (*16–1–36*)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૮૯)

"માણુસ પોતે કેટલું જાણે છે એમ તે ધારે અથવા માને તે બાબત પ્રમાણમાં ઓછી મહત્ત્વની છે; માણસ કેટલું ભલું કરે છે એ એક જ બાબત એના સાચાપણાનો સુદામ પુરાવો છે અને તે જ બાબત ખાસ ઉપયોગી છે."

કેટલાક ધર્મવાળા ઈશ્વરને સૃષ્ટિના બનાવનાર અને છેવટે ન્યાય આપનાર માને છે. તેવી આસ્થાવાળા એક કવિએ કહ્યું છે કેઃ "તમે જયારે પ્રભુના દરબારમાં હાજર થશો ત્યારે તમારી જાતિ-જ્ઞાતિ કઈ હતી તે કોઇ પૂછવાનું નથી કે તમારો જન્મ કયાં થયો હતો તેની કોઈ દરકાર કરવાનું નથી. ત્યાં તો તમને એક જ સવાલ પૂછવાનો છે કે 'ભાઇ! તેં પૃથ્વી પર જન્મીને શું કર્યું?"

કર્મનો સિદ્ધાંત માનનાર પણ કામ કેવાં કર્યાં? તે જ માનશે. એમાં કર્મનું ફળ અન્ય પાસે લેવા જવું પડશે કે અંદર રહેલો અંતર્યામી પોતે જ દફતર રાખીને બેઠો છે તે વાતની ઘડભાંજમાં પડવાનું નથી. વાત એ છે કે આ જીવનમાં 'ભલું' કેટલું કર્યું? તેનો જ અંતે હિસાબ આપવાનો રહે છે. બધી વાતનો સાર વર્તન ઉપર-ચરિત્ર ઉપર આવે છે. અહીં મોટા ધનના ડુંગરા એકઠા કર્યા હોય કે મોટા લેખક, વિચારક કે કવિ તરીકે નામના મેળવી હોય કે અનેક પર સામ્રાજય ભોગવ્યું હોય, કે અમે આર્ય છીએ કે ક્ષત્રિય છીએ કે મોટા કુળવાન છીએ એવા ગૌરવો કર્યા હોય-એ સર્વ બાબત અંતે નકામી છે. આખી જિંદગીનો સાર મનુષ્યનું-ભૂતમાત્રનું ભલું કરવાના સરવાળામાં જ ગોઠવાઈ જાય છે. માણસની મોટાઇ, અભિમાન કે જ્ઞાનના પોટલા અંતે કાંઇ કામ આવતા નથી. કોઇ ગધેડાની પીઠ પર સુગંધી ચંદનનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાર લાદવામાં આવે છતાં તેની સુગંધનો ઉપભોગ ગધેડાને નથી, તે જ પ્રમાણે ચારિત્ર વગરનો ગમે તેવો મોટો જ્ઞાની હોય તો પણ તે માત્ર જ્ઞાનનો ભાર જ ઉપાડનાર છે, એની આત્મ સન્મુખ પ્રગતિ થતી નથી કે એ ભવિષ્યમાં સુખ અથવા સુગતિ પ્રાપ્ત કરતો નથી.

ખરી વાત તો એ છે કે બહુ ઊંડી ચર્ચામાં ઊતરવાની કે ઝીણ-વટ સ્વીકારવાની વાત જવા દો, આખી દુનિયાના ધનને ધરભેગું કરવાનાં વલખાં માંડી વાળો, પોતે મોટા જ્ઞાની છો એમ ધારવાની કે માનવાની વાત છોડી દો. માત્ર બને તેટલું અને બને તેટલાનું ભલું કરો. યાદ રાખો કે કરેલી સેવા જરૂર કામ આવવાની છે. ખરી રીતે ખાધું તે ખોયું છે, ખવરાવ્યું તેજ ખરું ખાધું છે. ખાવાપીવાવડે જીવન તો કાગડા કૂતરા પૂરું કરે જ છે. અન્યને માટે જીવન એ સાચું જીવન છે, એમાં સંતોષ છે, એમાં આયંદે મોજ છે. વર્તન વગરનું જ્ઞાન ભલે થોડો વખત ભભકો દેખાડે, કદાચ એ અન્યને આંજી પણ દે, પણ જીવનયાત્રામાં એને સાચું સ્થાન નથી. સાચી વાત સેવાની છે, સાચી વાત પરોપકારની છે, સાચી વાત સ્વાર્થને ભૂલવાની છે, સાચી વાત પારકાને પોતાના માનવાની છે. એવું જીવન સફળ છે, સધન છે, સપરિણામી છે, જીવવા યોગ્ય છે. કુશળ મનુષ્ય હૃદયથી બને તેટલુ અન્યનું ભલું જ કરે.

"It is of comparatively little importance what a man thinks or believes he knows; the good that a man does is the one thing needful and the sole proof of rightness." (6-7-36) *Mary Baker Eddy*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૯૦)

" વય (ઉમર) કેટલાક માણસને વધારે ડાહ્યા બનાવે છે અને કેટલાકને વધારે જક્કી બનાવે છે. "

સંસ્કારોનો સરવાળો થતો જાય છે અને વય વધતી જાય છે તેમ આદર્શો સ્પષ્ટ થતા જાય છે અને દુનિયાને અમુક દૃષ્ટિબિન્દુથી જોતાં આવડે છે. શિક્ષણમાં અને અનુભવમાં થોડોઘણો વધારો દરરોજ થાય છે અને મોટા પ્રસંગો આવી પડે ત્યારે તેમાં એક સામટો વધારો થઈ જાય છે. ખાસ કરીને અનુભવની નિશાળમાં માણસ નિરંતર નવું નવું શીખે છે અને દુનિયાને ધક્કેલે ચઢી રોજ રોજ ધપ્પા ખાઈને ભાનસાનમાં ઠેકાણે આવતો જાય છે. નાનપણમાં અનેક મનોરાજ્યો સેવ્યાં હોય છે તેમાં કલ્પના અને તરંગોને વશ થઇ કેવું માની લીધું હતું તેનો સાક્ષાત્કાર થાય છે અને નિર્દોષ વિશ્વાસીઓના અનેક વાર ઘાત થયેલા જોઈ માણસ ચતુર, સાવચેત અને વિચારવાન થતો જાય છે. એકંદરે માણસમાં સાચા ઊંડા સંસ્કાર પડ્યા હોય તો વય વધતી જાય તેમ તેનામાંથી ઉપલકીઆપણું, છીછરાપણું, ગગનવિહારીપણું અને તરંગવશવર્તીપણું ઓછું થતું જાય છે અને તેનામાં શાંતિ, સ્થિરતા, દીર્ઘદૃષ્ટિ, તુલનાત્મકતા અને ગંભીરતા આવતાં જાય છે. વ્યવહારની નજરે આ સર્વ ડહાપણ ગણાય છે. એટલે વય વધતાં જેમ મનુષ્ય મોટો થતો જાય છે તેમ તેમ તેનામાં ડહાપણ વધારે દેખાય છે, એની બાલિશતા ઓછી થતી જાય છે, એના ગદ્ધાપચીશીના ઉન્માદો તૂટતા જાય છે અને એનામાં ઠરેલપણું અને પુખ્તપણું આવતાં જાય છે.

પણ સર્વને આમ બનતું નથી. સારા સંસ્કારમાં ઉછરેલાને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો ઘણે ભાગે એમ બને છે, પરંતુ કેટલાક મોટા થતા જાય છે તેમ દુરાગ્રહી, પોતાના અભિપ્રાય પર વધારે મક્કમ, પારકાના અભિપ્રાયને તુચ્છકારનાર અને વાતમાં પોતે જાણે ડહાપણ અને વ્યવહારકુશળતાના ખાં હોય એમ માનતા થઈ જાય છે. જેને દુર્ભાગ્યે શેઠાઇ કે પટેલાઇ સાંપડી હોય એને તો આવી અકડાઈનો વારસો મળે છે. જે ઓછે અધિકારે વધારે પડતું ભણી જાય છે, જેને ભણવાનો, જોવાનો કે જાણવાનો લાભ મળતો નથી, જે નાના વર્તુલમાં કેંદ્ર થઈને બેસી જાય છે, જેના સંયોગો વિશાળ વાતાવરણને સ્પર્શી શકતા નથી તેઓ વય વધતાં વધારે વધારે જક્કી થતાં જાય છે. અન્યને વિચાર કરતાં આવડતો જ નથી અને દુનિયાની અરધી ઝાઝેરી સમજણનો જેને ઇજારો હોય અથવા ધનવાનને ઘેર જન્મવાનો જેને શ્રાપ મળ્યો હોય તેને જક્કીપણું ખૂબ સાંપડવાનો સંભવ રહે છે. આવા મનુષ્ય પોતાના જીવનમાં નિરંતર બળ્યા કરે છે અને કદી ઠરી ઠામ બેસવાનો વારો આવતો નથી. લાયકાત વગર ધર્માધ્યક્ષપણું મળી જાય તેની પણ આવી જ દશા થાય છે અને અભણ ધનવાનની પણ એ જ સ્થિતિ થાય છે.

વયે મોટા થયા તે સર્વ વંદ્ય છે એમ માનવાનું કારણ નથી અને સર્વ મોટાઓ નકામા છે એમ ધારીને ચાલવા જેવું પણ નથી. જે વયને પચાવી શકયા હોય તે અનુસરવાને યોગ્ય છે. એ વંદ્ય હોવા ઉપરાંત નિરંતર સલાહ લેવા યોગ્ય હોઈ પૂછવાને સ્થાને છે.

" *Age makes some people wise, and others only stubborn.* " (*12–5–36*) *S. V.*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૯૧)

સારું મેળવવું એ પાશવતા છે;
સારું કરવું એ માણસાઈ છે;
સારા થવું એ દેવતાઇ છે.

બાળકને સારાં રમકડાં ગમે, સ્ત્રીઓને સુંદર કપડાં ગમે, લલનાઓને સારાં ઘરેણાં ગમે, વેપારીને જમે પાસાની રકમો (નફાની) ગમે, દુનિયામાં ઝૂકેલાંને ઘરનાં ઘર ગમે, બ્રાહ્મણને લાડુ ગમે, કોઈ કોઇને કાંઈ કાંઈ ગમે. એ વસ્તુઓ ઇંદ્રિયસેવન માટે, વિષયતૃપ્તિ માટે, ક્ષણિક પિપાસાને છિપાવવા માટે હોઈ પાશવીય છે, તમોગુણમાંથી ઉદ્ભવેલી હોઈ ઉચ્ચ દૃષ્ટિએ ત્યાજ્ય છે, ક્ષણિક આનંદ આપનાર હોઇ અશાશ્વત છે અને માન્યતાના આનંદને પોષનાર હોઇ નિરર્થક છે. જાણીતી કહેવત છે કે 'ખવરાવ્યું તે ખાધું અને ખાધું તે ખોયું.' વાતનો સાર એ છે કે જે વસ્તુ સ્થાયી હોય તે જ સ્થાયી લાભ આપે છે અને જ્યાં માત્ર પોતાનો જ વિચાર કરવામાં આવે છે ત્યાં નર્યું સ્વાર્થીપણું જ હોય છે. સ્વાર્થ એટલે પશુતા.

સારા માણસની સંપત્તિ પરોપકારને માટે જ હોય છે. કાગડો પણ જીવે છે અને અહીંતહીં ફરીને પેટ ભરે છે. પેટ ભરવું એ પાશવવૃત્તિ છે ત્યારે પરોપકાર કરવો એ માણસાઇ છે. મનુષ્ય અને જનાવરમાં મોટો તફાવત એ છે કે માણસ ધારે તો પરોપકારમય જીવન જીવી શકે. એ પોતાનો વિચાર ન કરે તો પણ ભૂખ્યો તો રહેતો નથી. પરોપકાર કરવામાં એવો આનંદ આવે છે કે એનું વર્ણન કરવું મુશ્કેલ છે. પરોપકારના વિચારમાં જ ભારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મોજ છે. માણસાઇ જ્યારે એના સ્વાર્થનો સંઘટ્ટ થાય ત્યારે જ જણાઇ આવે છે. પોતાને ભોગે જ્યારે એ પારકાનું ભલું કરવા નીકળે ત્યારે એ સાચો માણસ છે એમ સમજવું.

બાકી ખરી મહત્ત્વની વાત તો 'સારા થવા' ની છે. ખરેખર એ દૈવી ચીજ છે. ચારિત્ર ઉત્તમ રાખવું એ ખાસ મહત્ત્વની બાબત છે. સત્ય, પ્રમાણિકપણું, દાક્ષિણ્ય, ઔદાર્ય–વિગેરે ગુણો સ્વાભાવિક જ થઇ જવા ઘટે. સાચું બોલવું એ જીવનનો ભાગ જ બની જવો જોઇએ. કોઇના હક્ક પર ત્રાપ મારતાં અંદરથી અરેરાટી ઉત્પન્ન થવી જોઇએ, પારકી વસ્તુ લેતાં આંચકો આવવો જોઇએ, પરસ્ત્રીને જોતાં બહેનની ભાવના થવી જોઇએ, પરનિંદા કરવાની કલ્પના પણ ન થવી જોઇએ. ક્રોધ, માન, માયા, લોભ પર નૈસર્ગિક વિજય થવો જોઇએ અને સજ્જનતા, ઉચ્ચ આદર્શ અને અહિંસાવૃત્તિ વર્તન અને માનસમાં ઓતપ્રોત થઇ જવા જોઇએ. જેનું આવું જીવન થઇ જાય તે અહીં દિવ્ય સુખ માણી શકે છે, એનું મનોરાજ્ય અત્યંત ઉચ્ચ પ્રકારનું હોઇ અનુકરણીય બને છે અને એનો જીવન આદર્શ સાત્ત્વિક હોઇ એ અપવાદ વગરનો આનંદ અનુભવી શકે છે. આ મનુષ્ય જીવનમાં પશુજીવન જીવી શકાય છે, મનુષ્ય તરીકે રહી શકાય છે અને દિવ્ય જીવનની પ્રસાદી પણ મેળવી શકાય છે. કુશળ મનુષ્ય યોગ્ય વિચાર કરી પોતાના જીવનમાર્ગને યોજે.

" To get good is animal; to do good is human; to be good is divine. " (16–7–36) Martineau

P. P. Ac. Gunratansuriji M.S.   Jin Gun Aaradhak Trust

(૯૨)

"લોકોની તુચ્છતાથી તારે મૂંઝાવું નહિ; યાદ રાખ કે જો તારામાં મહાન્ ચીજો કરવાની મહત્તા નિર્માણ થઈ હશે, તો નાની બાબતો અવગણવા જેટલી વિશાળતા પણ તારામાં આવી જ ગઇ હશે."

કેટલાએ માણસો પાસે દીવાસળી (કાંડી) જેવી ચીજ માગશો, તો તેની પાસે હશે છતાં તે ના પાડશે. રસ્તા પર મોટરના અકસ્માતનો ભોગ બનેલ માણસના માથામાંથી લોહી વહી જાય છે, બીજો ધનવાન મોટરમાં આવે છે અને લોહી જોયા છતાં ખબર પૂછ્યા વગર કે મદદ કર્યા વગર રસ્તે પડે છે. કોઇ વિના કારણે અન્યની નિંદા કરે છે. કોઈ પારકો માણસ દાન કરતો હોય તેની પ્રશંસા ન સહન થવાથી ખોટાં સાચાં છીંડાં શોધી ટીકા કરે છે. મનુષ્યની તુચ્છતાના દાખલાઓનો પાર આવે તેમ નથી. ખાવું નહિ ને ઢોળી નાંખવું, ખોટી બડાઈ હાંકવી, પારકાં છિદ્ર શોધવાં, અદેખાઈ કરવી, દંભ કરી હૃદયમાં કાંઇ હોય, છતાં મુખેથી જુદું જ કહેવું, બીજા માણસોને લડાવી મારવા, પારકું ઘર બળતું જોઈ આનંદ માણવો, ચાડીચૂગલી કરવી–વિગેરે. આવી તુચ્છતાની નોંધ લઇએ તો પાર આવે તેમ નથી. દુનિયામાં જેમ ઊંડા ઊતરવામાં આવે છે તેમ વધારે ને વધારે કચરો દેખાય છે, પણ તારે આવી હલકી બાબતથી જરા પણ મૂંઝાવા જેવું નથી. તું અન્યની તુચ્છતા તરફ નજર કરવાને બદલે તારા પોતાના હૃદયમાં ઊંડો ઊતર, એટલે તને ઘણું આંતરનિરીક્ષણ થશે. તત્ત્વદર્શીની તો આ દશા હોય. એ બહાર જોવાને બદલે અંદર જુએ, એ સામાને જોવાને બદલે પોતાને જુએ, એ બાહ્ય ચક્ષુનો ઉપયોગ બંધ કરી અંતરચક્ષુને ઉઘાડે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી તો એને નવું દષ્ટિબિન્દુ જ સાંપડે છે. જો એનામાં મહાન કાર્ય કરવાની વિશાળતા હશે તો એના દષ્ટિબિન્દુમાં મોટો ફેરફાર થઇ જશે. એ અન્યની તુચ્છતા જોઇ તે પર વિચાર બતાવવાને બદલે એને નબળાઈ ગણી, પચાવતા શીખી જશે. એને મનમાં એમ થશે કે પોતે પારકાની તુલના કરનાર કોણ? એને લાગશે કે તેની પોતાની એટલી બાબત સંભાળવાની છે કે અન્યની તુચ્છતા વિચારવાનો કે એનાથી મૂંઝાઇ જવાનો એને સમય જ નથી. આપણે આપણું સંભાળીએ તો બસ છે. તત્ત્વચિંતક કે દીર્ઘદ્રષ્ટાની આ દશા હોય. એનામાં એટલી વિશાળતા હોય કે અન્યની તુચ્છતા પચાવી પણ એ જ જાણે. એને એટલી આર્ષદષ્ટિ પ્રાપ્ત થઇ જાય કે એ તુચ્છતાને યોગ્ય સ્થાન આપી, એનો વિકાસક્રમ સમજી, એનું મૂલ્યાંકન કરી નાખે. મહાન્ પુરુષોની વિભૂતિઓ મહાન્ જ હોય છે. યોગીઓના આદર્શો ભવ્ય હોય છે. એમના વિચારોમાં વિશાળતા હોય છે. વિશાળ જીવનોની વિહારભૂમિઓ વિશદ હોય છે. એ અન્યની લઘુતા દેખી કરુણા લાવે, પણ પોતાની ભૂમિકાથી ભ્રષ્ટ ન થાય. ઉપાયથી અસાધ્ય હોય તો મધ્યસ્થ રહે, પણ એની નૈસર્ગિક વિશાળતા એને નીચતાને માર્ગે ધકેલે નહિ. એના મનની નિશ્ચળતા એથી નષ્ટભ્રષ્ટ થાય નહિ. વિશાળતા કેળવી શકાય છે. કુશળ મનુષ્યને તે સુસાધ્ય છે.

" Let not the littleness of the people disturb you; remember that if you have been made big enough to do big things in life, you have been made large enough to overlook little things." (*18-7-36*) *John T. Moore*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૯૩)

" તમે બરાબર ભીંસણમાં આવી જાઓ અને દરેક બાબત તમારી
વિરુદ્ધ દેખાતી હોય, તમને લાગતું હોય કે હવે તો એક ક્ષણ
પણ વધારે નભાવી શકાય તેમ નથી ત્યારે તમે તમારી
મુદ્દામ બાબતને કદી છોડશો નહિ; કારણ કે તે વખત
અને સ્થળ એવાં છે કે જ્યારે ઓટનું ચક્કર પૂરું
થઈ ભરતીની શરૂઆત થાય. "

જીવનની ઝડીઓ ઓર ઓર પ્રકારની આવે છે અને જાય છે. કોઈ વખત બાગમાં અને કોઈ વખત જંગલમાં, કોઈ વાર મેદાને જંગમાં અને કોઈ વાર ઊંડી ખીણમાં, કોઈ વાર શિખર પર અને કોઈ વાર જમીન પર રગદોળાતાં—એવા પરિવર્તનમય સંસારમાં કોઈ વખત મહાન્ આફતમાં આવી ગયા તો તેથી થઈ શું ગયું ? જીવનમાં આફતો આવે છે, વાદળાં ચઢે છે, ચારે તરફ ઝંઝાવાત દેખાય છે અને ફેલાયેલી ધૂમસમાંથી રસ્તો દેખાતો નથી. આવી સ્થિતિ થાય ત્યારે પણ હિંમત હારવી નહિ, મનમાં વિચારવું કે ' એ દિવસ પણ જશે. ' આખી જિંદગી સુધી રાતની રાત રહેતી નથી. રાત પછી દિવસ આવે છે અને પ્રભાત થશે ત્યારે પક્ષીઓ કિલકિલારવ કરી મૂકશે અને નોબતો ગડગડશે. રાત બેસી રહેવાની નથી તેમ મૂંઝવણ સદાકાળ ચાલુ રહેવાની નથી. ભયંકર દરિયામાં પણ પાટિયું મળી જાય છે અને જ્યાં ચોતરફ ઘોર અંધકાર વ્યાપ્યો હોય છે ત્યાં પણ કોઈ તારણહાર કે માર્ગદર્શક જરૂર મળી આવે છે. આ દુનિયાનો જાણીતો ક્રમ છે અને એ આશાતંતુ ઉપર જીવન નિર્ભર થાય છે. પોતાની અગવડો કે ઉપાધિને ગણ્યા કરીએ તો તો એનો પાર આવે તેમ નથી અને એક પૂરી થાય ત્યાં બીજી તૈયાર જ હોય છે.

ખરી વાત એ છે કે પ્રભાત તો જરૂર થવાનું જ છે. માત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપણે જાણતા નથી કે ખ્હો કયારે ફૂટશે ? કદાચ આપણે તદ્દન હતાશ થઇ ન કરવાનું કરી બેસવાની તૈયારીમાં હોઇએ અથવા વાત છોડી દેવાના લગભગ નિર્ણય પર આવી ગયા હોઇએ તેની ર્બીજો જ પળે સંયોગો સુધરી જવાના હોય છે, માટે આ જીવનમાં કદી હારીને બેસી જવું નહિ, સુનિશ્ચિત નિર્ણયો ફેરવવા નહિ અને મુદ્દાસરના સાધ્યને ચૂકવું નહિ. કયાંથી પ્રકાશ આવશે અને કયારે પક્ષીઓ પ્રભાતનું ગાન આદરશે એ આપણે જાણતા નથી પણ પ્રભાત જરૂર થવાનું છે. કદાચ બહુ જ નજીકના, સમયમાં થવાનું હોય છે, માટે હિંમત હારીને બેસી ન જવું. સર્વ વસ્તુ સુધારનાર 'કાળ'–સમય છે અને વખત જતાં સર્વ આવી મળશે; માટે હતાશ થઇ વિપરીત કરી નાંખવું એનો પણ શો અર્થ છે ? કોઇ જગ્યાએ તારે માટે પલંગ પાથરી રાખ્યાં છે એવી ખાત્રી હોય કે મુશ્કેલીવાળી બાબતનો અન્ય રીતે નિકાલ થવાની તને કોઈ ખાત્રી (ગેરંટી) આપતું હોય તો તને ફાવે તેમ કર, બાકી સાચી વાત તો એ છે કે મુસીબતને માણવાની કળા કેળવ. એમાં પણ મજા છે અને એમાંથી નીકળી આવવાના પ્રયાસમાં ખરું પુરુષાતન છે. માખણમાં તો સૌ પાટુ મારે એમાં વિશેષતા નથી; ખરી કુશળતા અંતરથી ઘનઘોર ગર્જનાની વચ્ચે થડકયા વગર ઊભા રહેવામાં અથવા આગળ વધવામાં છે. એમાં જીવનના પરામર્શો છે. એમાં નૈસર્ગિક ઉન્નત ભાવ છે.

" When you get into a tight place, and everything goes against you, till it seems as if you could not go on a minute longer, never give up them, for that's just the place and time that the tide will turn."

(*8-1-35*) *H. B. Stove*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૯૪)

" ખરેખરું સાચું-વ્યાજબી શું છે તે વાતની સ્પષ્ટ ચોખવટ કર; તું તે કરી શકે તેમ છે કે નહિ તે જુદી વાત છે. વિચારસ્પષ્ટતા પછી બરાબર પ્રયત્ન કરીશ તો દરરોજ તે કરવાને માટે વધારે ને વધારે શક્તિ પ્રાપ્ત કરીશ. "

સાચું જાણવું, સાચાને સાચા તરીકે ઓળખવું અને ઓળખીને તેને ધારણ કરી રાખવું એ ખાસ મહત્ત્વની વાત છે. ઘણાખરા માણસોમાં તો વિચારની સ્પષ્ટતા જ હોતી નથી. એને પોતાની જાત પર વિશ્વાસ જ એટલો ઓછો હોય છે કે આ સાચું હશે કે તે ? એની ઘડભાંજમાં એ અટવાયા કરે છે; માટે પોતાને છેવટે હિત કરનાર શું છે ? સમાજને હિત કરનાર શું છે ? અને પ્રગતિસાધક શું છે ? એનો બરાબર નિર્ણય કરવો. સંક્ષેપમાં કહીએ તો દરેક મનુષ્યે પોતાના આદર્શની સ્પષ્ટતા કરવી. પોતાને કેવા થવું છે એનો નિર્ણય હોય તો દરરોજ બનતા નવા નવા પ્રસંગોમાં પોતાનો આદર્શ (પુરુષ-વ્યક્તિ) કેમ વર્તે ? એ સવાલ અંતરાત્માને પૂછી વર્તનનો નિર્ણય કરી શકાય.

સાચું અને વ્યાજબી શું છે ? એ વાતનો નિર્ણય કરતી વખતે પોતે તે પ્રમાણે કરી શકશે કે નહિ ? તે વાતને વચ્ચે ન લાવવી. સાચું તો ત્રણ કાળમાં સાચું જ રહેવાનું છે. આપણે તેમ ન કરી શકીએ તેથી સાચું ખોટું થતું નથી અને વ્યાજબી હોય તે ગેરવ્યાજબી ઠરતું નથી. આપણે સાચા ખોટાનો નિર્ણય એની નૈસર્ગિક મૂલ્યતા પર કરવો અને ત્યારપછી એ નિર્ણયને ધારણ કરી રાખવો. બનવાજોગ છે કે આપણે સાચાને વળગી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહેવાને શક્તિમાન ન હોઇએ, આપણા સંયોગો આપણને પામર બનાવી દેતા હોય, આપણું ધૈર્ય એટલી હદ સુધી વધેલું ન હોય; છતાં વિચારની સ્પષ્ટતા હશે તો આપણા આદર્શને પહોંચી વળવા થોડી ઘણી તાકાત પણ આપણે જરૂર પ્રાપ્ત કરશું.

વિચારસ્પષ્ટતા થયા પછી તો માત્ર અંદરની શક્તિનો જ સવાલ રહે છે અને આત્મા તો અનંત શક્તિનો ધણી છે. એણે મન પર લીધું કે અમુક કામ તેનું કર્તવ્ય છે તો પછી જેલ તેને મન મહેલ છે અને દુર્લંઘ્ય પર્વત તેના પગ નીચે અફળાય છે. એણે નિદાન મન પર લીધું તો એ કામ વહેલે કે મોડે પણ અંતે જરૂર થવાનું જ. કદાચ તુરતમાં ન થાય તો પણ એ કરવાની ધગશને લઇને એની નજીક નજીક તો સર્વદા જવાનું બનશે જ. સત્ય બોલવું એવો નિર્ણય કરો અને પછી જુઓ કે એ આદર્શે પહોંચતાં કેટલી વાર લાગે છે? દુકાન પર 'એક જ ભાવ' રાખો અને પછી જુઓ કે તમારામાં કેટલી તાકાત આવી જાય છે. વાત એટલી જ છે કે તમારા વિચારની સ્પષ્ટતા હોવી જોઇએ, તમારામાં સાચા ખોટાની તુલના કરવાની શક્તિ અકુંઠિત હોવી જોઇએ. તમારામાં ગમે તેટલા નુકશાને પણ સત્યપાલનની દઢતા હોવી જોઇએ અને તમને તમારી જાતિમાં પૂરો વિશ્વાસ હોવો જોઇએ. કુશળ મનુષ્ય સાચા આદર્શને વિવેકથી સમજે અને તેને પ્રાપ્ત કરવા– તેને પહોંચવા નિરંતર ઉદ્યમશીલ રહે. અંતે વિજય તેનો જ છે.

"Only be clear about what is finally right, whether you can do it or not; and every day you will be more and more able to do it if you try."

(25–9–39) *T. Ruskin*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૯૫)

" ભવિષ્યમાં શું થવાનું છે તેની પડપૂછ કરવાનું છોડી દે; અને આજે તને જે મળે છે તે ગનીમત છે એમ ધાર. "

જો ભવિષ્ય સાચે સાચું જાણી શકાતું હોય તો ઘણાખરાને માટે આ જિંદગીમાં જીવવા જેવું કાંઇ રહે નહિ. શું થશે તેનું અજ્ઞાન અને અચોક્કસપણું–એમાં જ જીવનની મોજ છે. આશાના તંતુ પર જીવન લટકી રહે છે. એક ટીપું મધ ચાખ્યા પછી મધ મળ્યા કરશે એવી આશામાં પ્રાણી લટકયા કરે છે. આ જીવનમાં બધા સરવાળા બાદબાકી પૂરા કરનારને માટે ભવિષ્યનું અજ્ઞાન એ જ બહુ સારું છે. એમ ધારો કે સાચો જોશી મળી આવે અને જણાવે કે છ માસમાં તમારું મૃત્યુ થવાનું છે! તો શું પરિણામ થાય? જે મેલા (મૃત્યુસમાચારના પત્રો) મરી ગયા પછી લખાય છે તે પહેલેથી લખાય અને લોકો–સગાસંબંધીઓ પહેલેથી દિલાસો આપવા આવે તેમ જ ભાઇશ્રી પોતે પણ છ મહિના મહાદુર્ધ્યાનમાં જ ગાળે. એના દુર્ધ્યાન–આંતરકલેશનું ચિત્ર દોર્યું હોય તો કરુણ રસનો એક નમૂનો થઇ પડે. આ સંબંધમાં કવિ દલપતરામની 'દૈવજ્ઞદર્પણ'ની બુક વાંચવા લાયક છે. તેણે તેમાં સાચા ને જૂઠા જોષીની હકીકત બરાબર સમજાવી છે.

માટે ભવિષ્ય જાણવાની ખટપટમાં પડવા જેવું નથી, એમાં કાંઇ મજા નથી, એમાં કશો રસ નથી. 'આજનો લાહો લીજીએ રે, કાલ કોણે દીઠી છે ?' વ્યવહારમાં તેમજ ધર્મમાં, બાહ્ય તેમ જ આંતરમાં આ વાત સાચી છે એમ ચોક્કસ માનવું. જો ભવિષ્ય સાચાં પડતાં હોય અથવા દવા અકસીર થઇ શકતી હોય તો 'જોશીનાં રાંડે નહિ અને વૈદ્યનાં મરે નહિ' પણ એમ થતું નથી,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ બતાવે છે કે એમાં કાંઇ તત્ત્વ જેવું છે અને તું વિચાર કરીશ તો તને તો ઘણું મળ્યું છે. શું નથી મળ્યું એનો કકળાટ કરવા કરતાં શું મળ્યું છે તેનો સરવાળો કરીશ તો તને આશ્ચર્ય થશે. પંચેંદ્રિયયુક્ત દેહ, મનુષ્યનો અવતાર, આર્યદેશ, ધર્મની સાનુકૂળતા, સમજવાની શક્તિ આદિ અનેક ચીજો મળી છે, શરીરનું સ્વાસ્થ્ય અને તે ઉપરાંત તને ઘર, સ્ત્રી, પરિવાર, વ્યાપાર વિગેરે જે મળ્યાં હોય તેનો વિચાર કર. એની સાથે આજે જે મળે તેમાં સંતોષ માન. મનોરથ ભટ્ટની ખાડ તો કદી પૂરાવાની નથી, પણ સંતોષ સમું સુખ નથી. જે મળે તેમાં આનંદ માનવો અને મળ્યું હોય તેનું મૂલ્ય સમજી તેને માટે અહોભાગ્ય માનવું. તેમ માનનારને આખી જીવનયાત્રામાં મોજ છે. ભવિષ્ય માટે તો જે થશે તે જોયું જશે અને પડશે તેવા દેવાશે. શાંતિથી આનંદ માનનારને સર્વ સંયોગોમાં મોજ છે અને ભવિષ્યની આપત્તિની કલ્પના કરીને કકળાટ કરનારને નવ નિધિ કે અષ્ટ મહાસિદ્ધિ પ્રાપ્ત થઇ હોય તો પણ એને ભાગ્યે તો નિસાસા અને દુઃખના જ દહાડા છે.

સમજુ માણસે ભવિષ્ય જાણવાની ખટપટમાં પડવા જેવું નથી. ભવિષ્ય સારું હોય તો તે જાણવાથી કાંઇ લાભ વધી જતો નથી. અને ખરાબ હોય તો આવતી કાલની આફત આજથી શરૂ થઇ જાય છે. અને વખત આવ્યે સર્વને ચાલ્યું જવાનું છે એ તો ચોક્કસ છે, માટે જે છે તેમાં આનંદ માન અને તારી આંતરપ્રગતિ માટે તારી આવડત અને અનુકૂળતાનો ઉપયોગ કર.

"Cease to inquire what the future has in store, and take as a gift whatever the day brings forth." S. V.
(4-2-35)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૯૬)

" જિંદગી ટૂંકી છે અને તે વખતની બરબાદીથી વધારે ટૂંકી થાય છે. "

જીવી જીવીને માણસ જીવે તો કેટલું જીવે ! ખૂબ ધડાકો મારી બોલી દઈએ તો સો વર્ષ ! અત્યારે તો પીસ્તાળીશથી આગળ વધે એટલે 'ઘરડા' કહેવાય છે અને **વન** વટ્યા તો જાણે ભાગ્યશાળી ગણાય છે. આધિ, વ્યાધિ, ઉપાધિ આદિ અનેક શત્રુઓ જીવનને ટૂંકું બનાવી દે છે અને છતાં કદાચ પૂરાં સો વર્ષ જીવાય તોયે ઘણાં કામ અધૂરાં રહી જાય છે. પોતાનાં સર્વ કાર્ય પૂરાં કરી, ખમતખામણાં કરી, વાનપ્રસ્થ થઇ, મરણની રાહ જોતાં બેસે એવા વીરલા તો જવલ્લે જ મળશે. કદી સાધારણ રીતે પચાસ સાઠ વર્ષ જીવ્યા તો તેમાં પણ શું ? પચીશેક વર્ષ તો તૈયારીમાં જાય અને બાકીનાં શોક, સંતાપ, જીવનકલહ અને ચિંતામાંથી મુક્ત વર્ષો ગણીએ તો વાતમાં કાંઇ માલ નથી–એવું આધેડ વય સુધી પહોંચનારને જરૂર લાગે તેમ છે. ગમે તે દૃષ્ટિ-બિન્દુથી જોઇએ તો જિંદગી ઘણી ટૂંકી છે એમ લાગ્યા વગર રહે તેમ નથી. આ કારણે મરવાની વાત ઘણાખરાને ગમતી પણ નથી અને વ્યવહારરસીઆને તો એ શબ્દનું ઉચ્ચારણ પણ અપશુકનથી ભરેલું લાગે છે; છતાં સર્વ કરતાં વધારે નિર્ણયવાળી હકીકત કોઇ પણ હોય તો મરણની છે.

આવા ટૂંકા જીવનની જે થોડી પળો મળે તેને યોગ્ય રીતે કરકસરથી ખરચવી જોઇએ. એને તો મુસીબતે સાંપડેલ ધનની પેઠે વાપરવી જોઇએ. એની સાથે નકામાં ચેડાં ન કઢાય. યાદ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાખવું ઘટે કે આવો અવસર, આવા સંયોગ, આવી જોગવાઈ ફરી ફરીને મળવાની નથી. તેમ જાણ્યા છતાં નકામી કુથળી કરવામાં, ગપ્પાં મારવામાં, પારકી નિંદા કરવામાં, ખાવાપીવાની ખટપટો કરવામાં, લોકોને લડાવી મારવામાં કે આળસમાં પડ્યા રહેવામાં એક ક્ષણ પણ કેમ જવા દેવાય ? માણસને એકનો એક દીકરો ઘડપણમાં સાંપડ્યો હોય તેના જેટલું એનું (સમયનું) જતન કરવું જોઇએ. **' ખીણુ લાખીણો જાય '** અને **' એક સમય પણ પ્રમાદ ન કર '**--આ સૂત્રોને હૃદય પર ચિતરી રાખવા ઘટે. અનેક વાર તકો મળી તે ગુમાવી છે, પણ આ વખત તો મળેલ તકનો લાભ લઇ લેવો છે એવો નિશ્ચય કરી એક ક્ષણ પણ નકામી ન જવા દેવી ઘટે. ' વખત એ તો સાચું ધન છે. ' એના સંબંધમાં જે ગાફેલ રહે તે મોડો મોડો પસ્તાય અને પછી તેનું પસ્તાવું નકામું થઇ પડે. ઘડીની રેતીના પ્રત્યેક કણુના મૂલ્ય છે અને એને મૂલવનાર જીવન જીવી જાણે છે. અતિ ટૂંકી જિંદગીને વખતની બરબાદી કરી સમજુ માણસ વધારે ટૂંકી ન જ કરે. વખતસર કામ કરનાર, નકામી બાબતમાં માથા ન મારનાર, સાધ્યને દૃષ્ટિ સન્મુખ રાખનાર, વ્યવહારમાં વધારા પડતો નકામો રસ ન લેનાર અને ઘડીઘડીનો તેમ જ પળપળનો હિસાબ રાખનાર આનંદથી જીવે છે, ટૂંકું પણ સુદ્દામ જીવન જીવે છે અને અવસર આવે ત્યારે આનંદગાન કરતો પંથે પડી જાય છે. કુશળ માણસ વખતની સાચી કિંમત કરે છે.

" *Life however short, is made still shorter by waste of time.* " (3-8-36) Johnson

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૯૭)

"આપણી ઇચ્છામાં આવે તે કરવાને આપણે આ દુનિયામાં આવ્યા નથી, પણ જે કરવાની આપણી ફરજ હોય તે કરવા માટે આવ્યા છીએ."

અંકુશ ન હોય તો ખાવામાં, પીવામાં, ઇંદ્રિયોના વિષયોના ઉપભોગમાં અને શક્તિ વેડફી નાખનારા કામોમાં આ પ્રાણી ઓછો ન ઉતરે. મુખ્યતાએ અંકુશ બે પ્રકારના હોય છે: એક પોતે જે વર્તુળમાં ફરતો હોય છે તેમાં પોતે માનભંગ થઇ જાય તેની આશંકાજન્ય અને બીજું વિચારશીલ–વિવેકી હોઈ પ્રત્યેક કર્મનું ફળ વહેલું યા મોડું ભોગવવું પડે છે એ ન્યાયની માનસિક ખાતરી-જન્ય. આવા બહારના અને અંતરના અંકુશ વગરનો જે મનુષ્ય હોય છે તેને તો '**જેણે મૂકી લાજ, તેને નાનું સરખું રાજ**' વાળી વાત થાય છે. એને કોઇ વાતની મર્યાદા હોતી નથી, કોઇ વિષય એને અગમ્ય નથી, કોઈ લાલચ પર અંકુશ મૂકવાની એનામાં તાકાત હોતી નથી કે એને તેની જરૂરીઆત લાગતી નથી. આવા સ્વભાન ભૂલેલાં, તાત્કાળિક ઇચ્છાને તૃપ્ત કરવામાં આનંદ માનનારા, ખાધું–પીધું કે ભોગવ્યું એ જ પોતાનું છે એવા જીવનવ્યવહારવાળા ક્ષણિક મોહમાં જીવન પૂરું કરી નાખી આખરે હારેલ જુગારીની જેમ રડતી આંખે અને ખાલી હાથે ચાલ્યા જાય છે અને તેમના જીવનપટ પર પડદો પડી જાય છે.

જાહેર જીવન લઇએ કે ખાનગી વ્યવહાર લઇએ, આપણા પ્રત્યેક જીવનપ્રસંગની પછવાડે કાંઇ પણ ઉદ્દેશ હોવો જોઇએ, કોઇ વિશિષ્ટ આદર્શ હોવો જોઇએ, કોઇ અપૂર્વ ભાવનાની સિદ્ધિ હોવી જોઇએ–એવા પ્રકારનું જીવન એ ખરું જીવન છે; બાકી તો નકામો ફેરો છે, અર્થવગરનો આંટો છે અથવા ઘાણીના બળદ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેવો પ્રગતિદર્શક ગોળ ચકરાવો છે. આપણા મનમાં આવે તે કરવાનો આ જીવનનો ઉદ્દેશ નથી, પણ આપણે જે કર્તવ્યભૂમિમાં મૂકાયા હોઈએ, તેને અંગે આપણને જે કર્તવ્ય પ્રાપ્ત થતું હોય તે ખૂબ આનંદથી કરવા આપણે આવ્યા છીએ. આપણા માબાપ તરફ, આશ્રિતો તરફ, શિક્ષાગુરુ તરફ, સંતતિ તરફ આપણી ફરજો છે. આપણો સમાજ આપણી આવડત જોઇ આપણી તરફથી અમુક કાર્યની આશા રાખે છે. આપણો રાષ્ટ્ર આપણી નાની મોટી સેવા માગે છે. આવી અનેક કર્તવ્યની વેદી ઉપર આપણે યથાશક્તિ સંયોગાનુસાર આપણો ફાળો આપવો ઘટે. કરવાનું હોય તે ખૂબ હોંશથી કરવું, આનંદથી કરવું, પ્રેમથી કરવું અને કર્તવ્ય સમજીને કરવું. કરીને કે વગરકર્યે અંતે જવાનું તો છે જ, તો પછી આપણે સમજુ હોઇએ કે વ્યવહારકુશળ હોઈએ તો સાધ્ય સન્મુખ રાખી, કર્તવ્યની નજરે ધપાવીએ તેમાં જ આપણને આનંદ હોઇ શકે. મનજીભાઇને રાજી રાખવા જઇએ, તો મનોરથ ભટ્ટનો ખાડો તો કદી પૂરાણો નથી અને કોઇએ પૂર્યો નથી. આપણું કર્તવ્ય તો આપણી ફરજની બજવણી છે. એ એક જ લક્ષ્ય હોય અને ગમે તેટલા ભોગે તેની પાલના થાય એટલે આપણે ત્યાં તો પુત્રજન્મ જેટલો આનંદ હોય. ઇચ્છાના દાસ થઇએ તો આપણું વહાણ ગમે તે ખરાબે અથડાઇ, ભાંગી ભૂક્કો થઇ જાય અને કર્તવ્યની વેદી પર પંચત્વ પામીએ તો પણ ' જય જય નંદા, જય જય ભદ્દા ' થાય. કર્તવ્યપાલન એ વિશુદ્ધ જીવનની સાચી કસોટી છે અને કુશળ જીવનનું સ્પષ્ટ પ્રદર્શન છે.

" We are not in this world to do what we wish, but to be willing to do that which is our duty to do. "
(1-8-36) Gounod.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૯૮)

" નીતિની નજરે સરસમાં સરસ ચીજ તો લાલચની નજીક રહેવું અને એ લાલચથી થાય તે કરી લે એમ કરવા દેવું એ જ છે; પણ તેનાથી ઊતરતા દરજ્જાની અને સર્વથી સલામત અને એકંદરે સર્વથી સારી ચીજ લાલચથી બને તેટલા દૂર રહીને તેને આધીન થવાની શકયતા ઓછી કરવી તે છે."

દુનિયા પર વિજય મેળવનાર અને ખરેખરું આત્મહિત સાધનાર મહાન્ વિભૂતિઓના બે વિભાગ પડે છેઃ એક **લાલચોની** વચ્ચે રહી તેની સામે મોરચા માંડે અને તેના પર વિજય મેળવે. ગમે તેવી સ્વરૂપવતી લાવણ્યવાળી સ્ત્રી હોય તે પણ એને લલચાવી શકે નહિ, વિકટ આક્રમણના પ્રસંગે એના મનની શાંતિ ભાંગે નહિ, લાખો રૂપિયાની લાંચ આપવા કોઇ આવે તેની સામું પણ એ જુએ નહિ, પણ ઊલટું એ માણસને કહે કે 'તારા જેવા આપનારા અનેક આવશે પણ મારા જેવો ના પાડનાર નહિ મળે.' એને દંભ ન હોય, અભિમાન ન હોય કે લોભ ન હોય. ગમે તેવા પ્રસંગો આવે પણ એ ત્રણ કાળમાં મન–વચન–કાયાને એકસરખી રીતે પ્રવર્તાવે અને ત્રણેની એકવાકયતા રાખે, એ સંસારમાં રહી પ્રત્યેક મનોવિકાર સામે લડે અને આકરા આકર્ષક કડવા–મીઠા પ્રસંગમાં પોતાનું વ્યક્તિત્વ નૈસર્ગિક રીતે જ જાળવી રાખે.

બીજા પ્રકારના મહાનુભાવો વિકારથી ડરી જંગલમાં ચાલ્યા જાય છે. એ ધનના, સ્ત્રીના કે પરિગ્રહના પ્રસંગમાં આવવા ઇચ્છતા નથી. પગને કાદવમાં ખરડી સાફ કરવાને બદલે એ પગ બગાડવાના પ્રસંગમાં જ આવતા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બેકન એક પ્રસંગે કહે છે કે કાચા હીરામાં એબ હોય, તેને ઘસતાં આવડે તો ઘસ અને એનું મૂલ્ય વધાર; પણ એને ઘસતાં ન આવડે, ઘસતાં આખો હીરો જ ઘસાઇ જાય તેમ હોય તો એને ઘસવો જ નહિ એ જ સારું છે.

એ પ્રમાણે દુનિયાની લાલચમાં પડતાં આપણે જ આખા તણાઇ જઇએ તેમ હોય, આપણું મનોરાજ્ય તેને તોડવા જેટલું બળવાન ન હોય તો તેના પ્રસંગમાં જ પડવા જેવું નથી. લાલચ-માંથી આબાદ પાર ઊતરવાની અને તે પણ તદ્દન અલિપ્ત રહેવાની અસાધારણ તાકાત હોય તો જ એમાં પડવા જેવું છે. કામદેવના ઘરમાં જઇ કામદેવને જીતી આવનાર શકડાલપુત્ર સ્થૂલભદ્ર જેવા તો કોઈ વીરલા નીકળે, બાકીનાને માટે તો એનાથી દૂર ભાગવામાં જ મજા છે. નહિ તો દુષ્કરકાર સિંહગુફા-વાસી મુનિ જેવી દશા જરૂર થાય.

આ બન્ને વર્ગના પ્રાણીઓ વંદનીય જ છે. તારું આત્મવીર્ય કેવા પ્રકારનું છે તેની તું તપાસ કર અને તારું સ્થાન શોધી લે. લાલચો ઉપર વિજય મેળવવો જ જોઇએ. કેવી રીતે ? તે માટે પોતાના વ્યક્તિત્વ પર આધાર રાખે છે. કુશળ માણસો પોતાની જાત પર માપક યંત્ર મૂકી પોતાને યોગ્ય રીતિએ કામ સાધી લે છે.

"The finest thing one can do, morally, is to live within arm's length of temptation, and let it alone; but the next finest thing, and the safest thing, and the least thing on the whole, is to decrease one's liability to temptation by increasing one's distance from it." (19-8-36)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૯૯)

" ઘણા માણસો સુખની શોધમાં આખી દુનિયા ફરી વળે છે, જ્યારે સુખ તો દરેકને સુલભ્ય છે. સંતુષ્ટ મન સર્વની ઉપર સુખ નાખે છે. સુખ વસ્તુ(પ્રાપ્તિ)માં નથી, વિચારમાં છે. "

સુખની ચાવી બહુ વિચિત્ર પ્રકારની છે. સુખ મેળવવાનાં વલખાંમાં માણસ લાંબી લાંબી મુસાફરી કરે છે, મોટી મોટી સફરો કરે છે, રાત–દિવસ કે ટાઢ–તડકો ન ગણતાં મોટી મજલો કરે છે અને અહીંતહીં ને સર્વત્ર સુખ મેળવવાનાં ફાંફાં મારે છે. એને પૈસાની પ્રાપ્તિમાં, મનોરથોની તૃપ્તિમાં, પદવીની પ્રાપ્તિમાં કે સ્થાનના સંસર્ગમાં દૂરથી સુખ દેખાય છે, પણ એ સુખની નજીક–સાધ્યની સન્મુખ પહોંચે તે પહેલાં તો તેનું સાધ્ય વધારે મોટું અને વધારે દૂર જ જતું જાય છે અને આજે લાખે તૃપ્તિ હોય તો પાંચે પંદરે દશ લાખે પણ એ ધરાતો નથી. મનોરથ ભટની ખાડ કદી પૂરાતી નથી, પૂરાણી નથી. આજનું સાધ્ય તે આવતી કાલનું આરંભબિન્દુ બને છે. ગમે તેટલી સ્ત્રી પરણે તો પણ એને સંતોષ થતો નથી અને ચાહે તેટલા બંગલા કે વાડી વજીફા મળે પણ એને નિરાંત થતી નથી. પછી એને એક જાતનો ક્લિષ્ટ નિર્વેદ થાય છે અને સમજાવા લાગે છે કે આ દુનિયામાં સુખ જેવી ચીજ છે જ નહિ. એને કોઈ રીતે અંતરની શાંતિ થતી નથી અને એ જેમ જેમ બાહ્ય વસ્તુની પ્રાપ્તિમાં વધતો જાય છે તેમ તેમ એનો અંદરનો વલોપાત પણ વધતો જાય છે.

ખરી વાત એ છે કે સુખ પૌદ્ગલિક વસ્તુ કે બાહ્ય માન–સન્માનની પ્રાપ્તિમાં નથી. મોટા રાજમહેલોમાં વસનારને સુખે ઊંઘ આવતી નથી, સુખ તો અંતરનો વિષય છે, વિચારનો વિષય છે, અંતર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માનસનો વિષય છે. પ્રાપ્તિના આનંદ કરતાં ત્યાગનો આનંદ વધારે જબરો–હજારો ગણો છે અને મનમાં લહેર હોય તો સાધારણ દડો જે મોજ આપે છે તે સોનાનો દડો આપી શકતો નથી. લેતાં આવડે તો આ સુખ પ્રત્યેક પ્રાણીને સહેલાઈથી મળી શકે તેમ છે. તેમાં શરત એક જ છે કે પોતાની વર્તમાન સ્થિતિમાં સંતોષ માનવો, સાદું જીવન જીવવાના કોડ સેવવા અને વિચારધારા ઉચ્ચ રાખવી. કોટ્યાધિપતિ શેઠ, સોદાગર કે રાજામહારાજા કરતાં વ્યવસ્થિત નાની ઓરડીમાં સંતુષ્ટ પત્ની સાથે રહેનાર ઘણી વાર વધારે સુખી હોય છે અને તેનું કારણ એ જ છે કે એને જે મળે તેમાં એને આનંદ છે અને એ નવાણુના ધક્કા પર ચઢેલ નથી. જગતમાં દુ:ખ હોય તો તે અસંતોષજન્ય જ છે. અસંતોષી મનુષ્યને ગમે તેટલી પ્રાપ્તિએ પણ સંતોષ થતો નથી.

સુખનો આધાર મનના વલણ પર છે. સંતોષ સમાન સુખ નથી અને લોભનો છેડો નથી. અંદર શાંતિ ન હોય તો દોડાદોડી આખી જિંદગી સુધી કરવામાં આવે તેમાં કાંઈ વળે તેમ નથી. જેમ તૃષ્ણા વધારે તેમ માનસિક દરિદ્રતા વધારે એ સમજાય તેવી વાત છે. સંતુષ્ટ મન રાખવું એ મોટો યોગ છે અને દક્ષતાથી પ્રાપ્ત થઈ શકે તેવો સીધો સરળ એનો માર્ગ છે. **કુશળ** માણસ એ સંતોષ દ્વારા પારાવાર સુખ મેળવે છે.

" Some fellow travels the world in search of happiness when it is within the reach of everyone. ***A*** *contented mind confers happiness upon all. Happiness does not consist in things, but in thoughts."* (*10-8-36*)

Mrs. L. Laing

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૧૦૦)

"તમારા પાડોશીને ચાહો, પણ તમારી વાડ તોડી નાખો નહિ."

વહેવારની વાત છે. ધારીએ કે બે ખેતરો પાડોશમાં આવેલાં છે. બન્નેની વચ્ચે વાડ છે. તમારા પાડોશી ખેતરવાળાને ચાહો, તેની સાથે પરિચય વધારો, તેને ખેતરે જાઓ, તેને તમારે ત્યાં તેડો–એ સર્વ સારી વાત છે; પરંતુ તમારે તેની સાથે ગમે તેટલો ભાઈચારો હોય તો પણ તમારા અને તેના ખેતર વચ્ચે વાડ છે એને તોડી નાખો નહિ. અત્યારે ગમે તેટલો સંબંધ હોય અને તે ચાલુ રહે એમજ સર્વ ઇચ્છે, પણ કાલની કોઇને ખબર નથી. કદાચ કોઇ કારણે તમારા પાડોશીની બુદ્ધિ ફરી કે તેનું અવસાન થયું તો તમારી અને તેની જમીન મુકરર કરનાર વાડનો નાશ કરવાને પરિણામે એવી અગવડભરેલી સ્થિતિ ઊભી થશે કે તમારા અત્યારના સંબંધ ઉપર પાણી ફરી વળશે.

આજના મિત્ર કાલે સામસામા શત્રુ થઇ જતા જોયા છે. ભાઇઓ જ્યારે લડે ત્યારે ગોળાનાં પાણી હરામ થતાં જોયાં છે. અક્કલ વગરની લડાઈમાં ઘંટીના બે પડની અરધો અરધ વહેંચણી થતી અનુભવાય છે. એવા સંયોગો થાય એમ ઇચ્છીએ નહિ, પણ આવી પડે તો તેના નિવારણ માટે તૈયારી તો જરૂર રાખીએ. કોઇને પુસ્તક વાંચવા જરૂર આપીએ, પણ તે પર આપણું નામ લખી રાખીએ; એટલે લઇ જનારમાં ગૃહસ્થાઇ હોય તો પાછું મોકલી આપે.

કુશળ માણસો લાંબી નજરે જોનારા હોય છે. એ કચવાટ, કંકાસ કે લડાઇ ઇચ્છે નહિ, પણ એ કદી થશે જ નહિ એવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માન્યતાના ધોરણે કદી કામ ન લે. દુનિયામાં વાડનો ઉપયોગ એક નથી. એનાથી બચાવ થાય છે, આક્રમણ અટકાવાય છે, મર્યાદાનો (હદનો) પુરાવો રહે છે અને જરૂર પડે તો ઘર સાચવીને બેસી શકાય છે. સ્વાર્થી થવું નહિ, પણ આપણી ઇચ્છા ન હોવા છતાં ભોળપણનો કોઇ ગેરલાભ લઇ જાય એવી સ્થિતિ પણ થવા દેવી નહિ. આપણી આંખ ઉઘાડી હોય અને કોઇ ગેરલાભ લઇ જાય તે જુદી વાત છે, પણ કોઇ આપણી આંખમાં ધૂળ નાખી જાય અને આપણને અક્કલહીન ગણે એ પરિસ્થિતિ કુશળ માણસની ન હોય; કારણ કે કુશળ મનુષ્ય અન્ય જનોનો પરીક્ષક હોય.

દુનિયામાં બહુ શીખવા જેવું છે. અનુભવે ઘણી વધારે વાતો જણાય છે. કેટલીક વાર દંભી માણસો મોટી મોટી વાતો કરી આંજી દેવા પ્રયત્ન કરે છે. તે વખતે સાવધાન રહેવા માટે જરૂર છે કે બધી વાતો કરવી, પણ આપણું ગાડું સંભાળીને કામ લેવું. કોઇને છેતરવો નહીં, પરંતુ તેની સાથે પોતે છેતરાવું પણ નહીં. છેતરવામાં ડહાપણ ગણાતું નથી, પણ મૂર્ખાઇ ગણાય છે, માટે કોઇ પણ કાર્યમાં આગળ જતાં પસ્તાવો થાય એમ વર્તવામાં ડહાપણ નથી. પાયાનું ડહાપણ હોય તેની ખરી કિંમત છે. ભીંત સાથે અફળાયા પછી અક્કલ આવે તે તો ગમારનું કામ છે. વ્યવહારમાં કુશળ માણસ હોય તે ભલે હજારોનું દાન કરે, પણ કોઇ તેની આંખમાંથી કણું કાઢી જાય એ તેને ન પાલવે. કારણ કે તેવા મનુષ્યને જગત મૂર્ખ ગણે છે, તેથી સમજણપૂર્વક વર્તે અને અન્યને આક્રમણ કર્યા વગર પોતાના હક્કો ઉપર બારીક નજર રાખે, તેમાં હાનિ થવા ન દે.

"Love your neighbour, but pull not down your hedge." (*5-11-36*) *E. N.*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બીજો વિભાગ
સમાપ્ત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust